




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સુખ અને દુઃખનો આધાર જ્ઞાન | ૧ |
| ૨. | માતૃસત્તા વિશેષાંક | ૨ |
| ૩. | દિવ્યજ્યોતિના અવતરણનો સમય | ૩ |
| ૪. | વિશિષ્ટ વર્ષમાં મહાશક્તિ અવતરિત થઈ | ૫ |
| ૫. | બાલક્રીડામાં ઝળકતી દિવ્ય ભાવનાઓ | ૬ |
| ૬. | ધ્યાનના ઊંડાણમાં દેખાયો ભૂતકાળ | ૮ |
| ૭. | આરાધ્ય સાથેના મિલનની ભાવ ભૂમિકા | ૧૦ |
| ૮. | માતૃત્વની સાથે અલૌકિક દામ્પત્ય નિભાવ્યું | ૧૨ |
| ૯. | આરાધ્યસત્તાની સાધનાસંગિની | ૧૪ |
| ૧૦. | શિવ અને શક્તિનું અદ્‌ભુત અંતર્મિલન | ૧૭ |
| ૧૧. | સંચાલક શક્તિનું લૌકિક પ્રાગટ્ય | ૧૯ |
| ૧૨. | ભાવભરી વિદાય લઈને શાંતિકુંજ આગમન | ૨૧ |
| ૧૩. | શાંતિકુંજનું સમગ્ર સૂત્ર-સંચાલન | ૨૩ |
| ૧૪. | પરદેશી પરિજનો પામ્યા ભાવભર્યા લાડપ્યાર | ૨૬ |
| ૧૫. | મહામિલન માટે મહાપ્રયાણની વેળા | ૨૮ |
| ૧૬ | કર્મસંન્યાસ અને કર્મયોગમાં કયો શ્રેષ્ઠ છે | ૩૦ |
| ૧૭. | ચેતનાની શિખરયાત્રા | ૩૪ |
| ૧૮ | સ્મરણશક્તિ વધારવાના અને બુદ્ધિ સતેજ કરવાના ઉપાય | ૩૬ |
| ૧૯. | સ્વાધ્યાય-એક અનિવાર્ય દૈનિક કૃત્ય | ૩૮ |
| ૨૦. | હાલના દિવસોમાં આ કરો | ૪૦ |
| ૨૧. | જગત જનનીની આજ્ઞા શિરોધાર્ય કરો | ૪૩ |
| ૨૨. | સુવર્ણ જયંતી વર્ષની એક મહત્ત્વપૂર્ણ સ્થાપના | ૪૬ |
| ૨૩. | સાત આંદોલનોની એકરૂપતા હવે જન-જન સુધી પહોંચે | ૪૮ |


## સુવર્ણ જયંતી-શપથ સમારોહમાં આવનાર પરિજન ધ્યાન આપે

*શરદ પૂર્ણિમા ૨૧ ઓકટોબરના આયોજિત સમારોહમાં આવનાર પરિજન કૃપા કરી એ જણાવે કે કયારે આવી રહ્યા છો, સાથે કોણ-કોણ પરિજન આવી રહ્યા છે, કયા વાહનથી આવી રહ્યા છો, પોતાના વાહનથી (બસ, જીપ, કાર) આવશો અથવા રેલગાડી કે રોડવેજ બસ દ્વારા આવશો. તેની પૂર્ણ વિગત સાથે જલ્દીથી જાણકારી આપશો.૧૯ ઓકટોબરની સાંજ સુધી જરૂર આવી જવા પ્રયત્ન કરશો, કૃપા કરી બધા પરિજન ભારતીય વેશભૂષામાં પીળા વસ્ત્રોમાં જ આવે.*

### સુવર્ણ જયંતી શપથ સમારોહનો કાર્યક્રમ :

***૨૦ ઓકટોબર ૨૦૦૨ :*** *પ્રાતઃ ૫ વાગ્યાથી ૨૪ કલાકના અખંડ જપ, સવારે ૯ વાગે કળશ યાત્રા.*

***૨૧ ઓકટોબર ૨૦૦૨ :*** *પ્રાતઃ ૫ વાગે ગુરૂદેવ તથા માતાજીની મૂર્તિઓની સ્થાપના, ૫.૩૦ થી ૧૦૮ કુંડી યજ્ઞશાળામાં યજ્ઞ પ્રારંભ, બપોરે ૨ વાગ્યાથી પ્રવચન પંડાલમાં ગોષ્ઠી, સાંજે ૭ વાગે ૨૪૦૦૦ વેદીય દીપ યજ્ઞ તથા સામૂહિક શપથ.*

***૨૨ ઓકટોબર ૨૦૦૨ :*** *પ્રાતઃ ૫ વાગ્યાથી યજ્ઞશાળામાં યજ્ઞ પ્રારંભ, પૂર્ણાહુતિ પછી વિદાય.*

*પરમ શ્રધ્ધેય પ્રાતઃ સ્મરણીય વંદનીય માતા ભગવતી દેવીના જીવનની એક-એક પળ અવિસ્મરણીય છે. તેમના જીવન પ્રસંગો અંગેનું લખાણ અનેક ગ્રંથોમાં પણ પૂર્ણ થઈ શકે એમ નથી.*

*વંદનીય માતાજીની પુણ્ય સ્મૃતિ ૨૫ સપ્ટેમ્બર પ્રસંગે આ અંક* **માતૃસત્તા વિશેષાંકનાં પૂર્વાર્ધ** *રૂપે પ્રકાશિત કરેલ છે. શેષ મહત્ત્વપૂર્ણ સંસ્મરણો આગામી અંકમાં પ્રકાશિત થશે. અમને વિશ્વાસ છે કે અમારા પ્રજ્ઞાપુત્રો તેનું અધ્યયન કરી લાભ ઉઠાવશે.*

## મહામંત્રલેખન અભિયાન માટે શ્રેષ્ઠ પુરૂષાર્થ

ગાયત્રી શક્તિપીઠ ક્રાંતિકુંજ, અમદાવાદ ૩૭૦૦, ગાયત્રી શક્તિપીઠ ભુજ-કચ્છ-૧૫૦૦, શ્રીમતી હર્ષિદાબેન આર. ત્રિવેદી, સરદારગંજ, આણંદ-૯૦૦૦, યુગ નિર્માણ સાહિત્ય વિતરણ કેન્દ્ર માંજલપુર, વડોદરા-૧૧૦૦૦, ગાયત્રી પરિવાર સરદાર પુલ, સુરત-૧૧૦૦, શ્રી પ્રમોદભાઈ જે. રાવળ, કારેલીબાગ, વડોદરા-૧૮૦૦, ગાયત્રી શક્તિપીઠ, બાયડ, સાબરકાંઠા-૨૫૦૦, ગાયત્રી શક્તિપીઠ, નર્મદાનગર, ભરૂચ-૨૪૦૦, ગાયત્રી ચેતના કેન્દ્ર, કતારગામ, સુરત-૧૧૦૦૦, શ્રી વિનોદભાઈ અંબાલાલ પટેલ, વણાકબોરી, ખેડા-૧૨૦૦, શક્તિકુંજ ગાયત્રી પરિવાર નરોડા, અમદાવાદ-૧૩૦૦, ગાયત્રી પરિવાર કરચેલીયા શાખા, ભરૂચ-૧૫૦૦, ગાયત્રી પ્રજ્ઞાપીઠ વિસનગર, મહેસાણા-૬૦૭૦, ગાયત્રી પરિવાર માંડવી, સુરત-૧૦૦૦, ગાયત્રી પરિવાર અકલેશ્વર-૫૪૦૦, ગાયત્રી પરિવાર ઊંઝા-૩૨૦૮, ગાયત્રી શક્તિપીઠ કલોલ-૫૦૦૦, શ્રી હરિશંકર પી. પંડયા, ડેરી લાઈન, ભાવનગર-૨૦૦૦, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ, અમદાવાદ-૧૦૦૦, અમૃતભાઈ સી. પટેલ, રિફાઈનરી રોડ, વડોદરા-૧૩૫૦, ગાયત્રી શક્તિપીઠ ઉનાઈ, નવસારી-૧૦૦૦, ગાયત્રી પ્રજ્ઞાપીઠ, ગણદેવી, નવસારી-૧૧૦૦, શ્રી અશોકભાઈ ઠક્કર, વિજાપુર-૩૦૦૦, ગાયત્રી શક્તિપીઠ અમરેલી-૨૦૦૦, શ્રી દલપતભાઈ આચાર્ય, ધાનેરા, બનાસકાંઠા-૨૧૦૦, ગાયત્રી પરિવાર તલોદ, સાબરકાંઠા-૧૦૦૦, ગાયત્રી પરિવાર બારડોલી-૧૫૦૦, ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર-૩૦૦૦, ગાયત્રી પરિવાર જામખંભાળિયા-૧૦૦૦, શ્રી ગજાનંદ એન્ડ કું. ગોસામહલ, હૈદરાબાદ-૨૦૦૦, ગાયત્રી પરિવાર વટવા, અમદાવાદ-૧૦૦૦, ગાયત્રી પ્રજ્ઞામંદિર ખેતીવાડી, આણંદ-૧૦૦૦, ગાયત્રી પરિવાર કોડીનાર, જુનાગઢ-૧૦૦૦, ગાયત્રી શક્તિપીઠ મહેસાણા-૧૦૫૦૦.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂ. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂ. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૯
પ્રકાશન તિથિ ૨૫-૮-૨૦૦૨
સપ્ટેમ્બર - ૨૦૦૨
એક અંક : રૂ. ૫-૦૦

## સુખ અને દુઃખનો આધાર જ્ઞાન

સંસારમાં જેટલું પણ દુઃખ, કંકાસ, રોગ, શોક, ભય તથા ગરીબી ફેલાયેલાં છે તેનું મૂળ કારણ અજ્ઞાન છે. મનુષ્યના હાડમાંસના શરીરમાં અન્ય વસ્તુઓ પશુઓ કરતાં પણ ખરાબ છે. એની એક જ વિશેષતા છે અને એના આધારે જ તે વિશ્વનો મુગટમણિ બન્યો છે, તે છે જ્ઞાન. આ જ્ઞાનશક્તિના શુદ્ધ કે અશુદ્ધ થવાથી જીવન સારું કે ખરાબ, સુખી કે દુઃખી થવાની શક્યતા રહેલી છે. સ્વર્ગ અને નર્ક કોઈ વિશેષ સ્થળો નથી, પરંતુ મનની બે વૃત્તિઓ છે. દુર્ભાગ્યવશ મગજ હંમેશાં ઈર્ષા, વેર, ચિંતા, ભય, શોક, ગરીબી અને મુશ્કેલીઓમાં ડૂબેલું રહે છે. જ્યારે સદ્ભાવનાઓને પોતાના સ્વભાવમાં યોગ્ય સ્થાન આપનાર વ્યક્તિ પોતાની ચારે તરફ પ્રસન્નતા, આત્મીયતા, પ્રેમ, શિષ્ટાચાર, સહયોગ તથા ઉદારતાનું વાતાવરણ જુએ છે અને સુખી તથા સંતુષ્ટ રહે છે. આ જ સ્વર્ગ તથા નર્ક છે. કુવિચારોનું ફળ ખરાબ કર્મ અને ખરાબ કર્મનું પરિણામ દુઃખ. આ જ નર્કનો રસ્તો છે. સારા વિચારોનું ફળ સારાં કાર્યો અને સારાં કર્મોનું પરિણામ સુખ. આ સ્વર્ગનું પગથિયું છે. સ્વર્ગ અને નર્ક બન્નેય આપણી મુઠ્ઠીમાં છે. એ કોઈ બીજું આપતું નથી, પરંતુ આપણે જાતે જ આપણા માટે જે ઈચ્છીએ તે પસંદ કરી લઈએ છીએ.

જેની અંદર આત્મિક વિવેક પૂરતા પ્રમાણમાં નથી, એવા ધનવાન લોકો તો ગરીબ લોકોથી પણ વધારે ચિંતિત અને પરેશાન રહે છે. ઊંચી મનોવૃત્તિવાળા ત્યાગી લોકો વસ્તુઓનો અભાવ હોવા છતાં સ્વર્ગીય આનંદનો અનુભવ કરે છે.

-ઋષિચિંતનના સાંનિધ્યમાં ગ્રંથમાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માતૃસત્તા વિશેષાંક મા

માના સ્નેહાળ સ્મરણથી આપણા બધાનાં મન તથા પ્રાણ એક અનોખા આનંદથી ભરાઈ જાય છે. અનેક અહેસાસ, અસંખ્ય અનુભૂતિઓ તથા અગણિત ભાવનાઓ અંતઃકરણના આંગણામાં વરસી પડે છે. અંતઃકરણમાં યાદોનાં ઘનઘોર વાદળો ઊમટે છે અને માના પ્યાર રૂપી જીવનજળને કરમાયેલા તરસ્યા પ્રાણો પર વરસાવી દે છે. એવું લાગે છે કે આપણી માતા કોઈ દૂરના લોકમાં નહિ, પરંતુ આપણી પાસે જ છે, એકદમ પાસે. એમના પાલવનો છેડો આપણને સ્પર્શી રહ્યો છે. એમના આશીર્વાદની છાયામાં આપણું જીવન સુરક્ષિત છે.

મા, તમારા સિવાય અમારું બીજું છે પણ કોણ ? વેળા-કવેળાએ અમે તમને જ પોકારીએ છીએ. જીવનમાં આવતા દરેક દુઃખમાં હે મા ! અમને ફક્ત તમારી જ યાદ આવે છે. આંસુભરી આંખો અને પીડાથી વ્યાકુળ અમારા જીવન માટે તમારી યાદ જ એકમાત્ર ઔષધિ છે. અમે સારી રીતે જાણીએ છીએ કે અમારી ઊણપો, કમજોરી, મૂર્ખાઈ તથા નાદાનીને એક તમે જ અણદેખ્યાં કરીને અમને અપનાવી શકો છો.

મા ! તમારી ક્ષમા અપાર છે. એની ન તો કોઈ સીમા છે કે ન કોઈ શરત. ક્ષમા આપવી એ તો તમારો સ્વભાવ છે. ફૂલોમાંથી ફેલાતી સુગંધની જેમ તમારી અંદરથી ક્ષમા વહે છે. હે ક્ષમાસ્વરૂપિણી મા ! સૃષ્ટિના સ્થૂળ કે સૂક્ષ્મ દરેક વિધાનમાં નાની-મોટી ભૂલ કે અપરાધ માટે કોઈ ને કોઈ સજા અવશ્ય હોય છે. સર્જનહારના કર્મફળના કઠોર વિધાનથી બધા બંધાયેલા છે. અરે, ખુદ સર્જનહાર પણ કર્મફળના વિધાનથી બંધાયેલા છે, પરંતુ હે ક્ષમામયી ! તમારી ક્ષમાની શક્તિથી જીવનનાં મહાપાપો પણ એક પળમાં નાશ પામે છે. આપની ક્ષમાશીલતા સૃષ્ટિનાં બધાંય વિધાનોથી અનેકગણી સમર્થ છે.

મા ! આ એકાક્ષરી મંત્ર જ અમારો પ્રાણ છે. અમારી ઉપર સદાય તમારી કૃપાની વૃષ્ટિ થતી રહે છે. જીવનમાં અલૌકિક અનુભૂતિના અનેક સુઅવસર આવ્યા છે. તમારી લીલાની કથાનું પુણ્ય સ્મરણ પણ આમાંનું એક છે. હે મા ! હવે એવી કૃપા કરો કે આ પુણ્ય કથા તમારા જ અમિત પ્રભાવથી અમને બધાં બાળકોને તમારી અવિરત ભક્તિનું વરદાન આપતાં આપતાં માતૃતત્ત્વનો બોધ કરાવી શકે.

❖ ❖ ❖

**રાવણ, કંસ, દુર્યોધન વગેરેએ જો આત્મસમીક્ષા કરી હોત, તો સહેલાઈથી પોતાની ભૂલોને સુધારીને સુખ-સૌભાગ્ય પ્રાપ્ત કરી શક્યા હોત, પરંતુ તે પ્રવૃત્તિના અભાવે એક પછી એક ભૂલો કરતા ગયા અને નાશ પામ્યા.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દિવ્યજ્યોતિના અવતરણનો સમય

દિવ્ય જ્યોતિના અવતરણની શુભ ઘડી નજીક આવી રહી હતી. માતૃતત્ત્વ માનવીય રૂપ અને આકાર લઈ રહ્યું હતું. આદિશક્તિનો યુગ શક્તિના રૂપમાં અવતરણનો સંકલ્પ સૂક્ષ્મજગતમાં થનગનાટ કરી રહ્યો હતો. સાંવરિયા બોહરે સમુદાય (આગ્રા)ના પં. જસવંતરાવ શર્માના કુટુંબમાં એનાં સ્પંદનો તીવ્ર ગતિથી થઈ રહ્યાં હતાં. ઘરના વાતાવરણમાં દિવ્યતાના કંઈક જુદા જ તરંગો પ્રત્યેક ક્ષણે પેદા થઈ રહ્યા હતા. એક અલૌકિક સુગંધ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. કુટુંબના બધા સભ્યોના મન તથા અંતઃકરણમાં ઉલ્લાસ પેદા થઈ રહ્યો હતો. દરેકને એક અજ્ઞાત આનંદ થઈ રહ્યો હતો.

છેલ્લા કેટલાક મહિનાઓથી થઈ રહેલાં આ પરિવર્તનોનો અનુભવ સૌથી પહેલાં જસવંતરાવને થયો. જસવંતરાવ ખૂબ સીધાસાદા આધ્યાત્મિક પ્રકૃતિના માણસ હતા. એમની સહધર્મિણી રામપ્યારી શર્મા પતિને અનુરૂપ જીવન જીવનારી ભક્તિવાન સ્ત્રી હતી. એમની કોમળતા તથા સેવાપરાયણતાની પ્રશંસા કરતાં ઘરના લોકો તથા સગાસંબંધીઓ થાકતા નહોતા. આડોશપાડોશની ઘરડી સ્ત્રીઓ વાતવાતમાં એમનું ઉદાહરણ આપતી હતી. અવારનવાર તેઓ કહ્યા કરતી, ‘‘જસવંતરાવની વહુને જુઓ. તે ઘર, કુટુંબ અને બાળકોની કેટલી બધી કાળજી લે છે અને છતાંય સાથે સાથે પૂજાપાઠ અને જપતપ પણ કેટલાં બધાં કરે છે !’’ એમની આ પ્રશંસા ખરેખર સાચી અને સાર્થક હતી.

આ બ્રાહ્મણ દંપતીના પવિત્ર ચરિત્ર અને તપપરાયણતા જોતાં એમ લાગતું હતું કે જાણે તે પ્રાચીનકાળનાં સુતપા અને પૃશ્નિ છે. બંનેને માતા ભગવતીની ઉપાસના તથા આરાધના અત્યંત પ્રિય હતી. જસવંતરાવ નિયમિત રીતે દેવી સપ્તશતીનો સંપૂર્ણ પાઠ કર્યા કરતા હતા. એમનું ઘર દરરોજ જગન્માતાના મહિમાગાનથી ગુંજી ઊઠતું હતું. સપ્તશતીના પાઠની સાથે સાથે ગાયત્રી મંત્ર તથા નવાર્ણ મંત્રમાં એમને ઊંડી શ્રદ્ધા હતી. ‘ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાય વિચ્ચૈ’ના જપ કરતાં કરતાં તેઓ ભાવલીન થઈ જતા હતા. દેવી સપ્તશતીનો પાઠ કરતી વખતે એમની આંખોમાંથી આંસુ સરી પડતાં. ક્યારેક રામપ્યારી પોતાના પતિને આ ભાવાશ્રુ વિશે પૂછતાં. પ્રશ્નના ઉત્તરમાં તેઓ ગદ્‌ગદ્ થઈને કહેતા, ‘‘જ્યારે હું પાઠ કરું છું ત્યારે મને લાગે છે કે મા નાનકડી બાલિકાના રૂપમાં મારી પાસે બેઠી છે. મંત્રજપ કરતી વખતે પણ આવું જ લાગે છે. ક્યારેક ક્યારેક તો એવું લાગે છે કે નાનકડી બાલિકાના રૂપમાં આવીને મા મારા ખોળામાં બેસી ગઈ છે.’’

પતિની આ વાતો સાંભળીને રામપ્યારી ભાવમગ્ન થઈ જતાં. એમને આમ ચૂપ બેઠેલાં જોઈને જસવંતરાવ પૂછતા, ‘‘તમે આમ ચૂપ કેમ થઈ ગયાં ?’’ એક-બે વાર પૂછતાં તેઓ ધીરેથી કહેતાં, ‘‘આજકાલ મને પણ ખૂબ વિચિત્ર સ્વપ્નો આવે છે. હમણાં એક-બે દિવસ પહેલાં જ મેં એવું સ્વપ્ન જોયું કે હું હિમાલય પર છું. શ્વેતશુભ્ર હિમશિખરો ખૂબ ભવ્ય લાગી રહ્યાં હતાં. તે હિમશિખરો પર એક દેવી પ્રગટ થઈ. તે ખરેખર જ દેવી હતી. ધીમે ધીમે તે નાનકડી બાલિકા બનીને મારો હાથ પકડીને બોલી, ‘‘મા, હું તમારે ઘેર આવવાની છું.’’ એક સ્વપ્નું તો મેં આજે જ જોયું. સ્વપ્નામાં નાની નાની આઠ છોકરીઓ એક ખૂબ સુંદર અને વહાલી છોકરીને લઈને મારી પાસે આવી અને કહેવા લાગી કે અમે બધાં આ છોકરીને તમને સોંપવા આવ્યાં છીએ. આજથી તમે જ એની મા છો. સાથે સાથે અમારી પણ મા છો, કારણ કે અમે બધા તો એનો જ અંશ છીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પત્નીની આ વાતો સાંભળીને જસવંતરાવ થોડીક ક્ષણો માટે અંતર્લીન થઈ ગયા. એમને ખબર હતી કે પત્ની ગર્ભવતી છે, પરંતુ આ સ્વપ્નો એમને ગર્ભની દિવ્યતા જણાવતાં હોય એમ લાગતું હતું. ઘરના વાતાવરણમાં પણ આધ્યાત્મિકતાનાં ચિહ્નો તેઓ ઘણા દિવસથી અનુભવી રહ્યા હતા. એમને લાગતું હતું કે એમના જીવનમાં કોઈ દિવ્ય ઘટના બનવાની છે. એમને આ રીતે ચૂપ જોઈને રામપ્યારી બોલ્યા કે તમે આમ ચૂપ કેમ છો ? કશું કહેતા કેમ નથી ? પત્નીના પ્રશ્નોથી એમના ચિંતનની કડીઓ વિખરાઈ ગઈ. પોતાની ભાવદશામાંથી બહાર આવતાં તેમણે રામપ્યારીને કહ્યું, "મને લાગે છે કે આ વખતે માતા ભગવતી જગદંબા મારી પર, તમારી પર તથા આખા પરિવાર પર કૃપા કરવા માટે અવતરિત થઈ રહ્યાં છે."

જસવંતરાવની આ વાતો સાંભળી રામપ્યારી ભાવવિહ્વળ થઈ ગયાં. એમની આંખો છલકાઈ ઊઠી. એમણે મનમાં ને મનમાં આદ્યશક્તિ જગદંબાને પ્રણામ કર્યા અને ઊભાં થઈ ગયા. એમને હજુ ઘરનાં ઘણાં કામ કરવાનાં હતાં, પરંતુ આજે તેઓ કામ કરતે કરતે અનુભવી રહ્યાં હતાં કે તેમની અંદર એક આનંદધારા વહી રહી છે. એનાથી એમનું રોમેરોમ, અણુએ અણુ ભીંજાઈ રહ્યો છે. કામ કરતે કરતે વચ્ચે એમણે પોતાના બંને પુત્રો દીનદયાળ અને સુનહરીલાલ તથા પુત્રી ઓમવતીને ભરપૂર પ્રેમ કર્યો. કદાચ તે પોતાની અંદર વહેતી આનંદરૂપી સરિતાના પ્રવાહને પોતાનાં બાળકોમાં પણ રેડી દેવા ઈચ્છતાં હતાં.

રાત્રે સૂતી વખતે દિવ્ય ભાવાનુભૂતિએ એમને ફરીથી ઘેરી લીધાં. એમને લાગ્યું કે દિવ્યલોકના દેવો, દેવીઓ, સૂક્ષ્મ શરીરધારી ઋષિ અને સિદ્ધ પુરુષો એમના ગર્ભ પર પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. હવે તો આ નિત્યનો ક્રમ બની ગયો હતો. ગર્ભાધાનનો સમય જેમ જેમ પૂર્ણતા તરફ આગળ વધતો હતો તેમ તેમ આ ભાવાનુભૂતિ વધારે ને વધારે ગાઢ બનતી જતી હતી. એમની નિર્મળ અંતર્ચેતના વધારે ઉજ્જવળ પ્રકાશથી ઝગમગતી હતી.

કાળચક્રની વધતી ગતિની સાથે એ દિવ્ય મુહૂર્ત આવી ગયું, જેને દેવો તથા ઋષિઓએ નક્કી કર્યું હતું. જેની પ્રતીક્ષા ફક્ત જસવંતરાવ તથા રામપ્યારીને જ નહીં, પરંતુ સંપૂર્ણ વિશ્વમાનવતાને હતી. આસો વદ ત્રીજ સંવત ૧૯૮૨, ૨૦મી સપ્ટેમ્બર ૧૯૨૬ના દિવસે સવારે લગભગ આઠ વાગે દિવ્યજ્યોતિએ જન્મ લીધો. પંડિત જસવંતરાવ શર્મા એ વખતે દેવીના નવાર્ણ મંત્રના જપ કરી રહ્યા હતા. એમના ધ્યાનમાં માતાની છબી પ્રત્યક્ષ હતી. એમના હૃદયના ઊંડાણમાં રહેલી આદ્યમાતા એમને આશીષ આપી રહી હતી. એટલામાં જ કોઈ વૃદ્ધ મહિલાના શબ્દો સંભળાયા કે લેડી લોયલ હોસ્પિટલમાં બરાબર આઠ વાગે કન્યા જન્મી છે, પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે આ સમાચારની સાથે એમના હૃદયમાં કંઈ બીજું પણ ગુંજી ઊઠ્યું.

એમણે ખૂબ જ સ્પષ્ટ રીતે પોતાના હૃદયમાં શ્રી દેવ્યથર્વશીર્ષમ્‌નો આ મંત્ર સાંભળ્યો - અહમાનન્દાનન્દો । અહં વિજ્ઞાનાવિજ્ઞાને । અહં બ્રહ્માબ્રહ્માણી વેદિતવ્યે । અહં પંચભૂતાન્યપંચભૂતાનિ । અહમખિલં જગત્ । અર્થાત્ હું આનંદ અને આનંદરૂપા છું. હું વિજ્ઞાન અને અવિજ્ઞાનરૂપ છું. અવશ્ય જાણવા યોગ્ય બ્રહ્મ અને અબ્રહ્મ પણ હું જ છું. પંચીકૃત અને અપંચીકૃત મહાભૂત પણ હું જ છું. આ સમગ્ર દશ્ય જગત હું જ છું. આ મંત્રધ્વનિને પોતાની અંતર્ચેતનામાં સ્પષ્ટરૂપે સાંભળતાં જસવંતરાવને ખાતરી થઈ ગઈ કે આદ્યમાતાએ પોતાના આગમનની સાથે જ એમને પોતાનો પરિચય આપી દીધો છે. તેઓ આદિમાતાને પ્રણામ કરીને પૂજાના આસન પરથી ઉઠ્યા અને કપડાં બદલીને લેડી લોયલ હોસ્પિટલ તરફ ચાલી નીકળ્યા. એમને પોતાના જ્યોતિષ જ્ઞાનની સાર્થકતા પણ સાબિત કરવાની હતી.

▼ ▼ ▼



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિશિષ્ટ વર્ષમાં મહાશક્તિ અવતરિત થઈ

પિતાનું જ્યોતિષનું જ્ઞાન પુત્રીને ખોળામાં લેતાની સાથે જ સાર્થક થઈ ગયું. એમણે કન્યાના જન્મના મુહૂર્ત પર મનમાં ને મનમાં વિચાર કર્યો. હોરા, લગ્ન, ગ્રહોની યુતિ અને એમની ભાવદશાની બાબતમાં ગણતરી કરી તો એમના ચહેરા પર પ્રસન્નતા ઝળકી ઊઠી. જ્યોતિષની ગણતરી એક પછી એક એ તથ્યો તરફ સંકેત કરતી હતી કે જેનો આભાસ એમને પોતાની ધ્યાનસ્થ ચેતનામાં થયો હતો. સાધનાકાળમાં અને જ્યોતિષવિદ્યાના ઊંડા અવલોકન વખતે એમને વારંવાર એ તથ્યની અનુભૂતિ થતી હતી કે ઈ.સ. ૧૯૨૬નું વર્ષ મહાન આધ્યાત્મિક શક્તિના અવતરણનું વર્ષ છે, પરંતુ એ શક્તિ કેવી રીતે ક્યાં અવતરશે એ પ્રશ્નોના જવાબ તેઓ શોધી શકતા ન હતા.

જો કે એમની સાધનાત્મક અને જ્યોતિષની અનુભૂતિઓનો ઈતિહાસ સાક્ષી બની રહ્યો હતો. એ વર્ષની વસંતપંચમીએ મહાન આધ્યાત્મિક ઘટના બની હતી. પરમપૂજ્ય ગુરુદેવે (પંદર વર્ષના શ્રીરામે) પોતાના હિમાલયવાસી મહાગુરુદેવના માર્ગદર્શનમાં અખંડ સાધનાદીપ પ્રજ્વલિત કર્યો હતો. એમની ચોવીસ લાખનાં ચોવીસ મહાપુરશ્ચરણોની શૃંખલા આ વર્ષે જ શરૂ થઈ હતી. આ ઉપરાંત શ્રી અરવિંદ આશ્રમ, પોંડીચેરીમાં મહાયોગી અરવિંદ પૂર્ણયોગની વિશેષ સિદ્ધિનું અવતરણ કરવામાં સફળતા પ્રાપ્ત કરી રહ્યા હતા. એ વર્ષના છેલ્લા મહિનાઓમાં જ અતિમાનસિક ચેતના ધરતી પર અવતરી હતી અને મહાયોગી અરવિંદ અતિમાનસિક ચેતનાના અવતરણ માટે સંપૂર્ણ એકાંતવાસમાં જતા રહ્યા હતા.

જે આધ્યાત્મિક શક્તિના અવતરણના સાક્ષી આજે જસવંતરાવ હતા તે ઉપરોક્ત બંને ઘટનાઓ કરતાં અનેકગણી વધારે વિશિષ્ટ હતી કારણ કે એમાં આધ્યાત્મિક મહાશક્તિએ પોતે જ સ્થૂળદેહ ધારણ કરીને અવતાર લીધો હતો. આદ્યમાતા પોતે જ પોતાની લીલાભૂમિમાં પ્રગટ થઈ હતી. નીલગગનમાં સૂર્યદેવ ખૂબ સુખદ આશ્ચર્યથી આ દૃશ્ય જોઈ રહ્યા હતા. એમને પોતાનાં કરોડો કિરણોથી સદ્ય અવતરિત જગદંબાનું અર્ચન-વંદન કરવાનું સૌભાગ્ય મળી રહ્યું હતું. સમગ્ર વાતાવરણમાં આજે એક સ્નિગ્ધ શાંતિ, શીતળતા અને મધુર સુવાસ વ્યાપી ગઈ હતી. ધરતીનો આ નાનકડો ખૂણો તીર્થભૂમિ બની ગયો હતો. અહીં એક જ પળમાં અનેક પરિવર્તનો થઈ ગયાં હતાં.

જસવંતરાવની ભાવનામાં કોઈ પરિવર્તન થયું નહોતું. તેઓ તો સુરભિભરી ફૂલની ડાળીની જેમ કમનીય કાંતિ ફેલાવતી પોતાની કન્યાને ખોળામાં લઈને બસ જોયા જ કરતા હતા. જો પાડોશી મહિલા એમને ના ટોકત તો તેઓ કોણ જાણે ક્યાંય સુધી એમાં જ ખોવાયેલા રહેત. ''આ છોકરીમાં એવું શું છે કે તેને ક્યારનાય જોયા કરો છો ?'' આવું પેલી સ્ત્રીએ કહ્યું ત્યારે એમની ભાવસમાધિ તૂટી અને તેઓ ખૂબ આનંદિત અવાજે બોલ્યા, ''આ છોકરી ખૂબ જ ભાગવતી છે. તે હજારો લોકોને પેટ ભરીને ખવડાવશે.'' થોડીવાર વિચાર કર્યા પછી કહેવા લાગ્યા, ''આ તો બધાના ભાગ્યને ઘડનારી ભગવતી છે.''

પાડોશી સ્ત્રીને એમની આ ગૂઢ વાતો સમજાઈ નહીં. તે તો બસ સામાજિક પરંપરા તથા માન્યતા અનુસાર એટલું જ જાણતી હતી કે પુત્ર જન્મે તો સારું અને છોકરી જન્મે તો ખરાબ. એને સમજાતું જ નહોતું કે ઘરમાં પુત્રીનો જન્મ થયો, છતાં જસવંતરાવ આટલા બધા ખુશ કેમ છે. એમની વાતો પરથી એને માત્ર એટલું જ સમજાયું કે એમણે પોતાની પુત્રીનું નામ ભગવતી રાખ્યું છે. એણે જસવંતરાવના ખોળામાંથી પુત્રીને લઈને હોસ્પિટલના એક ઓરડામાં સૂઈ રહેલી માની પાસે સુવડાવી દીધી. આ નામ કન્યાની માતાએ પણ સાંભળ્યું. તેમણે ખૂબ પ્રેમથી પોતાની પુત્રી તરફ જોયું. સદાય હસમુખી ચંચળ એ નાનકડી બાલિકાનાં સસ્મિત નેત્રોમાં જાણે કોઈક સંમોહક શક્તિ હતી, જે જોઈને તેઓ વિચારવા લાગ્યાં, ''અહાહા ! કેટલી સુંદર આંખો છે, જાણે કે દેવીની આંખો ન હોય ! મારી આ પુત્રી ખરેખર માતા ભગવતી છે.'' માતાની મમતા તથા પિતાના સ્નેહમય લાલનપાલનમાં ભગવતી ચંદ્રની કળાઓની જેમ દિવસે દિવસે મોટી થવા લાગી. સ્વજનોની સાથે એનું બચપણ વીતવા લાગ્યું.

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બાલક્રીડામાં ઝળકતી દિવ્ય ભાવનાઓ

ભગવતીની બાલક્રીડીમાં એમની દિવ્યતાની ઝલક દેખાતી હતી. અનેક રમતોમાં એમની પ્રિય રમત હતી 'શિવપૂજા'. આ રમત દિવસમાં ઓછામાં ઓછી એકવાર તો રમતાં જ. ક્યારેક તો તેઓ આ રમત દિવસમાં બેથી વધારે વાર પણ રમતાં. રતમની શરૂઆત મહાદેવની મૂર્તિ (લિંગ) બનાવવાથી થતી. તેઓ પોતાની બેન ઓમવતી તથા બહેનપણી સુખમતીની સાથે માટીનું શિવલિંગ બનાવતાં. એની વિધિવત્ સ્થાપના કર્યા પછી ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય તથા બીલીપત્રથી પૂજાનો ક્રમ ચાલતો. આ પૂજા ખૂબ ભક્તિ તથા પ્રેમથી કરતાં. પૂજન પછી બધાં ભગવાન શિવના પંચાક્ષરી મંત્ર 'ૐ નમઃ શિવાય'નો જપ કરતાં.

આ રમતમાં ભાગ લેનારી બીજી બાલિકાઓના જપ તો થોડીકવારમાં જ પૂરા થઈ જતાં, પરંતુ ભાવસમાધિમાં ડૂબી ગયેલાં ભગવતી તો ઘણા લાંબા સમય સુધી 'ૐ નમઃ શિવાય'ના જપ કરતાં. ક્યારેક તો એમાં કલાકો વીતી જતા. સાથી બાલિકાઓ થાકી તથા કંટાળી જતી. ક્યારેક તો ભગવતીને એકલાં મૂકીને ચૂપચાપ ભાગી જતી. એ દિવસે અથવા તો બીજા દિવસે જયારે તેઓ ફરીથી મળતાં તો તેઓ પૂછતી કે તેને શિવપૂજા કરતી વખતે અચાનક શું થઈ જાય છે ? જપ કરવા માટે આંખો બંધ કરીને બેઠા પછી ઉઠવાનું નામ જ નથી લેતી. અરે ભાઈ, પૂજા તો અમે પણ તારી સાથે કરીએ છીએ, પરંતુ આ રીતે અમે હોશ ખોઈ બેસતાં નથી. આના જવાબમાં ભગવતીના બાલમુખ પર હળવું રહસ્યમયમય સ્મિત ફરકી જતું.

એ હળવા સ્મિતમાં જે કાંઈ છુપાયેલું હોય તેને એમની સાથે રમતી બાલિકાઓ કદી જાણી શકતી નહોતી. કોઈને પણ ખબર નહોતી પડતી કે આ પૂજા તો મહાશક્તિની પોતાના આરાધ્યદેવ મહાશિવ પ્રત્યેના આંતરિક અનુરાગની અભિવ્યક્તિ છે. આ પૂજામાં 'પ્રીતિ પુરાતન લખૈ ન કોઈ' વાળી કહેવત સાર્થક થતી. ક્યારેક એમનાં મોટાં ભાભી એમને પૂછતાં, "લાલી, તું આટલી બધી પૂજા શા માટે કરે છે ? જયારે જુઓ ત્યારે ભગવાન શિવના ચિત્ર યા મૂર્તિ સામે આંખો બંધ કરીને બેસી રહે છે." ભાભીના આ સવાલોના જવાબમાં તેઓ માત્ર હસતાં અને કહેતાં, "અરે, હું કાંઈ પૂજા ઓછી કરું છું ? આ તો બસ એક રમત છે. મને બધી રમતોમાં આ રમત સૌથી વધારે ગમે છે." એમની આ વાતનો કોઈની પાસે બીજો કોઈ જવાબ નહોતો અને દરરોજ આ રીતે તેમની રમત ચાલુ રહેતી.

આ ક્રમમાં નવીનતા લાવવા માટે તેઓ પોતાના પિતા જસવંતરાવની મદદ લેતાં. તે એમને શિવપુરાણની કથાઓ સંભળાવવાનો આગ્રહ કરતાં. ભગવાન શિવની લીલાઓ સાંભળવાનું એમને ખૂબ ગમતું. ભગવાન મહાકાળના દિવ્ય ચરિત્રનું શ્રવણ કરવાથી એમના મન, પ્રાણ તથા અંતરાત્માને ખૂબ આંનંદ થતો હતો. તે વારંવાર એ સંભળાવવાનો આગ્રહ તથા વિનંતી કરતાં. જસવંતરાવ પણ પોતાની લાડલી દીકરીને ખૂબ રસપૂર્વક મહાશિવની કથાઓ સંભળાવતા, પરંતુ એમને કદી એવું નહોતું લાગતું કે ખુદ લીલામયી મહાશક્તિ એમની સામે બાલસ્વરૂપે બેસીને પોતાના આરાધ્યનું ચરિત્ર સાંભળી રહી છે. આ આંતરિક ભાવસત્યથી બધાં અજાણ હતાં. પ્રત્યક્ષ સત્ય તો બસ એટલું જ હતું કે વકતા અને શ્રોતા બંને ભગવાનની લીલાઓ કહેતાં અને સાંભળતાં ભક્તિરસમાં ડૂબી જતા.

આ શિવલીલાઓનો કોઈ ને કોઈ અંશ બીજા દિવસની શિવપૂજામાં જોડાઈ જતો. ક્યારેક એમાં શિવરાત્રિનો પ્રસંગ જોડાતો તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યારેક એમાં શિવવિવાહની કથા જોડાતી. આ રીતે ખેલમાં નવીનતા આવતી. સાથે રમનારી બાલિકાઓનો ઉત્સાહ પણ વધી જતો. બધાને રમત માટે જોરશોરથી તૈયારી કરવી પડતી. એમની બાલસખી સુખમતી તો એમની સહચરી જ નહિ, અનુચરી પણ હતી. એને તેઓ પ્યારથી સુખમન કહીને બોલાવતાં. પોતાની પ્રિયસખી ભગવતીને ગમે એવું જ સુખમન કરતી. ભગવતીની સાથે રહેવાના કારણે એને પણ શિવપૂજામાં શ્રદ્ધા વધી ગઈ હતી. શિવપૂજાના દરેક કાર્યમાં એને પણ આનંદ આવતો.

બાલિકા ભગવતીને તો આ રમતમાં અનેક પ્રકારની દિવ્ય અનુભૂતિઓ થવા લાગી હતી, જેનો અર્થ તથા રહસ્ય હજુ પૂરેપૂરી રીતે પ્રગટ થઈ શકતાં નહોતાં. શિવપૂજન કરતી વખતે તેઓ જ્યારે ભાવમગ્ન બની જતાં ત્યારે એમની અંતઃચેતનામાં અનેક પ્રકારના દૃશ્યો દેખાતાં. એમને એવું લાગતું કે ભગવાન શિવે એક ગૌરવર્ણવાળા લાંબાપાતળા યુવકનું રૂપ લીધું છે. એ યુવકની છબી પહેલાં તો ધૂંધળી લાગતી, પણ પછી સ્પષ્ટ થઈ જતી. એ યુવક એમને મોટેભાગે એક ઓરડીમાં પૂજાવેદી પર સળગી રહેલા દીપકની સામે ધ્યાનમાં બેઠેલો દેખાતો. એના મુખમંડળ પર એમને અપૂર્વ તેજસ્વિતા લાગતી. આ દૃશ્યને જોઈને વારંવાર એમના અંતર્મનમાં વારંવાર દેખાતું.

તેઓ આ દૃશ્યને જોઈને વારંવાર આશ્ચર્યમાં પડી જતાં. એમને થતું કે શિવપૂજા કરતાં કરતાં એમને આ કેવી વિચિત્ર અનુભૂતિ થાય છે. ક્યારેક એવું થતું કે ભગવાન શિવે પોતે તો અવતાર નથી લઈ લીધો ને ? પોતાની સૃષ્ટિમાં યુગપરિવર્તન કરવા, એક નવો યુગ લાવવા માટે ભગવાન પોતે આવી ગયા છે. આ બાબતમાં જ્યારે જ્યારે તેઓ વિચારતાં ત્યારે એમાં એમને સચ્ચાઈનાં દર્શન થતાં. વારંવાર એ મહાયોગી યુવકના રૂપમાં એમને ભગવાન શિવનું સ્વરૂપ દેખાતું હતું. મનમાં ને મનમાં તેઓ એમને શિવ શિવ કહેતાં પ્રણામ પણ કરી લેતાં હતાં. ૐ નમઃ શિવાયના જાપ કરતાં કરતાં જ્યારે તેઓ ઊંડી ભાવદશામાં જતાં હતાં ત્યારે એમના માનસપટલ પર આ દૃશ્ય પ્રત્યક્ષ થઈ જતું.

પોતાની અંતર્ચેતનામાં રોજે રોજ દેખાતા આ સાધનારત યુવકનું તેમણે નામકરણ પણ કરી દીધું. એનું નામ એમણે 'મહાયોગી શિવ' પાડ્યું. જો કે આ મહાયોગી શિવ દરરોજ એમની અંતર્ચેતનામાં પ્રત્યક્ષ દેખાતા, પરંતુ હજુ સુધી તેઓ એ નહોતાં જાણી શક્યાં કે એ કોણ છે ? ક્યાં છે અને શું કરે છે ? પરંતુ જ્યારે પણ તેઓ ધ્યાનમગ્ન થઈ જતાં અથવા પોતાની શિવપૂજામાં ભાવમગ્ન થઈ જતાં ત્યારે એમના હૃદયમાં એવી તીવ્ર સ્ફૂરણા થતી કે એ 'મહાયોગી શિવ' જે કાંઈ હોય, પણ એ છે તો ભગવાન શિવ જ. સાથે સાથે એ પણ સ્પષ્ટ થઈ જતું કે ગમે તે રીતે એમની સાથે પોતાનું ભવિષ્ય જોડાયેલું છે. કદાચ પોતે એમના દ્વારા કરવામાં આવતા કોઈ કાર્યમાં સહયોગ આપવા આવ્યાં છે.

એમણે શિવપૂજાની જે રમત શરૂ કરી હતી તે એમને દિવ્ય ભાવની અનુભૂતિમાં ડુબાડી રહી હતી. એમને પોતાના જીવન તથા ભવિષ્ય પ્રત્યે જાગરૂક બનાવી રહી હતી. એમની બાલક્રીડામાં દિવ્યતા પ્રગાઢ બનતી જતી હતી. એની સાથે એમનું ક્રીડામય બચપણ કિશોરાવસ્થા તરફ આગળ વધવા માંડ્યું હતું. યોગસાધનાનાં જે તત્ત્વો રમત રમતમાં અંકુરિત થયાં હતાં તે હવે પલ્લવિત થવા માંડ્યા હતાં. એમના હૃદયમાં સાધનામય જીવનની ઈચ્છા વધવા લાગી હતી. પોતાના આરાધ્યના મિલનનો પોકાર તીવ્ર થવા લાગ્યો હતો. એ પોકારમાં પ્રગાઢ ભક્તિ, પ્રેમની પ્રવાહિતા તથા અનુરાગની સજલતા બધું જ હતું. બાલિકા ભગવતી એક પ્રખર યોગસાધિકાના રૂપમાં ઢળી રહ્યાં હતાં. પોતાના પ્રભુ પ્રત્યેના ભાવભર્યા પોકારમાં એમની યોગસાધનાનું સ્વરસંગીત ગૂંજવા લાગ્યું હતું.

❋ ❋ ❋


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધ્યાનના ઊંડાણમાં દેખાયો ભૂતકાળ

શિવપૂજાની રમતમાં જે ભાવાનુભૂતિઓ થઈ હતી તે ઉંમર વધવાની સાથે સઘન અને પ્રગાઢ થવા લાગી. કિશોરી ભગવતીના મન, પ્રાણ તથા અંતઃકરણમાં એક પોકાર પેદા થયો. એમનો પ્રાણ પોતાના શિવને પોકારતો રહેતો. રહી રહીને મન ધ્યાનમાં જોયેલાં દૃશ્યોને વારંવાર જોવા લાગતું. અનેક સવાલો મનને ખોતરતા રહેતા. તેઓ વિચાર્યા કરતાં કે આ મહાયોગી શિવ કોણ છે, જેને તેઓ ધ્યાનાવસ્થામાં હંમેશાં જોતાં હતાં. વારંવાર ધ્યાન કરતી વખતે શિવના બદલે સુદર્શન વ્યક્તિત્વવાળા આ મહાયોગીની છબી કેમ પ્રગટ થઈ જાય છે ? શું ખરેખર ભગવાન શિવે ધરતી પર અવતાર લઈ લીધો છે ? આવા અનેક સવાલ એમની અંતર્ચેતનામાં પેદા થતા રહેતા. એ બધાનો ઉત્તર મેળવવા માટે એમણે ધ્યાનસાધનાને વધારે પ્રખર કરવાનો નિશ્ચય કર્યો.

આ નિશ્ચયની સાથે જ એમનામાં એક આશ્ચર્યજનક ભાવપરિવર્તન થઈ ગયું. ઘરના બધા સભ્યોએ એ અનુભવ્યું. એ દિવસોમાં એમની દિનચર્યા ખૂબ અસ્તવ્યસ્ત થઈ ગઈ, પરંતુ આ બાહ્ય અસ્તવ્યસ્તતામાં એક આંતરિક સુવ્યવસ્થા સાકાર થઈ રહી હતી. તેઓ પોતાની ધ્યાનસાધનામાં એટલાં ડૂબેલાં રહેતાં કે એમને નહાવાની કે ખાવાની પણ સુધબુધ નહોતી રહેતી. ઘરના સભ્યો એમના આ આંતરિક પરિવર્તનથી અજાણ હતા. મોટી ભાભી માની જેમ એમની કાળજી રાખતી હતી તે એમને સમજાવતી. તે વારંવાર કહેતી, ‘‘લાલી તું તો આવી ન હતી. આજકાલ તને શું થઈ ગયું છે ? પહેલાં તો તું સવારમાં વહેલી ઊઠીને નાહીધોઈને તૈયાર થઈ જતી હતી, રમતી હતી, ઘરનું કામકાજ પણ કરતી હતી, પરંતુ આજકાલ તો તને તારું ધ્યાન પણ નથી રહેતું.’’

ભાભીની આ વાતોને તેઓ હસીને ટાળી દેતાં હતાં. એમને ગમે તે રીતે સમજાવી દેતાં. તેઓ જાણતાં હતાં કે જો તે બેસીને સુવ્યવસ્થિત રીતે રાતદિવસ ધ્યાનસાધના કરશે તો બધા પરેશાન થઈ જશે. તેઓ પોતાના પરિવારના કોઈપણ સભ્યને પરેશાન કરવા ઈચ્છતાં નહોતાં. તેથી તેમણે આ અનોખી રીત અપનાવી હતી. તેઓ દિવસે દિવસે ધ્યાનસાધનાની ઊંડી ભાવદશામાં ખોવાતાં જતાં હતાં. પ્રત્યેક ક્ષણે એમને દિવ્ય અનુભૂતિ થતી હતી. બહારથી જોતાં બધું સામાન્ય હોવા છતાં એમના આંતરિક જીવનમાં બધું અસામાન્ય અને અલૌકિક થઈ ગયું હતું.

એ દિવસોની પોતાની વાતોની ચર્ચા કોઈક વિશેષ પ્રસંગે કરતાં એમણે પોતાની એક શિષ્યાને કેટલીક ખાસ વાતો જણાવી હતી. સાધના તથા તપસ્યાની વાત કરતાં એમણે કહ્યું હતું, ‘‘આ બધું જેટલું ખાનગી રહે તેટલું સારું. સંસારને એ બધું બતાવીને શું લાભ થાય ? ગુરુજીને તો લોકશિક્ષણ આપવાનું હતું, તમને બધાને શિખવાડવાનું હતું, તેથી તેમણે પોતાની બાબતમાં કેટલીક વાતો જણાવી હતી. એમની વિશેષ તપસ્યાની બાબતમાં હજુ પણ કોઈને કશી ખબર નથી. મારી બાબતમાં પણ કોઈ કશું જાણતું નથી, પરંતુ ખરેખર સાચી વાત એ છે કે મારી સાધના અગિયાર-બાર વર્ષની ઉંમરે શરૂ થઈ હતી. એમાં ક્યાંય કશો દેખાડો નહોતો. બસ, ઊંઘતાં-જાગતાં, બેસતાં-ઉઠતાં, ખાતાં-પીતાં એમ દરેક સમયે ધ્યાન ધર્યા કરતી હતી. દેહનું તો જાણે કે કોઈ ભાન જ નહોતું રહ્યું. ખૂબ વિચિત્ર સ્થિતિ હતી એ વખતે.’’

અસ્તિત્વના પ્રત્યેક કણમાં, અણુ-પરમાણુમાં જે અવ્યક્ત નાદ છે તે એમને સતત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંભળાતો હતો. ક્યારેક ભેરી વાગતી હતી, ક્યારેક મૃદંગ, ક્યારેક વીણા, ક્યારેક શંખધ્વનિ થતો અને ક્યારેક એ બધાં વાદ્યવૃંદમાંથી અલૌકિક સંગીત પેદા થતું. એમના દેહ તથા મનમાં વિદ્યુતકણોનું નૃત્ય ચાલતું રહેતું. લીલામયી માતા ભગવતી પોતાના અંતઃકરણમાં આ અણુ-પરમાણુઓના સતત વેધન, ધ્વંસ અને નવા નવા સમૂહોથી અનંત પદાર્થોની સૃષ્ટિ, વિકાસ અને સમાપ્તિના ક્રમ સાથે એકાકાર થવા માંડ્યાં. એમની ચિત્ શક્તિની ચેતનતામાં બધું સ્પષ્ટ થવા લાગ્યું. એ દિવસોમાં એમણે પોતાના જન્મ અને જીવનનાં કેટલાંય રહસ્યોનો સાક્ષાત્કાર કર્યો.

ધ્યાનના ઊંડાણમાં એમને પોતાના સાધનામય ભૂતકાળની ઝલક જોવા મળી. ગંગાની લહેરો અને મંદિરના ઘંટારવની સાથે જે દૃશ્યો દેખાયાં તે પહેલાં અસ્પષ્ટ હતાં. પછી ધીરે ધીરે એમણે પોતાને દક્ષિણેશ્વર મંદિરમાં રામકૃષ્ણ પરમહંસની સાથે જોયાં. એમને એવું લાગ્યું કે જાણે પોતે પરમહંસદેવની સાથે એમના ભક્તો તથા શિષ્યોથી ઘેરાયેલાં છે. બધા એમને મા-મા કહીને ભક્તિપૂર્વક પ્રણામ તથા પ્રણિપાત કરી રહ્યા છે. આ અદ્ભુત દૃશ્ય જોવામાં પોતે કેટલી વાર સુધી ખોવાઈ ગયાં તેની ખબર જ ના પડી.

અચાનક એમની ધ્યાનસ્થ ચેતનામાં દૃશ્ય બદલાયું. ગંગાની લહેરો અને મંદિરના ઘંટનો ગુંજારવ હજુ પણ યથાવત્ હતો. બીજાં દૃશ્ય બદલાયાં. એવું લાગ્યું કે તેઓ બનારસમાં ક્યાંક છે. સંત કબીરના તાણાવાણાની સાથે એમના જીવનના તાણાવાણા ગૂંથાયેલા છે. તેઓ ફક્કડ ગિરધારી એવા કબીરજીની સાથે છે. અનેક સામાન્ય લોકો એમને શ્રદ્ધાની દૃષ્ટિએ જોઈ રહ્યા છે. એમની ઝૂંપડીએ સાચા યોગી, ગરીબ, અભણ બધા એક સાથે સંત કબીર પાસેથી જ્ઞાન મેળવવા આવ્યા છે. ધ્યાનમાં દેખાતાં આ દૃશ્યોને તે જોતાં રહ્યાં. કાલશૂન્યતામાં કાળનું ભાન રહેવાનો પ્રશ્ન જ નહોતો.

અહીં પણ દૃશ્ય પરિવર્તન થતું હતું. ચિત્શક્તિની લીલા અહીં પણ સક્રિય હતી. ધ્યાનની આ ભાવભૂમિમાં એમને સ્પષ્ટ જણાયું કે જે કબીર હતા તે જ રામકૃષ્ણ હતા અને એ જ હવે તે મહાયોગી છે કે જે એમને કેટલાંક વર્ષોથી દેખાઈ રહ્યા છે. એમની જ સાથે એમના પોતાના જીવનના દોર બંધાયેલા છે. વિતેલા બે જન્મોનું સુપરિચિત સાન્નિધ્ય એમને આ જીવનમાં પણ મળવાનું છે. સંત કબીરની લીલા સહચરી લોઈ અને શ્રી રામકૃષ્ણ પરમહંસની જીવનસંગિની શારદામણિ દેવી પોતે જ છે. જે આત્મચેતનાએ લોઈના રૂપમાં જન્મ લીધો, જેઓ શારદા રૂપે જીવન જીવ્યાં એમણે જ હવે ભગવતીનું નામ તથા રૂપ ધારણ કરીને અવતાર લીધો છે.

કેટલાંય વર્ષોની ઉગ્ર ધ્યાનસાધના પછી એમને પોતાના પ્રશ્નોના જવાબો મળી ગયા. એમની જીવનચર્યા ફરીથી પૂર્વવત્ સુવ્યવસ્થિત બની ગઈ. ઘરના બધા સભ્યોને શાંતિ થઈ ગઈ. પહેલાં અને હાલમાં એમને બસ એક જ ફેરફાર જણાયો. હવે એમની લાલી સવારે જલદી સ્નાન કરીને શિવપૂજા કરવાની સાથે સાથે નિયમિત ધ્યાન કરવા લાગી છે. પોતાના આરાધ્યને મળવાની એમની તીવ્ર ઉત્કંઠાને કોઈ સમજી ન શક્યું. સતત તીવ્ર બનતા જતા એમના આંતરિક પોકારથી પરિવારના બધા સભ્યો અજાણ હતા. જો કે એ દરમ્યાન ઘટનાચક્ર ઝડપથી બદલાઈ રહ્યું હતું. એ દિવસોની પ્રથાને અનુરૂપ જસવંતરાવ શર્માને પોતાની પ્યારી પુત્રીના લગ્નની ચિંતા થવા માંડી હતી. કિશોરી ભગવતીની અંતર્ચેતનામાં ઊભરાતી અલૌકિકતાના પ્રકાશસાગરમાં પોકારના સ્વરો ગુંજી રહ્યા હતા. આરાધ્યનાં ચરણો તરફનો એમનો અનુરાગ દરરોજ વધતો જતો હતો. એમનામાં આધ્યાત્મિક પ્રેમનાં બીજ ફૂટવા માંડ્યાં હતાં.

❑❑❑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આરાધ્ય સાથેના મિલનની ભાવભૂમિકા

આરાધ્યનાં ચરણોમાં ભગવતીનો પ્રેમ દઢ થઈ ગયો હતો. એમના હૃદયમાં ભક્તિની ધારા વહેતી હતી. ધ્યાનસાધનામાં પોતાના પાછલા જન્મોની કથા સ્પષ્ટ થઈ ગયા પછી એમનામાં ભાવપરિવર્તન આવી ગયું હતું. તેઓ પહેલાં શાંત રહેતાં હતાં. હવે એ શાંતિ વધારે ગાઢ બની ગઈ હતી. એ દિવસોમાં તેઓ એકદમ શાંત બનીને પોતાના દૈનિક કાર્યો કરતાં રહેતાં. ઘરના કામકાજમાં મોટી ભાભીને મદદ કરવી, રામાયણ-મહાભારત વગેરે ધર્મગ્રંથોનો સ્વાધ્યાય, પોતાની નિયમિત ધ્યાનસાધના વગેરે એમની દિનચર્યાનાં અનિવાર્ય અંગ હતાં. ઘરમાં સૌથી નાનાં હોવા છતાં તેઓ કુટુંબના બીજા બધા સભ્યોની કાળજી રાખતાં હતાં. કોને ક્યારે, શેની અને કેટલી જરૂર છે એનું એમને પૂરેપૂરું ધ્યાન રહેતું.

એમના બંને મોટાભાઈઓ દીનદયાળ અને સુનહરીલાલ એમના ગુણોથી પ્રસન્ન રહેતા. ભાભીને તો એમની પર ગર્વ હતો. એ દરમ્યાન મોટી બહેન ઓમવતીનાં લગ્ન થઈ ગયાં હતાં. હવે તે ક્યારેક ક્યારેક જ ઘેર આવતી. તે પોતાની નાની બહેનને ખૂબ જ ચાહતી હતી. તેથી તે ભાભીને, પિતાજીને ક્યારેક આગ્રહ કરતી કે લાલીને થોડાક દિવસો માટે પોતાની સાથે મોકલો. અહીં તો ક્યાંય જવા-આવવાનું થતું નથી. મને મારી નાની બહેન સાથે થોડા દિવસ રહેવા મળશે. ઓમવતીના આવા આગ્રહ સાથે જસવંતરાવ સંમત થઈ જતા. ભગવતી પોતાની મોટી બહેનના સાસરે જઈ આવતાં. ત્યાં પણ એમની દિનચર્યા યથાવત્ રહેતી. બહેનને ઘરના કામકાજમાં મદદ કરવાની સાથે સાથે તેઓ પોતાની ધ્યાનસાધનાનો ક્રમ ચાલુ રાખતાં.

એ દિવસોમાં ઘરના સભ્યો એમના માટે સુયોગ્ય વરની તપાસ ખૂબ જોરજોરથી કરી રહ્યા હતા. મોટા ભાઈ દીનદયાળ અને પિતા જસવંતરાવ વચ્ચે આ બાબતે ઘણી ચર્ચા થતી રહેતી. આ વખતે જ્યારે તે પોતાની મોટી બહેન ઓમવતીને ત્યાંથી પાછાં આવ્યાં તો જોયું કે કુટુંબના એક વૃદ્ધ સંબંધી કિશનપ્રસાદજી આવ્યા છે. તેઓ પં. જસવંતરાવના મામા થતા હતા. તેઓ કોઈક વર અંગે ચર્ચા કરી રહ્યા હતા. પં. જસવંતરાવ તથા એમના મોટા પુત્ર દીનદયાળ ખૂબ ધીરજ તથા ઉત્સુકતાથી એમની વાતો સાંભળતા હતા. એમની વાતોના થોડાક શબ્દ ભગવતીને પણ સંભળાયા. તેઓ કહી રહ્યા હતા, ''જસવંત, હું તો કહું છું કે આવો છોકરો આખી દુનિયામાં નહીં મળે. તેઓ આંવલખેડાના વતની છે. આજુબાજુનાં ગામોમાં એમની ઘણી જમીનજાગીર છે. તેઓ ગર્ભશ્રીમંત છે.''

આ વાતો દરમ્યાન જસવંતરાવે કહ્યું, ''તમે એમને મારી બાબતમાં સાચે સાચું બતાવી દીધું કે નહિ ?'' પ્રશ્નના જવાબમાં કિશનપ્રસાદે કહ્યું, ''એમાં છુપાવવાની કોઈ વાત જ ક્યાં છે ? છોકરાના મોટાભાઈ રામપ્રસાદ સાથે મારે વાતચીત થઈ છે. મેં એમને કહ્યું છે કે જસવંતરાવના પૂર્વજો અહમદપુર (ખેર, અલીગઢ)ના વતની હતા. ત્યાં એમનું ઘર અને ખેતીવાડી હતી. પરદાદાના જમાનામાં બાર જોડ બળદથી ખેતી કરતા હતા. એમના કુટુંબનું બહુ મોટું નામ હતું,પરંતુ તમારા પિતા પરસાદીલાલ શર્માના વખતમાં વાત બગડી ગઈ. ખેડૂતોની ખરાબ હાલતના કારણે પરસાદીલાલે મહેસૂલ લીધું નહિ અને ધીરે ધીરે જમીનદારી જતી રહી.'' કિશનપ્રસાદજીની આ વાતો બધા લોકો ધ્યાનથી સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું, ''મેં રામપ્રસાદને એ પણ બતાવી દીધું કે તમે ચાર ભાઈ છો - જસવંત શર્મા, બલવંત શર્મા, રામદયાલ શર્મા અને વાસુદેવપ્રસાદ.'' આ ચારે ભાઈઓ વચ્ચે એક બહેન છે - રામશ્રી, જે હવે આપણા પરિવારની બની ગઈ છે.

કિશનપ્રસાદ પોતાની વાતોમાં મશગૂલ હતા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેઓ કદાચ એ ભૂલી ગયા હતા કે બધા લોકો છોકરાની બાબતમાં જાણવા માટે ઉત્સુક છે. દીનદયાલે ટોકતાં એમના ધ્યાનમાં આ વાત આવી અને એમણે વાતની દિશા બદલી. તેઓ કહેવા લાગ્યા, ‘‘અરે ! છોકરાની બાબતમાં શું પૂછો છો? પં. રૂપકિશોર શર્માનો દીકરો છે. પં. રૂપકિશોરને તો આસપાસના વિસ્તારમાં બધા જ ઓળખે છે. એમના આ સુપુત્રનું નામ શ્રીરામ છે. તપસ્યા, સાધના, અભ્યાસ બધામાં અવ્વલ નંબર છે. પહેલાં એમણે અહીં આગ્રામાં રહીને ‘સૈનિક’ અખબારમાં કામ કર્યું. આજે મથુરામાં રહીને પોતાનું સામયિક ચલાવે છે. કાળદેવતાએ એમની પહેલી પત્નીને બોલાવી લીધી. એમનાં ત્રણ સંતાનો છે - ઓમપ્રકાશ, દયાવતી અને શ્રદ્ધા. પરંતુ આપણી લાલી તો એટલી ગુણવાન છે કે બધું સહેલાઈથી સંભાળી લેશે.’’

કિશનપ્રસાદની આ વાતોની ઘણા દિવસો સુધી ઘરમાં ચર્ચા થતી રહી. પહેલી પત્નીના મૃત્યુની અને એનાં ત્રણ બાળકોની વાત દીનદયાલને થોડી ખટકી. એ બાબતમાં એમણે પોતાના પિતા જસવંતરાવ સાથે ઘણીવાર સુધી ચર્ચા કરી. એમણે એવું પણ પૂછ્યું કે દાદા, તમારું જ્યોતિષશાસ્ત્ર શું કહે છે એ તો જણાવો. એના જવાબમાં જસવંતરાવે ગંભીર થઈને કહ્યું, ‘‘જુઓ, હું તો શરૂઆતથી જ માનું છું કે આપણી લાલીમાં દેવીનો અંશ છે. એનાં લગ્ન કોઈ સામાન્ય માણસ સાથે નભી શકે નહિ. પછી ભલે ને તે ગમે તેટલો ધનવાન કેમ ના હોય? જે તપોનિષ્ઠ હોય, અધ્યાત્મવિદ્યાનો જાણકાર હોય તે જ આપણી લાલી માટે સુયોગ્ય વર બની શકે. મને તો આ છોકરો લાલી માટે બધી રીતે યોગ્ય લાગે છે.’’ પં. જસવંતરાવની વાત દીનદયાલને પણ ઠીક લાગી. અંતે પિતાપુત્ર બંનેએ મળીને નક્કી કર્યું કે કન્યાની ભાભી આ બધી વાત એને જણાવીને એના મનની શું ઈચ્છા છે તે જાણવાની કોશિશ કરે. જે કાંઈ કરવું તે લાલીની સંમતિથી જ કરવું.

ભાભીએ પોતાના પતિ અને સસરાની આજ્ઞા અનુસાર પોતાની પ્યારી નણંદ સાથે બધી ચર્ચા કરી. તે ખૂબ શાંતિથી બધું સાંભળતાં રહ્યાં. વાત પૂરી થતાં એમણે એક પળ માટે પોતાની અંતર્ચેતનાને એકાગ્ર કરી. એ એકાગ્રતામાં સત્યનો બોધ થઈ ગયો. એમને એ વાતની ખાતરી થઈ ગઈ કે અત્યારે જેમની સાથે પોતાના લગ્નની ચર્ચા થઈ રહી છે તેમના કાર્યમાં સહયોગ આપવા માટે જ પોતે દેહ ધારણ કર્યો છે. પાછલા જન્મોમાં પતિ અને માર્ગદર્શક રહેલા પોતાના આરાધ્ય જ આ વખતે પણ પોતાના પતિ થવાના છે. પોતાના મનની આ વાતોને એમણે મનમાં જ રાખી. એમણે માત્ર એટલું જ કહ્યું કે ભાભી, દાદાને કહી દેજો કે મને એમની વાતો મંજૂર છે.

લાલીની સંમતિ મળતાં જ આખા પરિવારમાં ઉત્સાહ અને આનંદ છવાઈ ગયો. વરપક્ષના લોકોની સંમતિ પણ આવી ગઈ. મંગલ પરિણયની તૈયારીઓ થવા લાગી. ફાગણ સુદ સાતમ વિ.સં. ૨૦૦૧ એટલે કે ૧૮મી ફેબ્રુઆરી ૧૯૪૫નો દિવસ લગ્ન માટે નક્કી થયો. લગ્નનો દિવસ નક્કી થયા પછી પં. જસવંતરાવના મનમાં આનંદની સાથે એક વેદના પણ ભળી ગઈ. એમને જાણે કે એવું લાગવા માંડ્યું કે જગદંબા પાર્વતીએ પિયર છોડીને ભોલેનાથની સાથે જઈને રહેવાનો સંકલ્પ લઈ લીધો હોય. પોતાની આ વેદનાને દિલમાં ધરબીને જસવંતરાવ દીકરીના લગ્નની તૈયારી કરવા લાગ્યા. અરેલા ગામના જ્વાલાપ્રસાદે આમાં એમને ખૂબ સહયોગ આપ્યો. એમના માધ્યમથી જ બધી તૈયારી થઈ.

નક્કી કરેલી તિથિએ લગ્ન થયાં. લગ્ન ખૂબ સાદાઈથી થયાં. આડંબરનું તો કોઈ નામનિશાન ન હતું. આ તો મનુષ્યોની સાથે જીવનનો આદર્શ રજૂ કરનાર ઋષિયુગ્મનો મંગલ પરિણય હતો. એ તપ અને શ્રદ્ધાનું મિલન હતું. જ્ઞાન અને ભક્તિનું અનોખું સાયુજ્ય હતું. ભગવતી અને શ્રીરામ આ શુભઘડીમાં આદર્શના માર્ગે ચાલવા માટે સંકલ્પિત થયાં હતાં. પોતાના આરાધ્યના ચરણોના સામીપ્યમાં ભગવતીના જીવનનું એક સાવ નવું પ્રકરણ શરૂ થયું હતું. માનું માતૃત્વ અભિવ્યક્ત થઈ રહ્યું હતું. માતૃત્વની સજલ ભાવનાઓ પોતાનું સ્વરૂપ અને આકાર પામવાની તૈયારીમાં હતી.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માતૃત્વની સાથે અલૌકિક દામ્પત્ય નિભાવ્યું

માંનું માતૃત્વ આંબલખેડામાં પગ મૂકતાં જ છલકાઈ ઊઠ્યું. જાન વિદાય લઈ અહીં આવી હતી. પૂર્વજોનું મકાન, પોતાના આરાધ્યની જન્મભૂમિ અને તેમની શરૂઆતની તપોભૂમિમાં તે નવોઢાના રૂપમાં બગીમાંથી ઊતર્યાં હતાં. લાલ રંગની જરીકામવાળી સાડી પહેરેલી સૌભાગ્ય અને શૃંગારથી સજેલી તે સાક્ષાત્ જગદંબા લાગી રહી હતી, હિમાલયની પુત્રી પાર્વતી પિયરથી વિદાય લઈ ભગવાન ભોળાનાથની સાથે પોતાની સાસરીમાં આવ્યા હતા તેવું જ દૃશ્ય તે સમયે ફરીથી લાગતું હતું. બાળમંડળી શિવગણોની જેમ તેમને શ્રદ્ધા અને આશ્ચર્યથી જોઈ રહી હતી. સાસુજી (તેમની સાસુ અને પૂજ્ય ગુરુદેવના માતાજી) શુભ શુકનનો બધો જ લોકવ્યવહાર પૂરો કરવામાં લાગ્યાં હતાં. આ ક્રમ બહુ મોડે સુધી ચાલતો રહ્યો. એક એક કરીને બધા રીતરિવાજ અને વિધિઓ પૂર્ણ થઈ.

ત્યારબાદ એક ચટ્ટાઈ પર એક જગ્યાએ તેમને બેસાડી દીધાં. બાળકો હજી પણ તેમને ઘેરીને ઊભાં હતાં. આ બાળકોમાં તેમની અડોશપડોશનાં બાળકો, નજીકના સગાસંબંધીઓનાં બાળકોની સાથે દયાવતી અને ઓમપ્રકાશ પણ હતાં. શ્રદ્ધા ત્યારે બહુ જ નાની હતી. તે આ બાળમંડળીનો એક ભાગ નહોતી. આશ્ચર્ય અને કૌતુક આ બાળકોના મનને વિવશ કરતું હતું. એનાથી વશ થઈ તેઓ એકબીજા સાથે ધીમેથી વાતો કરી લેતાં હતાં. ત્યારે દયાવતી ધીમેથી આગળ વધ્યાં અને તેમની પાસે આવીને ઊભાં રહી ગયાં. તેમણે તેમનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યાં અને બહુ જ પ્રેમની બોલ્યાં, ‘‘હું તમારી મા છું.’’ દીકરી, મારાથી સંકોચ રાખવાની કોઈ જરૂર નથી.’’

આ વાક્યથી દયાવતીને મોટું આશ્વાસન મળ્યું. તેણે બહુ જ ધીમા અને લજ્જિત સ્વરમાં કહ્યું, ‘‘મા’’ આ એક અક્ષરે માતા અને પુત્રી બંનેની આંતરિક ભાવનાઓને એકરસ કરી દીધી. અનન્ય મીઠાશ તેમના જીવન અને ઘરઆંગણામાં છવાઈ ગઈ. મા હોવાનો અહેસાસ મનને કેટલું આશ્વાસન, સહારો, બળ, વિશ્વાસ અને નિશ્ચિતતા આપે છે તે દયાના ચહેરા પર અચાનક ફેલાઈ ગયેલી પ્રસન્નતા અને ચમક જોઈને સહજ જણાઈ આવતું હતું. તે એટલી વારમાં તો ઘણીવાર પોતાના મનમાં મા-મા નો એકાક્ષરી મહામંત્ર બોલી ગઈ હતી. માના પ્રેમની પ્રવાહિતાએ તેના અંતરને ભાવવિભોર કરી દીધું હતું. તે તેમની પાસે સંકોચાઈને અડકીને બેસી ગઈ.

દયાવતીની આ ભાવમુદ્રાઓએ ઓમપ્રકાશને આશ્ચર્યમાં મૂકી દીધા. તેઓ વિચારવા લાગ્યા કે તેમની નાની બહેન અચાનક આટલી પ્રસન્ન કેમ લાગે છે. ‘‘આખરે થોડી જ ક્ષણોમાં એની ઉપર શો જાદૂ થઈ ગયો? પોતાના વિચારોમાં મગ્ન હોવા છતાં તેઓ હિંમત કરીને આગળ વધ્યા. તે સમયે તેમણે ચડ્ડી ખમીસ પહેરેલાં હતાં. તેઓ પાસે જઈને ઊભા રહી ગયા. એટલામાં જ ત્યાંથી તેમના માતાજી પસાર થયાં. તેમણે પોતાના સ્વભાવને અનુરૂપ ઊંચા અવાજે કહ્યું, ‘‘ઊભો ઊભો જોઈ શું રહ્યો છે? ચાલ, નીચો નમીને પોતાની માના ચરણસ્પર્શ કર.’’ માતાજીનો અવાજ સાંભળી થોડા સંકોચ સાથે ઓમપ્રકાશે ચરણસ્પર્શ કર્યા.

ચરણસ્પર્શ કરતાં જ તેમણે પૂછ્યું, ‘‘કયા ધોરણમાં અભ્યાસ કરે છે?’’ ઓમપ્રકાશે બહુ ધીમા સ્વરે આ પ્રશ્નનો ઉત્તર આપ્યો, ‘‘મારું નામ ઓમપ્રકાશ છે. હું સાતમા ધોરણમાં અભ્યાસ કરું છું. આ પ્રશ્નોત્તરીએ માતા અને પુત્રના પ્રેમને કોમળ તાંતણાઓથી જોડી દીધો. પોતાના પ્રથમ મિલનની અનુભૂતિઓને યાદ કરતા આજે પણ ઓમપ્રકાશજીની આંખો ભીની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઈ જાય છે. તેઓ કહે છે, ''પુત્ર ક્યારેક કુપુત્ર થાય છે, પણ માતા ક્યારેય કુમાતા થતી નથી.'' આ કથનને સાકાર કરતી મા પોતાના આ પુત્ર પર સદાય કૃપાળુ બની રહી. અગણિત ભૂલોને તેઓ હસીને ભૂલી ગયાં. ક્ષમાશીલ માએ બધા અપરાધ એક ક્ષણમાં જ માફ કર્યા અને સદાય પોતાના સ્વભાવ પ્રમાણે પોતાની કોમળતા, મૃદુતા વરસાવતાં રહ્યાં.

ઓમપ્રકાશ અને દયાવતીને મળીને મા શ્રદ્ધાને મળ્યાં. પોતાનાં આ બાળકોને તેમણે ભરપૂર પ્રેમ આપ્યો. તેમના પર અનહદ પ્રેમ વરસાવ્યો. થોડાક જ દિવસોમાં ત્રણેય મા સાથે પ્રેમથી હળીમળી ગયાં. માતાએ પણ તેમને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું. ઘરનું વાતાવરણ તેમના આગમનથી થોડા જ દિવસોમાં બદલાઈ ગયું. એવું લાગવા માંડ્યું કે જાણે પાનખરમાં વસંતની દેવી આવી ગઈ હોય ! ઘરનું કામકાજ, બાળકોની સારસંભાળ બધા જ કામમાં એક સુંદરતા આવી ગઈ. બધી જ બાજુ સૌંદર્ય અને સુવ્યવસ્થા દેખાવા લાગ્યાં. આ પરિવર્તન દરેકના મન, પ્રાણ અને અંતઃકરણને સ્પર્શી ગયું. આ સ્પર્શે અનેક લોકોની ભાવનાઓ જગાડી.

પોતાના આરાધ્યની અંતર્ચેતના અને અંતર્ભાવના સાથે તો પહેલેથી જ તેઓ મળી ચૂક્યાં હતાં. દૃશ્ય અને પ્રત્યક્ષ મિલન એ વખતે જ થયું. સામાન્ય પતિ-પત્નીના સાંસારિક મિલનની જેમ તેમાં સ્થૂળ અને લૌકિક દૃષ્ટિ નહોતી. એ તો પરમ પુરુષ અને માતા પ્રકૃતિના મિલનની જેમ અદ્‌ભુત હતું. તેમાં સર્વેશ્વર સદાશિવ અને ભગવતી મહાશક્તિના મિલનની અલૌકિકતા હતી. નવી સૃષ્ટિ સર્જનના બીજારોપણનું મિલન એ જ ક્ષણે થયું. ઈશ્વરચિંતન અને ચર્ચા માટે તેઓ જ્યારે એક સાથે બેસતાં ત્યારે ભવિષ્યની નવી સંભાવનાઓ પર ચર્ચા થતી. તેમના આરાધ્યએ તેમને નવી ભૂમિકા માટે તૈયાર કર્યાં.

એ ગુરુદેવની તીવ્ર સાધનાનો સમય હતો. ગાયત્રી મહાપુરશ્ચરણોની શૃંખલા તેના અંતિમ ચરણમાં હતી. અખંડ જ્યોતિ માસિક પત્રિકાનું પ્રકાશન વિધિસર શરૂ થઈ ગયું હતું. આજનો વિશાળકાય ગાયત્રી પરિવાર ત્યારે અખંડ જ્યોતિ પરિવારના રૂપમાં અંકુરિત થઈ રહ્યો હતો. તેમની યોગ્ય દેખરેખ માટે માની જરૂર હતી. માનો અર્થ ફક્ત એકાદ બે બાળકોને જન્મ આપવા સુધી સીમિત નથી હોતો. ફક્ત જન્મ આપવાથી જ કોઈ મા સાચા અર્થમાં મા બની જતી નથી. મા તો તે છે જે પોતાનાં સંતાનોને સારા સંસ્કાર આપે. તેમનામાં પોતાનો પ્રાણ પૂરે તેમની ભાવનાનો વિકાસ કરે તેમની વિશ્વના ઉપવનના શ્રેષ્ઠ પુષ્પવાળાં વૃક્ષોના રૂપમાં વિકસિત કરવા માટે જરૂરી ખાતરપાણીની વ્યવસ્થા કરે.

આ કામ સરળ નથી. તેના માટે કઠોર સાધના અને અધ્યાત્મથી પેદા કરેલી આત્મશક્તિની જરૂરિયાત છે. પોતાની ભાવિ નીતિરીતિ પ્રમાણે માતા ભગવતી અત્યારે એ જ કરવામાં જોડાઈ ગયાં. પોતાના આરાધ્યના સંસર્ગમાં અનેક ગૂઢ મંત્રો, બીજાક્ષરો તથા યોગની ગહન પ્રક્રિયાઓનું જ્ઞાન તેમને હમણાં થયું. તેમની વિશિષ્ટ સાધનાની શરૂઆત બરાબર આ જ સ્થાનથી થઈ હતી કે જ્યાં પ્રવર તપસ્વી શ્રીરામે અખંડ સાધનાદીપ પ્રગટાવ્યો હતો. આમ તો તેમનો સાધનાકાળ બહુ જ થોડો સમય રહ્યો. અખંડ જ્યોતિ પ્રકાશનને કારણે પરમ પૂજ્ય ગુરુદેવે મથુરા રહેવું જરૂરી હતું. શરૂઆતના થોડા અંકો આગરાથી પ્રકાશિત થયા. ત્યારબાદ અખંડ જ્યોતિ મથુરાથી પ્રકાશિત થવા લાગી હતી. સાધકો, જિજ્ઞાસુઓ અને આગંતુકોનું આગમન વધવા લાગ્યું હતું. મથુરામાં પહેલા લીધેલું ભાડાનું મકાન પણ હવે નાનું પડવા લાગ્યું હતું. નવી પરિસ્થિતિઓ પ્રમાણે વર્તમાન અખંડ જ્યોતિ સંસ્થાનું મકાન પણ ભાડે લીધું હતું અને માતા ભગવતી, સાસુજી, બાળકો અને પોતાના આરાધ્યની સાથે અખંડ જ્યોતિ સંસ્થાન (હાલનો 'ઘીયામંડી વાળો આવાસ)ના આંગણમાં આવીને વસવાટ કરવા લાગ્યાં.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આરાધ્યસત્તાની સાધનાસંગિની

માતાજી સાચા અર્થમાં પોતાના આરાધ્યની સાધનાનાં સાથી હતાં. પરમપૂજ્ય ગુરુદેવ એમના માટે ગુરુ, માર્ગદર્શક ઇષ્ટદેવ, આરાધ્યદેવ બધું જ હતા. એમનું જીવન પોતાના આરાધ્યના શ્રીચરણોમાં સમર્પિત કરેલા ફૂલ જેવું હતું. દરરોજ કરવામાં આવતાં નાનાં-મોટાં કાર્યોના માધ્યમથી એમનો પ્રાણ એમના આરાધ્યના મહાપ્રાણમાં સમાઈ જતો. બાહ્યરૂપથી ઘર, પરિવાર, સગાસંબંધીઓ, અખંડજ્યોતિ સંસ્થા અને ગાયત્રી તપોભૂમિ વગેરેની અનેક જવાબદારીઓ પૂરી કરતાં કરતાં પણ એમનું આંતરિક જીવન મોહથી પર એવું અલૌકિક હતું. સાંસારિક ફરજો ખરા મનથી પૂરી કરતાં, છતાં પણ એમના અંતરમાં સાંસારિક વિષયોને સ્થાન ન હતું.

માતાજી આખો દિવસ વ્યસ્ત હોવા છતાં તેઓ પોતાના મનને રાત્રે કરવાની વિશિષ્ટ સાધના માટે તૈયાર કરતાં હતાં. શિષ્યોની આવજાવ, પત્રિકા અને સાહિત્યનું પ્રકાશન અને ગાયત્રી તપોભૂમિમાં ચાલતી પ્રવૃત્તિઓને લીધે પરમપૂજ્ય ગુરુદેવનો કાર્યભાર ખૂબ વધી ગયો હતો. આ કાર્યોમાં માતાજી પણ સહભાગી બનતાં હતાં. જેથી સવારથી છેક મોડીરાત સુધી એમને સાધના કરવાનો સમય જ નહતો મળતો એટલે ગુરુદેવે મધ્યરાત્રીથી સવાર સુધીનો સમય સાધના માટે નક્કી કર્યો હતો. આખા દિવસનાં કાર્યો જોતાં આ જ સમય યોગ્ય હતો. જો કે એમને સૂવા માટે માંડ ત્રણ-ચાર કલાક મળતા હતા, પરંતુ માતાજીને વહેલા ઊઠીને ગુરુદેવ સાથે બેસીને સાધના કરવામાં એટલો બધો આનંદ મળતો કે દિવસભરનો થાક એમને નગણ્ય લાગતો હતો.

તેઓ નક્કી સમયે જાગી, નાહીધોઈને પૂજાના ઓરડામાં પહોંચી જતાં, જ્યાં ગુરુદેવ એમની પ્રતીક્ષા કરતા હતા, પૂજાના આસન પર બેસતાં જ આરાધ્યની કૃપા એમના પર વરસવા લાગતી. પ્રાણ સંચાલનની અનેક ગાઢ ક્રિયાઓનો અનુભવ થવા લાગતો. ગુપ્ત બીજમંત્રોના વિસ્ફોટથી સૂક્ષ્મ ચેતનાનાં દિવ્ય કેન્દ્રોમાં શક્તિનો સાગર ઉભરાવા લાગતો. આ તો શરૂઆતની ક્ષણોની વાત છે, જેનો અનુભવ એમને પહેલાં પણ થતો હતો. ગુરુદેવની સાથે વિતાવેલી સાધનાની આ પળો ખૂબ વિશિષ્ટ હતી. આ પળોમાં એમને એ સત્યોનો સાક્ષાત્કાર થતો હતો કે જેના વિશે શાસ્ત્રોમાં માત્ર સંકેત કરવામાં આવ્યો છે, જેના વિષે વિસ્તૃત ચર્ચા વિશ્વના કોઈ પણ સાધના શાસ્ત્રોમાં કરવામાં આવી નથી. ખરેખર સાધના શાસ્ત્રનો વિષય જ નથી. આ સાધના તો ખરેખર ગુરુ પાસે જવાથી જ સમજાય છે. એના પર તો હંમેશાં ગુરુ પાસે જનાર પ્રાણ શિષ્યોનો જ અધિકાર હોય છે. માતાજીના સંપૂર્ણ સમર્પણ અને વિનંતીએ જ એમને આ ગુપ્ત યોગસાધનાનાં અધિકારી બનાવ્યાં છે.

નિયમિત યોગસાધનાની પ્રગાઢતા અને સઘનતાને લીધે એમનું સૂક્ષ્મ શરીર ખૂબ તેજસ્વી તેમજ પ્રચંડ શક્તિશાળી થઈ ગયું હતું. ગુરુદેવ દ્વારા બતાવવામાં આવેલાં યોગની ગુપ્ત વિધિ વિધાનો તેઓ સરળતાથી સ્થૂળ કાયા હોવા છતાં સિદ્ધ કરી લેતાં હતાં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવી પરિસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવ એમના સ્થૂળ શરીરનું રક્ષણ કરતા હતા. માતાજી એક લોકમાંથી બીજા લોકમાં જઈને જરૂરી તત્ત્વો પ્રાપ્ત કરી લેતાં હતાં. શિષ્યો અને પોતાનાં બાળકોનો પોકારનો પણ જવાબ આપતાં હતાં. એમનાં કષ્ટો દૂર કરતાં હતાં. ગુરુદેવના સાન્નિધ્યમાં કરેલી યોગસાધનાની તીવ્રતાને લીધે એમના સૂક્ષ્મ શરીરની સક્રિયતા ધીમે ધીમે વધતી ગઈ. એમનું કારણ શરીર પણ પ્રાણવાન અને પ્રખર બનવા લાગ્યું. એમની સાધનાની સિદ્ધિ એટલી બધી વધી ગઈ હતી કે તેઓ દરેક દૃષ્ટિએ પરમ સમર્થ બની ગયાં હતાં.

આ સ્થિતિ પહેલાં કરતાં ખૂબ જુદી જ હતી. એને જાણવી કે સમજવી કોઈ પણ રીતે સહેલી નથી, પરંતુ હવે પહેલાંની જેમ ગુરુદેવને એમના સ્થૂળ શરીરનું રક્ષણ કરવા રોકાવું પડતું નહોતું. દિવ્ય મહામંત્રોની શક્તિ અને એની મહત્ ચેતનાનો સંકલ્પ એમની સ્થૂળકાયાના રક્ષણ માટે પર્યાપ્ત હતો. ગુરુદેવ તો પહેલેથી જ યોગની બધી જ ઉચ્ચતમ સાધનાઓમાં પારંગત હતા. હવે તો માતાજી પણ યોગનાં ઉચ્ચતમ રહસ્યોના જાણકાર બની ગયાં હતાં. એમની સાધના એટલી સિદ્ધ થઈ ગઈ કે એમને હવે સ્થૂળ શરીરથી કોઈપણ સાધના કરવાની જરૂર ના રહી. સૂક્ષ્મ શરીરથી આપમેળે બધી જ યોગવિભૂતિઓની શક્તિ મળવા લાગી. આવી વિલક્ષણ સ્થિતિ કોઈ વિરલા મહાયોગીઓને જ સુલભ હોય છે.

આવી બદલાયેલી ભાવદશામાં પણ નિયમિત સાધના માટે વહેલા ઊઠવાનો અને સાધનામાં બેસવાનો ક્રમ પહેલાં જેવો જ હતો, પરંતુ એમનાં આંતરિક સત્યો બદલાઈ ગયાં. તેઓ સાધના માટે હજુ પણ બેસતાં હતાં, પરંતુ કોઈ વિશેષ સાધના માટે નહીં, પણ એમનાં સાધનાત્મક કાર્યોમાં સહભાગી બનવા માટે બેસતાં હતાં. એ કાર્યોમાં ખાસ કરીને શિષ્યો અને ભક્તોની પીડા અને એમની પર આવેલાં સંકટોને દૂર કરવાં એ એમનું મુખ્ય ધ્યેય હતું. એના માટે બન્ને જણ શિષ્યો પાસે પહોંચી જતાં. એમને આશ્વાસન આપતાં, એમને ધીરજ આપતાં અને પોતાની યોગશક્તિથી એમના કષ્ટનું એક પળમાં નિવારણ કરી દેતાં. એમનાં સંતાનોનું તરફડતું મન પોતાની મહાયોગિની માતા ભગવતીની કૃપા મેળવી અપૂર્વ શાંતિ અનુભવતું.

સાધનાની ક્ષણોમાં ગુરુદેવની જોડે સૂક્ષ્મશરીરે દિવ્યલોક, દિવ્યભૂમિ તેમજ સામાન્ય માનવદૃષ્ટિથી દૂર દિવ્ય સાધના કેન્દ્રોની યાત્રા કરતાં હતાં. આવા પ્રસંગોને એમણે પ્રગટ કર્યા નથી, છતાં પણ ક્યારેક ગુરુદેવની અનુભૂતિ કરાવવા માટે થોડાક અંશો પ્રગટ કરી દેતાં હતાં. એક પ્રસંગમાં એમણે કહ્યું કે, 'બેટા, તમને ખબર નથી કે ગુરુદેવ કોણ છે? એમને ક્યારેય સામાન્ય તપસ્વી, સિદ્ધયોગી સમજવાની ભૂલ ના કરતા. તેઓ મનુષ્યના રૂપમાં સાક્ષાત્ ઈશ્વર છે. આ સચ્ચાઈને મેં મારી નજરે નિહાળી છે. મારી સૂક્ષ્મ ચેતના દ્વારા આ સત્યની ઘણીવાર હું સાક્ષી બની છું. હિમાલયના સિદ્ધગણ તથા દિવ્યલોકવાસીઓ પણ એમની એક ઝલક મેળવવા આતુર હોય છે. જ્યારે કોઈ વિશેષ અવસરે એ એમની સાથે હોય છે ત્યારે તેઓ એમનાં ચરણોમાં ફૂલ ચઢાવીને પોતાને પરમ સૌભાગ્યશાળી માને છે. આ સત્યને મેં એમની સાથે જઈને નજરે જોયું છે.'



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માતાજીની આ વાતો સાંભળી એમનાં બાળકો ભાવવિભોર બની જાય છે અને વિચારે છે કે બાળકોને એમના પિતાના સ્વરૂપનો બોધ મા સિવાય બીજું કોણ કરાવી શકે ?

ગુરુદેવના દિવ્ય સ્વરૂપનાં વખાણ કરનાર માતાજી પોતાના વિશે મોટેભાગે મૌન જ રહેતાં હતાં. કોઈ વિશેષ અવસર પર એટલું જ કહેતાં કે અધ્યાત્મ કહેવાની કે બતાડવાની વસ્તુ નથી. એ તો અનુભવનો વિષય છે. ગમે એટલાં પુસ્તકો લખ્યાં હોય કે શાસ્ત્રો ભણ્યા હોય પણ એનું સત્ય તો સાધનાની અનુભૂતિથી જ જાણી શકાય. એની વાતો જાણે વાર્તા કહેતા હોય એવી લાગે, જેથી સમજદાર સાધક કોઈને કશું કહેતો નથી.

પોતાની બાબતમાં માતાજી કહે છે કે સાધનાના પ્રસંગો જેટલા ગુપ્ત રાખવામાં આવે એટલું જ સારું. એની ચર્ચા કરવાથી સાધનાની શક્તિ ઘટે છે. એમ કહેતાં કહે છે કે મારી જ વાત લો. મેં શું શું કર્યું એ કોઈ શું જાણે ? અખંડજ્યોતિ સંસ્થાનમાં અડધી રાત્રી પહેલાં ઊઠી જતી હતી અને સવાર સુધી ગુરુજી સાથે સાધના કરતી, પરંતુ ઘરના બીજા સભ્યો જાગે એ પહેલાં હું સાધનામાંથી ઊઠી જતી અને બધા ઊઠે પછી ફરીથી હું સ્નાન કરવા જતી. આ સ્નાનથી આખી રાતની સાધનાથી વધેલી ગરમી શાંત થઈ જતી અને ઘરના સભ્યો સમજે કે હમણાં ઊઠી છે અને નહાવા ગઈ છે. બીજું કંઈ વધારે પૂછે તો હું પણ એમની 'હા'માં 'હા' ભણી દેતી હતી, પણ સાચી વાત તો જુદી જ હતી. એ સમયે હું ગુરુદેવ સાથે પૂરી પ્રગાઢતા, તન્મયતા અને તત્પરતાથી સાધના કરતી હતી. એ વખતના દિવસો ખૂબ અદ્ભુત હતા. શરીર આ લોકમાં રહેતું, છતાં પણ ચેતના ક્યાંક બીજા જ લોકમાં રહેતી હતી. મારા બધા ક્રિયાકલાપો ગુરુજી સાથે મળતા હતા. એમની આ બધી વાતોથી સાંભળનારના મનમાં શિવ અને શક્તિના મિલનની ભાવના જાગૃત થતી.

* * *

*મીરાંબાઈ પોતાના આરાધ્ય શ્રીકૃષ્ણના પ્રેમમાં હંમેશાં ભાવમગ્ન રહેતાં હતાં. એક દિવસ પૂર્ણિમાની રાતે ચંદ્રનો પ્રકાશ ચારે બાજુ ફેલાઈ રહ્યો હતો, એ પોતાના ઓરડામાં પોતાની દિવ્ય સૃષ્ટિમાં આનંદ લૂંટી રહ્યાં હતાં. એટલામાં મહેલમાંથી દાસીએ આવીને ધ્યાનમગ્ન મીરાંને બહારથી બૂમ પાડી. મીરાંબાઈ બહાર આવીને જુઓ કેટલી ખૂબસૂરત રાત છે. કેટલીય બૂમો પાડ્યા પછી મીરાંબાઈ બોલ્યાં, 'હમણાં હું જે પરમ સૌંદર્યમાં ડૂબી છું એની આગળ બધું જ સૌંદર્ય ફિક્કું છે.'' એમણે કહ્યું કે તું એકવાર મારા દિલમાં ઝાંખીને જો કે ભક્તિમાં દુનિયાના લૌકિક આનંદ કરતાં અદ્ભુત આનંદ અને પરમ સૌંદર્યની અનુભૂતિ થાય છે!*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શિવ અને શક્તિનું અદ્‌ભુત અંતર્મિલન

યોગસાધનાની પ્રગાઢતામાં શિવ અને શક્તિ એકબીજામાં અંતર્ધ્યાન થઈ ગયાં હતાં. શિવ અને શક્તિનું આ આંતરિક મિલન બે સ્વરૂપોમાં પ્રગટ થયું હતું. પોતાના પહેલા સ્વરૂપમાં મહાયોગિની માતાજીની અંદરની કુંડલિની મહાશક્તિ જાગૃત થયા પછી જુદાં જુદાં ચક્રોને ભેદીને સહસ્ત્રારમાં રહેલા મહાશિવને જઈને મળી હતી. યોગના સાધકો માટે આ અદ્‌ભુત અને દુર્લભ સત્ય પ્રાપ્ત થવાથી માતાજીનું પૂર્ણ અસ્તિત્વ યોગાશ્ચર્યનો ભંડાર બની ગયું હતું. યોગની ઉચ્ચસ્તરીય વિભૂતિઓ અને સિદ્ધિઓ એમના વ્યક્તિત્વમાં પ્રગટ થવા લાગી હતી. શિવ અને શક્તિના મહામિલનનું એક બીજું રૂપ પણ માતાજીના જીવનમાં સ્પષ્ટ જોવાતું હતું, જેની ચર્ચા કોઈ શાસ્ત્રમાં જોવા મળતી નથી. આ બીજા રૂપમાં શિવસ્વરૂપ ગુરુદેવની આત્મચેતના શક્તિસ્વરૂપા માતાજીની આત્મચેતના સાથે એકાકાર થઈ ગઈ હતી.

શાંતિકુંજમાં આવનારા, એમને મળવા આવનારને પણ આ સત્યનો અનુભવ થતો અને તેઓ પણ આશ્ચર્યચકિત થઈ જતા. એમને એ વાતનો અનુભવ થતો કે ગુરુદેવ અને માતાજી ભલે જુદા સ્વરૂપે દેખાય, પણ એમની અંદર એક જ પ્રાણપ્રવાહ વહે છે, એક જ ભાવ ચેતના ક્રિયાશીલ છે. આ રીતની અનુભૂતિ બધાને થતી અને તેઓ અંદરોઅંદર ચર્ચા પણ કરતા કે અમારી આ મુશ્કેલી ગુરુજીને કહી હતી તો માતાજી સુધી પહોંચી કેવી રીતે ? અત્યારે ગુરુજી તો તપોભૂમિમાં છે. કોઈક વાત માતાજીને અખંડજયોતિ સંસ્થાનમાં કહેવામાં આવી હોય, તો તપોભૂમિમાં ગુરુજીને કેવી રીતે ખબર પડી ગઈ ? બુદ્ધિશાળી લોકોને પણ એમની આત્મચેતનાના અંતરમિલનનું સત્ય સ્વીકારવું પડતું કારણ કે એ સમયે ટેલિફોન જેવી કોઈ વ્યવસ્થા ત્યાં ન હતી.

કેટલીકવાર તો લોકો પોતાના આ અનુભવ દ્વારા ફરી ખાતરી કરવા પરીક્ષા પણ કરી લેતા. મહારાષ્ટ્રના વિષ્ણુ નારાયણ ગોવરીકર આમાંના એક હતા. તેઓ ગાયત્રી તપોભૂમિમાં શિબિરમાં અવારનવાર આવતા હતા. એક વખતે જ્યારે તેઓ આવ્યા ત્યારે એમનું મન એમની ઘરની સમસ્યાઓથી ખિન્ન હતું. તેઓ પોતાના મનને ગમે તેટલું સમજાવે, છતાં પણ તેમનું મન સમસ્યાઓથી ઘેરાયેલું જ રહેતું.

આવી મનઃસ્થિતિમાં તેઓ અખંડજયોતિ સંસ્થાનમાં ખાવા ગયા. માતાજીએ પોતાના હાથે ખાવાનું પીરસ્યું. અંતર્યામી એવી માએ એમની મનોદશા પારખી લીધી. તેઓ પ્રેમથી બોલ્યાં, ''બેટા, હવે તું મારી પાસે આવી ગયો છે, તો તારે પરેશાન થવાની કોઈ જરૂર નથી. તારી પરેશાનીઓ અમે દૂર કરીશું. તું શાંતિથી ખાવાનું ખા.'' માતાજીના આ પ્રેમભર્યા આશ્વાસનની કોઈ અસર તેમના પર ન થઈ. વિષ્ણુ નારાયણને ઉદાસ જોઈને માતાજી કહેવા લાગ્યાં, ''હું જાણું છું બેટા, તું ઘણી મુશ્કેલીઓમાં ફસાયેલો છે. ખેતીના મામલાનો કેસ ચાલે છે, દુકાન બરાબર ચાલતી નથી, પત્ની બીમાર છે, દીકરીનાં લગ્ન કરવાનાં છે. આટલી મુશ્કેલીઓ એક સાથે આવી પડે તો કોઈપણ માણસ નિરાશ થઈ જાય એ સ્વાભાવિક છે, પણ માને ત્યાં આવીને બાળકો ચિન્તિત રહે, તો પછી મા હોય એનો શો ફાયદો?''

માતાજીના મુખે આ વાતો સાંભળી તેઓ આશ્ચર્યમાં પડી ગયા કે મેં મારી મુશ્કેલીઓ વિશેની ચર્ચા કોઈ જોડે કરી જ નથી. તો બધી વાતોની ખબર માતાજીને કેવી રીતે પડી ? તેમને થયું કે માતાજી માત્ર ગુરુજીનાં ધર્મપત્ની જ નથી, પણ તેઓ જરૂર યોગસિદ્ધ મહાયોગિની છે. તેઓ જમીને માતાજીને પ્રણામ કરી તપોભૂમિ તરફ જવા નીકળ્યા ત્યારે તેમની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આંખોમાં આંસુ આવી ગયાં. માની અભયમુદ્રા જોઈ મનને શાંતિ અને આશ્વાસન મળ્યું.

તેઓ જયારે ગાયત્રી તપોભૂમિમાં પહોંચ્યા ત્યારે ગુરુજી યજ્ઞશાળા પાસે ટહેલતા હતા. તેમણે ગુરુદેવને પ્રણામ કર્યા અને સામે ઊભા રહ્યા, તો ગુરુદેવે કહ્યું, ''બેટા, હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી કારણ કે માતાજીએ તારી સમસ્યાઓનો ભાર પોતાના પર લીધો છે. તું વિશ્વાસ રાખજે, બધું જ સારું થઈ જશે. માતાજી પરમ સમર્થ છે. વિષ્ણુ નારાયણ ફરીથી આશ્ચર્યચકિત થઈ ગયા કે માતાજી ત્યાં અને ગુરુદેવ અહીં. એમને કેવી રીતે ખબર પડી ? એમની આ પરેશાની દૂર કરતાં ગુરુજી બોલ્યાં, ''અરે બેટા, હું અને માતાજી અમે જુદાં થોડાં છીએ'' બસ, બહારથી જ દેખાવ પૂરતાં જ બે છીએ, બાકી આત્મા એક છે.

એમની વાતો પર વિશ્વાસ મુકયા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો, છતાં પણ શિબિર દરમ્યાન એમણે પોતાની શંકાના નિવારણ માટે પ્રયત્ન કર્યો અને શંકાનું સમાધાન થતું ગયું. આ સત્ય હવે પ્રમાણિત થઈ ગયું. એમની એ વાતની ચર્ચા જયારે પોતાના શિબિરાર્થી સાથીદારોને કરી તો બધા મોટેથી હસવા લાગ્યા. હસવાનું કારણ પૂછતાં જણાવ્યું કે આ કોઈ વિચારવાની વાત નથી. અમે તો પહેલેથી જ જાણીએ છીએ કે બન્ને એક જ છે. આ બધાની વાતો સાંભળીને વિષ્ણુનારાયણની શંકા દૂર થઈ. ઘેર પાછા ફરતાં જ માતાજી પ્રત્યે એમની શ્રદ્ધા અનેકગણી વધી ગઈ. કારણ કે એમની દરેક સમસ્યા એક પછી એક ઉકલતી ગઈ.

એમણે પોતાનો એ અનુભવ ગુરુજીને પત્ર લખીને જણાવ્યો. વિષ્ણુનારાયણ જેવો અનુભવ ઘણા બધાને થયો છે કે ગુરુજી અને માતાજી એક જ આત્મચેતનાનાં બે રૂપ છે. મધ્યપ્રદેશના ગ્રામવિસ્તારની એક મહિલા ભકત શિવરાની દેવીની અનુભૂતિ પણ બહુ પ્રગાઢ છે. ઓછું ભણેલી આ મહિલા બહુ સાધનાપરાયણ હતી. બ્રહ્મમુહૂર્તથી લઈને સવાર સુધી ત્રણ કલાક નિયમિત સાધના કરવાનો એનો અટલ નિયમ હતો. ગાયત્રી મહામંત્રના દરેક અક્ષરને તે બહુ ભાવનાથી જપતી હતી. એના આચરણ અને વ્યવહારમાં પણ ખૂબ પવિત્રતા હતી. જપના સમય સિવાય પણ આખો દિવસ ઘરકામ કરતે કરતે તે ગાયત્રીમંત્રના માનસિક જપ અને સૂર્યમંડળમાં બિરાજમાન માતા ગાયત્રીનું ધ્યાન કર્યા કરતી હતી.

એક દિવસ એની નિયમિત સાધનામાં ધ્યાનમાં લીન થઈ ગઈ. પ્રગાઢ ધ્યાનની એ ભાવદશામાં એણે જોયું કે સૂર્યમંડળમાં રહેલી માતા ગાયત્રીએ માતાજીનું સ્વરૂપ લઈ લીધું છે. નિરભ્ર આકાશમાં કેવળ માતાજીની તેજોમય મૂર્તિ બિરાજમાન છે. અખિલ બ્રહ્માંડના બધા ગ્રહો અને નક્ષત્રો એમની આજુબાજુ ફરી રહ્યાં છે. ધીરે ધીરે બધું જ એમનામાં વિલીન થઈ જાય છે. પરમપૂજ્ય ગુરુદેવની મૂર્તિ પણ એ પ્રકાશમાંથી જ નીકળતી દેખાય છે. પછી તેઓ બંને સાથે દેખાય છે. ધ્યાનમાંથી ઉઠ્યા પછી પણ એના મન પર આ જ વિચિત્ર અનુભૂતિ છવાઈ રહી. જો કે એનો અર્થ એને જરા પણ સમજાયો નહિ. ઘણા દિવસો પછી ગાયત્રી તપોભૂમિમાં એક શિબિરમાં ગયા પછી એણે પરમપૂજ્ય ગુરુદેવ સાથે એની ચર્ચા કરી. એના જવાબમાં ગંભીરતાથી ગુરુદેવે કહ્યું, ''બેટી, શક્તિસ્વરૂપા આદ્યશક્તિ મા જ આ સૃષ્ટિની જનની છે. એનાં અનેક રૂપ છે. આપણી ભાવના જેવી હોય છે એવી જ આકૃતિ બની જાય છે. માતાજીની બાબતમાં તારો જે ભાવ છે તે બરાબર છે. હું એમનાથી સહેજ પણ જુદો નથી. એમનું ધ્યાન કરવાનો અર્થ છે - ગુરુસત્તા સાથે, ઋષિયુગ્મ સાથે એકાકાર થવું. એ ભાવને વધારે ગાઢ બનાવતી રહેજે.'' ગુરુદેવનાં આ ગૂઢ આધ્યાત્મિક વચનોનું રહસ્ય એને કોણ જાણે કેટલું સમજાયું, પરંતુ એને પોતાના મનના ઊંડાણમાં મહાશક્તિના સંચાલન કરવાના સામર્થ્યનો વિશ્વાસ અવશ્ય આવ્યો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંચાલક શક્તિનું લૌકિક પ્રાગટ્ય

પહેલીવાર ગુરુદેવ જ્યારે હિમાલય ગયા હતા ત્યારે ગાયત્રી તપોભૂમિમાં કાર્યોનો વિસ્તાર થયો ન હતો. બધા જ કામકાજનું કેન્દ્ર અખંડજ્યોતિ સંસ્થાન હતું. દર મહિને અખંડજ્યોતિના પ્રકાશન સિવાય બીજી કોઈ વિશેષ જવાબદારી ન હતી. મિશનનો ફેલાવો બહુ ઓછો હતો. તેથી ત્યાં બહુ ઓછા લોકો આવતા હતા, પરંતુ બીજીવારની હિમાલયયાત્રા વખતે પરિસ્થિતિ એકદમ જુદી જ હતી. ઈ.સ. ૧૯૫૩માં ગાયત્રી તપોભૂમિનું નિર્માણ થઈ જતાં ત્યાં નિયમિત શિબિરો થતી હતી. આથી જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ લોકો મોટા પ્રમાણમાં આવતા હતા. સન્ ૧૯૫૮ના સહસ્ત્રકુંડી યજ્ઞના આયોજને સ્થિતિને એકદમ બદલી નાખી હતી. આ યજ્ઞ આયોજનથી દેશના ઘણા બુદ્ધિજીવીઓ, સાધકો, રાજનેતાઓ તથા વિશિષ્ટ લોકો ગુરુદેવના દૈવી સ્વરૂપથી પરિચિત થઈ ગયા હતા. એમાંથી દરરોજ કોઈ ને કોઈ આવ્યા જ કરતા હતા.

સ્થિતિ બદલાયા પછી મિશનમાં એક સમર્થ સંચાલકની તાતી જરૂર હતી. ગુરુદેવની ગેરહાજરીમાં આ મોટી જવાબદારી નિભાવવાની જવાબદારી માતાજી પર જ હતી. જો કે આ બાબતમાં કેટલાક કાર્યકર્તાઓના મનમાં ઘણી શંકા હતી. તેઓ વિચારતા હતા કે સીધી સાદી સરળ ગૃહિણીની જેમ જીવન જીવતાં માતાજી આટલી મોટી જવાબદારી કેવી રીતે નિભાવશે ? એ બધા કાર્યકર્તાઓ માતાજીના ભાવપક્ષથી પરિચિત હોવા છતાં એમના બુદ્ધિકૌશલ્ય તથા લોકવ્યવહારની દક્ષતાથી લગભગ અપરિચિત હતા. આ બાબતે તેમની વચ્ચે નિરાશા તથા હતાશાભરી ચર્ચા થતી હતી. કેટલાક તો કહેતા કે ગુરુદેવના ગયા પછી મિશન પડી ભાગશે, તો કેટલાક કહેતા કે ગુરુદેવ આ રીતે માતાજીના હાથમાં બધું સોંપીને હિમાલય જતા રહ્યા તે ઠીક નથી. પોતાની યાત્રા અગાઉ આવી કેટલીક ચર્ચા ગુરુદેવના કાને પડી. તો તેઓ હસ્યા અને કહ્યું, ''શંકા-કુશંકા કરનારા માતાજી વિશે શું જાણે ? એમને શું ખબર કે માતાજી કોણ છે ? એમની શક્તિ કેટલી છે ? પોતાની શક્તિના એક અંશથી બધાને સમર્થ બનાવનારાં માતાજીને હું સારી રીતે જાણું છું.''

માતાજીના દિવ્ય સ્વરૂપ તથા એમની દૈવી ક્ષમતાઓથી સારી રીતે પરિચિત ગુરુદેવે ખૂબ નિશ્ચિંતતાપૂર્વક હિમાલય જવા પ્રસ્થાન કર્યું. ગુરુદેવના હિમાલય ગયા પછી માતાજીએ મિશનનું સમગ્ર સૂત્રસંચાલન પોતાના હાથમાં લઈ લીધું. જો કે તે વખતે એમની ઉપર ઘર તથા કુટુંબની જવાબદારીઓ પણ ઘણી હતી. બાળકોનો અભ્યાસ ચાલતો હતો. એમની પાસેથી કોઈ મદદની આશા નહોતી. પોતે એકલાંએ જ સાધના, ઘરનું કામકાજ, પત્રલેખન, અખંડજ્યોતિ પત્રિકાનું સંપાદન તથા પ્રકાશન ઉપરાંત ગાયત્રી તપોભૂમિનાં કાર્યોનું ધ્યાન રાખવાનું હતું. એ ખરું કે આ બધાં કાર્યોમાં મદદ કરવા કાર્યકર્તાઓ હતા, પણ તે બધાય સહયોગી નહોતા. માતાજીના દૈવી સ્વરૂપને ન જાણવાના કારણે તથા શ્રદ્ધા-ભક્તિના અભાવના લીધે એમનામાંથી કેટલાક બહુ દુઃખી થઈ ગયા હતા. પોતાની માનસિક વિપન્નતાના લીધે તેઓ ક્યારેક ક્યારેક ઊંઘાંછતાં કામ પણ કરી બેસતા હતા.

પોતાના આરાધ્ય પ્રત્યેની પરિપૂર્ણ નિષ્ઠાની સાથે માતાજી રાત-દિવસ કામ કરતાં રહેતાં. ઘર અને મિશનનાં અનેક કાર્યો ઉપરાંત દુઃખી શિષ્યોને પોતાની આધ્યાત્મિક શક્તિથી મદદ કરવાની જવાબદારી પણ એમના ઉપર હતી. તેઓ ક્યારે શું કરે છે તે એમની પાસે રહેનારા લોકો પણ બરાબર સમજી શકતા નહોતા. બધાને એટલી ખબર પડતી કે બધાં કામ સમયસર અને સારી રીતે થઈ રહ્યાં છે. માતાજીના આ દૈવી સંચાલનથી એ વિપન્ન બુદ્ધિવાળા લોકો હતપ્રભ થઈ જતા હતા કે જેઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મદદ કરવાની આડમાં વિરોધ તથા દ્વેષનાં કુચક્ર રચતા હતા. માતાજી એમનાં ષડયંત્રોથી અજાણ નહોતાં, પરંતુ પોતાનાં આ બુદ્ધિહીન સંતાનો પ્રત્યે તેમનામાં કરુણાનો ભાવ હતો. એ કુપુત્રો પ્રત્યે પણ માના વાત્સલ્યમાં કોઈ ઓટ નહોતી આવી.

એ દિવસોમાં જ એકવાર ગાયત્રી તપોભૂમિમાં કાર્યકર્તાઓની વચ્ચે ઝઘડો થઈ ગયો. એ નકામા ઝઘડાને શાંત પાડવા માટે માતાજીને જવું પડ્યું. તેમણે ત્યાં જઈને બધા લોકોને ભેગા કર્યા. પછી બધાને કહ્યું, "બેટા, હું તમારામાંના દરેકને સારી રીતે જાણું છું. તમે લોકો આટલા દિવસોથી જે કરી રહ્યા છો તેનાથી હું પરિચિત છું. બધાની વચ્ચે નામ લઈને તેમને શરમિંદા તો નહિ કરું, પણ તમારામાંથી જેણે જે કર્યું તેનાં કામોનો ખુલાસો કરી દઉં છું. એનાથી તમને ખબર પડી જશે કે હું બધું જ જાણું છું." આમ કહીને માતાજીએ દરેક કાર્યકર્તાએ જે ગરબડ કરી હતી તે ગણી બતાવી. આર્થિક ગરબડીની સાથે સાથે વિરોધ તથા દ્વેષનાં કુચક્રોનો તેમણે એક એક કરીને ખુલાસો કરવા માંડ્યો. જેમ જેમ તેઓ બોલતાં ગયાં તેમ તેમ સાંભળનારાઓનાં માથાં શરમથી ઝૂકવા લાગ્યાં. બધું કહ્યા પછી તેઓ બોલ્યાં, "બેટા, અત્યાર સુધી હું ચૂપ રહી એનું કારણ એ નથી કે મને કશી ખબર નહોતી. એનું કારણ ફક્ત એટલું જ હતું કે હું મા છું અને મા દરેક પરિસ્થિતિમાં પોતાનાં બાળકોને પ્રેમ કરે છે. પછી એ છોકરાં ભલે ને ગમે તેવાં હોય. બાકી રહી મિશનની વાત, તો એનું સર્જન ભગવાને કર્યું છે. તે જ એને આગળ વધારી રહ્યો છે. ભલે ગમે તેટલા લોકો ગમે તે રીતે સ્વાર્થના કારણે કે પછી પોતાની કુટિલતાના કારણે એનો વિરોધ કરે, પણ તે તો ગમે તે પરિસ્થિતિમાં આગળ વધવાનું જ છે."

માતાજીની વાતો સાંભળી સાંભળનારા અવાક્ થઈ ગયા. એમનામાંથી જેમની ભાવનાઓ સાવ મરી પરવારી ન હતી અને જેઓ કોઈના બહેકાવવાથી માર્ગ ભૂલી ગયા હતા તેમણે રડતાં રડતાં માતાજીનાં ચરણોમાં પડીને માફી માગી. માએ પણ પોતાના આ અજ્ઞાની બાળકોના માથા પર હાથ ફેરવીને એમને માફ કરી દીધા, પરંતુ કેટલાકના મનમાં તો હજુ પણ મેલ હતો. એમણે પહેલાં તો એ જાણવાની કોશિશ કરી કે માતાજીને એ બધી વાતોની ખબર કેવી રીતે પડી. જ્યારે પોતાની એ કોશિશમાં તેઓ હારી ગયા ત્યારે હારી-થાકીને એમણે માતાજીની દિવ્યશક્તિ પર વિશ્વાસ કરવો પડ્યો. એમ છતાં તેઓ પોતાની પ્રવૃત્તિઓ બદલવા તૈયાર નહોતા. તેમણે પોતાના કાવાદાવા ચાલુ રાખ્યા, પરંતુ મહાશક્તિની સંચાલન કરવાની શક્તિથી મિશનની પ્રવૃત્તિઓ સુનિયોજિત તથા સુનિયંત્રિત રીતે ચાલતી રહી.

એ દરમ્યાન ગુરુદેવની હિમાલયયાત્રાની અવધિ પણ પૂરી થઈ. તેઓ નક્કી કરેલા સમયે પાછા આવ્યા. એમના આવતાની સાથે જ માતાજીએ સમગ્ર સૂત્રસંચાલન એમના હાથમાં સોંપી દીધું. અંતર્યામી ગુરુદેવને વગર બતાવ્યે જ બધી પરિસ્થિતિની ખબર પડી ગઈ. એમણે દોષિત લોકોની સામે કઠોર કાર્યવાહી કરવાનો નિશ્ચય કર્યો, પરંતુ અહીં પણ માની મમતા આડી આવી. એમણે ગુરુદેવને કહ્યું કે હવે રહેવા દો. એ જેવાં હોય તેવાં પણ મારાં બાળકો છે. જ્યારે ગુરુદેવે મિશનના ભાવિ ફેલાવાની વાત કરીને એમને બહુ સમજાવ્યાં ત્યારે તેઓ ખૂબ દુઃખી મનથી તૈયાર થયાં. એમાંય એમણે પોતાની શરત મૂકી. તેમણે કહ્યું કે એમને નવું જીવન શરૂ કરવા માટે પૂરતું ધન આપો અને તમે લખેલા મૌલિક તથા અનુવાદિત સાહિત્યના પ્રકાશનનો અધિકાર આપો. એમની આ વાત પર ગુરુદેવ હસ્યા અને કહ્યું, "તમારી મમતાની સામે તો ત્રિલોકના સ્વામીને પણ ઝૂકવું પડે, તો પછી મારી શું વિસાત ? તમે જેવું ઈચ્છો તેવું જ થશે." બધું માતાજીની ઈચ્છા પ્રમાણે જ થયું. જે આત્મદાનીઓને વિદાય કર્યા તેઓ પોતાના હૃદયમાં માતાજીના અસીમ પ્યારની અનુભૂતિ લઈને ગયા. માતાજીની દિવ્યશક્તિઓ અને ગુરુદેવના તપના તેજે મિશનમાં ફરીથી નવો પ્રાણ ફૂંક્યો. વીતતાં વર્ષોની સાથે મહાશક્તિના દિવ્ય સાધનાસ્થળના રૂપમાં શાંતિકુંજની પૃષ્ઠભૂમિ બનવા લાગી.

❖ ❖ ❖



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભાવભરી વિદાય લઈને શાંતિકુંજ આગમન

શાંતિકુંજના શરૂઆતના દિવસોના થોડા સમય પહેલાં મમતામયી માતાજીને ખૂબ મુશ્કેલ પરીક્ષામાંથી પસાર થવું પડ્યું. પરીક્ષાની એ પળો ઉકળતી, વિકળ અને વિહ્વળ ભાવનાઓથી ઘેરાયેલી હતી. મથુરા છોડતી વખતે ગુરુદેવે વિદાય સમારોહનું આયોજન કર્યું હતું કે જેથી પરિજનો એમને ત્રીજીવાર હિમાલય જતા પહેલાં મળી શકે. પોતાના મનની વાત કહી શકે અને એમની વાત સાંભળી શકે. આ હિમાલયયાત્રા અગાઉની યાત્રાઓ કરતાં અસામાન્ય હતી. આ વખતે એ નક્કી નહોતું કે તેઓ પાછા આવશે કે પછી પોતાની માર્ગદર્શક સત્તાની આજ્ઞા અનુસાર એમની પાસે ત્યાં જ રહીને વિશ્વકલ્યાણ માટે તપ કરશે. જેમને હંમેશાં પોતાના અંગ જેવા માન્યા, પોતાની પ્રાણશક્તિનું અનુદાન આપીને જેમને પાળ્યા પોષ્યા એમનાથી વિદાય લેવાનું ગુરુદેવ માટે હૃદયવિદારક હતું. પોતાના હૃદયની આ વ્યથાને તેઓ લગભગ એક-દોઢ વર્ષથી અખંડજ્યોતિમાં લખીને પરિજનોને જણાવી પણ રહ્યા હતા.

પરંતુ ભાવમયી માતાજી બધું સહન કરવા છતાં મૌન હતાં. ખરેખર એમના હૃદયની વ્યથા તો ગુરુદેવ કરતાં પણ અનેકગણી વધારે તથા ઊંડી હતી. જેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ કરુણા તથા કોમળ સંવેદનાઓનો ઘનીભૂત પુંજ હતો એ ભાવમયી જગદંબાને એ દિવસોમાં એક પછી એક એમ અનેક ભાવનાત્મક આઘાત ઝીલવા પડ્યા હતા. સૌથી પહેલાં તો એમને પોતાની પુત્રી શૈલો (શૈલબાળા) ને વિદાય કરવાની હતી. ગાયત્રી જયંતી (ત્રીજી જૂન, ૧૯૭૧)ના દિવસનું એ લગ્ન એમના માટે પુલકન અને અશ્રુઓથી ભરેલું હતું. હર્ષ થવાનું કારણ એ હતું કે તેઓ પોતાની પુત્રીની સાસરીવાળાઓના ગુણોથી પરિચિત અને નિશ્ચિંત હતાં. એમને એ પણ ખબર હતી કે તેમના જમાઈ ડો.પ્રણવ પંડ્યાજી સુપાત્ર છે. એમનામાં સમસ્ત દૈવી સંભાવનાઓ વિદ્યમાન છે. એમની પાસે પોતાની પુત્રી બધી રીતે સુખી રહેશે, પોતાના જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરશે, પરંતુ સાથે સાથે તેમને એ પણ ખબર હતી કે પોતાની લાડલી દીકરી જ્યારે પહેલીવાર સાસરેથી વિદાય થઈને પિયરમાં આવશે ત્યારે પોતે એમના સ્વાગત માટે ત્યાં નહીં હોય. તે વખતે તેઓ ગંગાની ગોદ અને હિમાલયની છાયામાં બનેલા દિવ્ય સાધનાસ્થળ એવા શાંતિકુંજમાં એકાંતમાં તપ કરી રહ્યાં હશે.

વાત માત્ર દીકરીથી જુદા થવા પૂરતી સીમિત નહોતી. એમને દીકરા અને વહુથી પણ વિદાય લેવાની હતી. એમને કાચી ઉંમરમાં અખંડજ્યોતિ સંસ્થાનની ભારે જવાબદારી સોંપીને તેઓ જઈ રહ્યાં હતાં. દીકરા સતીશ (મૃત્યુંજય શર્મા)ને એ કામનો કોઈ અનુભવ નહોતો. વહુ નિર્મલ પણ ઘરની બાબતોમાં મોટેભાગે માતાજી પર જ આધાર રાખતી હતી. માતાજી જ એમના માટે સર્વસ્વ હતાં, પરંતુ માને પોતાના આ બાળકોથી જુદા થવાનું જ હતું. એમને પોતાની માત્ર બે વર્ષની પૌત્રીથી પણ વિદાય લેવાની હતી. તે હજુ હમણાં જ ચાલતાં શીખી હતી. એના માટે માતાજીનો ખોળો એ જ આખો સંસાર હતો. તેને જો માતાજી થોડીવાર માટે પણ પોતાનાથી અળગી કરે તો તે રડવા લાગતી. ભાવમયી માતાજીને પોતાનાં બાળકોથી વિદાય લેતાં એમનું કાળજું ચિરાઈ જતું.

જિંદગીની અનેક પીડાઓને ખૂબ સહેલાઈથી હસતા મુખે સહન કરનારાં માતાજીને એમની વ્યાકુળ ભાવનાઓ આજે બેચેન બનાવી રહી હતી. પોતાનાં અંગનાં બાળકો ઉપરાંત વિશ્વજનનીનાં બીજાં પણ બાળકો હતાં, જે સદાય એમને માતાજી કહ્યા કરતાં હતાં. સુખમાં, દુઃખમાં તથા સંકટમાં એમને માત્ર પોતાનાં માતાજીને પોકારતાં જ આવડતું હતું. એમને આખા સંસારમાં ફક્ત માતાજી પર જ ભરોસો હતો. એમાંના મોટાભાગના એમને વિદાય આપવા આવ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતા. એ બધાયની આંખો ભીની હતી. એમની ઉંમરનો તફાવત ભલે હોય, પણ ભાવનાઓમાં કોઈ તફાવત નહોતો. એ બધાયનું હૃદય કહી રહ્યું હતું કે પિતાજી અમને છોડીને મહાતપ માટે હિમાલય જઈ રહ્યા છે, તેથી અમારા માટે હે મા, તમે રોકાઈ જાઓ. કોઈ કશું બોલતું નહોતું, પણ બધાંય રડી રહ્યાં હતાં. બધાનાં મન અને પ્રાણમાં ખૂબ હાહાકાર મચી ગયો હતો. પોતાનાં અસંખ્ય સંતાનોની આ હાલતથી મા જગદંબા વિહ્વળ અને વ્યાકુળ હતાં. પોતાના પ્રાણપ્રિય સંતાનોને આ રીતે ડૂસકાં ભરતાં જોઈને કોઈ સામાન્ય મા પણ શાંત ન રહી શકે, તો આ તો ભાવમયી ભગવતી હતાં. એમનાં બાળકો જ એમના માટે જીવન હતું. વેદનાની ઊંડી ચોટને પોતાના હૃદયમાં ધરબીને અનેક હૃદય પોતાની માતાને એમની એકાંત સાધના માટે વિદાય આપી રહ્યાં હતાં. બધાંને ખબર હતી કે તેઓ હરિદ્વારમાં રહેવાનાં છે. જો ખાસ જરૂર પડે તો એમને મળી શકાશે, પરંતુ એ વખતે હરિદ્વારમાં મથુરા જેવી સુગમતા નહોતી.

વિયોગના આ કરુણ પ્રસંગે એક બીજો પણ મહાવિયોગ હતો. વિદાયની એ મહાઘડીમાં જ્યારે બધા વિદાય લઈ રહ્યા હતા અને વિદાય આપી રહ્યા હતા ત્યારે એમને (માતાજીને) પણ પોતાના આરાધ્યને વિદાય આપવાની હતી. જો કે એમને તો મથુરાના બદલે શાંતિકુંજ, હરિદ્વારમાં આવીને વિદાય આપવાની હતી. છલકાતાં, વિખરાતાં અશ્રુઓની વચ્ચે ગુરુદેવ અને માતાજીની લાડલી પુત્રી શૈલો પોતાના સૌભાગ્ય સિંદૂર ડો. પ્રણવ પંડ્યા તથા સાસરિયાંઓ સાથે વિદાય થઈ. પોતાની વ્યાકુળતાના મહાતોફાનરૂપી ચક્રવાતની સાથે એક એક કરીને બધા પરિજનો પણ વિદાય થયા. ગાયત્રી તપોભૂમિના કાર્યકર્તાઓને પં. લીલાપત શર્માના માર્ગદર્શનમાં ત્યાં જ રહીને કર્તવ્યસાધના કરવાની હતી. એમની ભાવનાઓ ગમે તેટલા ધમપછાડા મારતી હોય, પરંતુ મર્યાદા પ્રભુ શ્રીરામ તથા માતા ભગવતીની સાથે જવાની રજા નહોતી. પ્રભુનું અનુશાસન શિરોધાર્ય કરીને તેઓ બધાય ત્યાં જ કામ કરવામાં રત થઈ ગયા.

ગુરુદેવની સાથે મમતામયી માએ શાંતિકુંજ જવા માટે પ્રસ્થાન કર્યું. એમની સાથે વર્ષોની તપસાધનાથી સિદ્ધ થયેલા અખંડ દીપકને સંભાળવા માટે બેત્રણ કાર્યકર્તા હતા. આ યાત્રા પણ પૂરી થઈ. ગુરુદેવ શાંતિકુંજમાં થોડા દિવસ રહ્યા, પરંતુ માતાજીએ એમને હિમાલયમાં તપ કરવા જવા વિદાય આપવાની જ હતી. જેમના એક ઈશારાથી ઘર-પરિવારના સભ્યો, સ્વજનો, પરિજનો બધાને એક પળની પણ વાર લગાડયા વગર છોડી દીધા તેઓ જ આજે પોતાને છોડીને ખૂબ દૂર હિમાલયની ગહનતામાં તપ કરવા જઈ રહ્યા હતા. આ વિયોગ ખૂબ કરુણ હતો. વિદાયની એ પળો ખૂબ વેદનામય હતી. છતાં એ વેદનાને કોઈપણ ભોગે સહેવાની જ હતી. વિશ્વહિત માટે પોતાના આરાધ્યની વિદાયના આ કડવા ઘૂંટને શાંત ભાવે પી ગયા સિવાય બીજો કોઈ આરો ન હતો.

એક દિવસ પ્રાતઃકાળે ગુરુદેવ હિમાલય જતા રહ્યા. જયારે તેઓ ગયા ત્યારે માતાજીને બાદ કરતાં બીજા બધા લોકો સૂઈ રહ્યા હતા. તેઓ જાગ્યા ત્યારે માતાજીએ બધાંને સાંત્વન અને દિલાસો આપ્યો. માતાજીનું આશ્વાસન મેળવીને બધા પોતપોતાને ઘેર ગયા. માત્ર બેત્રણ જણ જ રહ્યા કે જેમને વિશ્વજનની માતાજીની સાથે રહીને એમની સેવા કરવાનું સૌભાગ્ય મળ્યું હતું. એમની સાથે માતાજી પોતાના આરાધ્યનું ચિંતન કરતાં કરતાં શાંતિકુંજમાં પોતાના પ્રારંભિક દિવસો ગુજારવા લાગ્યાં. એ વખતે શાંતિકુંજ આજના જેટલું વિશાળ નહોતું. આજે જ્યાં અખંડ દીપકની સ્થાપના કરવામાં આવી છે એ બેચાર જ ઓરડા હતા. પાણી માટે એક કૂવો હતો. એક ગાય હતી, જેના ઘીથી અખંડ દીપક સળગતો રહેતો. શાંતિકુંજનું વાતાવરણ પુરાણોમાં વર્ણવેલા પ્રાચીન તપસ્વી ઋષિઓના આશ્રમ જેવું હતું. એ વખતે ત્યાં કોઈની આવનજાવન થતી નહોતી. બસ, માતાજીની સાધના જ અહીંની બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતી. એમની એ સાધનાથી જ સમગ્ર ગાયત્રી પરિવારને પ્રાણ તથા પ્રકાશ મળતો હતો.

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શાંતિકુંજનું સમગ્ર સૂત્ર-સંચાલન

સૂત્ર-સંચાલિકા રૂપે આમ તો માતાજી પોતે શાંતિકુંજ આવ્યાં ત્યારથી જ ક્રિયાશીલ હતાં, પરંતુ ગુરુદેવ હિમાલયથી પાછા ફર્યા પછી તેમણે ફરીથી પોતાની જાતને પરોક્ષ ભૂમિકામાં સમેટી લીધી હતી. આમ કરવા પાછળ કોઈ જાતનું અયોગ્ય કારણ ન હતું,પણ તેઓ શ્રેય અને યશકામનાવિહીન, પોતાના ગુરુ-માર્ગદર્શક અને આરાધ્ય પ્રતિ સંપૂર્ણ સમર્પિત સાધિકાનો આદર્શ રજૂ કરવા ઈચ્છતાં હતાં. તેઓ પોતે એ રીતે જીવીને પોતાનાં બાળકોને બતાવવા ઈચ્છતાં હતાં, શીખવવા ઈચ્છતાં હતાં કે શિષ્યત્વ શું છે ? શિષ્ય કેવો હોય છે ? સાધનામાં સમર્પણનું શું મહત્ત્વ છે ? સર્વેશ્વરી મા સિવાય ભલા, બીજું કોણ પોતાનાં બાળકો માટે આવું ત્યાગમય, કષ્ટમય અને આદર્શપૂર્ણ જીવન જીવે ? અધ્યાત્મ-સાધકો માટે માતાજીની આ જીવનશૈલી ગમે તેટલી આદર્શનિષ્ઠ કેમ ન હોય, પણ મિશનને એમનાં કુશળ નેતૃત્વની જરૂર હતી. ગુરુદેવ એ શરતે જ હિમાલયથી પાછા ફર્યા હતા કે તેઓ પૂર્ણ એકાંતમાં સતત ઉચ્ચસ્તરીય આધ્યાત્મિક પ્રયોગોમાં પ્રવૃત્ત રહેશે.

આ દરમિયાન, ગુરુદેવ અવારનવાર એકલા શાંતિકુંજ જ નહિ, સંપૂર્ણ મિશનનાં સૂત્રસંચાલન માટે માતાજીને પ્રશિક્ષિત અને પ્રોત્સાહિત કરતા રહેતા હતા. શક્તિપીઠોમાં આદિશક્તિની પ્રાણપ્રતિષ્ઠા માટે જયારે તેઓ પ્રવાસ પર ગયા, ત્યારે તેમનો આવો આગ્રહ ઘણો વધી ગયો. પ્રવાસ દરમિયાન, દરરોજ તેઓ માતાજીને એક પત્ર લખીને પોતાનાં કાર્યોનું વિવરણ લખી મોકલતા હતા. ટપાલ વ્યવસ્થામાં ગરબડને કારણે પહેલાંનો પત્ર પછી અને પછીનો પત્ર પહેલાં મળી શકે એમ વિચારીને તેઓ પ્રત્યેક પત્રમાં પત્રસંખ્યા લખવાનું ભૂલતા ન હતા. દરરોજ લખાયેલા આ પત્રો હજુ પણ શાંતિકુંજમાં સુરક્ષિત છે. આ બધા પત્રોમાં કોઈપણ એક સાર તત્ત્વ શોધવામાં આવે તો તે એ છે કે ગુરુદેવ માતાજીને મિશનના પ્રત્યક્ષ સૂત્રસંચાલન માટે તૈયાર કરી રહ્યા હતા. આ પત્રોની ભાષા અને શૈલીથી વારંવાર એ જ સત્ય ધ્વનિત થાય છે કે માતાજી સૂત્રસંચાલનનો કાર્યભાર પોતાના સમર્થ હાથોમાં લે.

શક્તિપીઠોનો પ્રવાસ કાર્યક્રમ પૂરો થયાના થોડા સમય બાદ ગુરુદેવ પર અસુરતાએ હુમલો કર્યો. આ ઘટના સન્ ૧૯૮૪ની શરૂઆતની છે. આસુરી શક્તિઓએ પોતાના નીચ ગુણોને અનુરૂપ એક વ્યક્તિને માધ્યમ બનાવીને ગુરુદેવ પર આક્રમણ કર્યું. એ વખતે શાંતિકુંજમાં કલ્પ સાધના સત્ર ચાલી રહ્યું હતું. શિબિરમાં ભાગ લેવા આવેલા તમામ પરિજનો પોતાના સાધનાત્મક કાર્યક્રમોમાં વ્યસ્ત હતા. એ દિવસોમાં ગુરુદેવ બધાં માટે મોટાભાગે બધો જ સમય સર્વસુલભ પણ રહેતા હતા. આનો જ લાભ લઈને એ દુષ્ટ વ્યક્તિ ઉપર ગઈ અને તેણે ગુરુદેવ પર પ્રાણઘાતક હુમલો કર્યો. જો કે ગુરુદેવના સમર્થ પ્રતિકારને કારણે તેને ઝાઝી સફળતા ન મળી અને તે ડરીને ભાગી નીકળી. એક રીતે તો કરુણામૂર્તિ ગુરુદેવે પોતે જ એ કાયર અને ડરપોકને ભાગી જવાની તક આપી. પણ આ ઘટનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે માધ્યમ ગમે તે હોય, પરંતુ આસુરી શક્તિઓનું એટલું સાહસ તો વધી જ ગયું કે તે દેવશક્તિઓના કેન્દ્ર શાંતિકુંજમાં ઘૂસીને દેવશક્તિઓના મહાનાયક ગુરુદેવ પર હુમલો કરવાની હિંમત કરી શકે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ એક પડકાર હતો, જેનો ગુરુદેવે પ્રસન્નભાવે સ્વીકાર કર્યો અને તેઓ અસુરતાને સમર્થ રીતિથી ઉત્તર આપવા માટે સૂક્ષ્મીકરણ સાધનામાં ચાલ્યા ગયા. પરિપૂર્ણ એકાંતમાં ચાલનારી આ સાધનાનો આશય વિશ્વવસુધા પર છવાતા જતા આસુરી આતંકને દૂર કરવાનો હતો. સાથોસાથ ત્રીજા વિશ્વયુદ્ધની એ ભયાનક સંભાવનાઓને સમાપ્ત કરવાની હતી, જેની ભવિષ્યવાણી લાંબા સમયથી દુનિયાભરના તમામ ભવિષ્યવેત્તાઓ કરતા આવ્યા હતા. સન્ ૧૯૮૪ની રામનવમીના દિવસે યોજનાબદ્ધ રીતે ગુરુદેવ એકાંતમાં ચાલ્યા ગયા બાદ મિશનના સૂત્ર સંચાલનની તમામ જવાબદારી માતાજી પર આવી ગઈ. આ જવાબદારી સાથે બીજી મોટી જવાબદારી પણ તેમના પર હતી. ગુરુદેવ દ્વારા કરવામાં આવનાર અત્યંત દુષ્કર અને દુર્ગમ સૂક્ષ્મીકરણ સાધનામાં તેઓ તેમનાં સમર્થ સહયોગિની પણ હતાં. આ દિવસોમાં ગુરુદેવ જે સૂક્ષ્મીકરણ સાધના કરી રહ્યા હતા, તે યોગ અને તંત્રનો અત્યંત ઉચ્ચસ્તરીય અને ગોપનીય પ્રયોગ હતો.

આ કામ માટે ગુરુદેવે ચોથી વાર હિમાલયની યાત્રા કરવી પડી, પરંતુ આ વખતની યાત્રા એમણે સૂક્ષ્મ શરીરથી કરી. આ દરમિયાન, માતાજીએ પોતાની સમર્થ સાધનાશક્તિથી ગુરુદેવના સ્થૂળ શરીરની આસુરી પ્રકોપોથી રક્ષા કરી. આ હિમાલય યાત્રામાં ગુરુદેવને તેમણે કરવાની અલૌકિક સાધનાનાં વિધિવિધાન બતાવવામાં આવ્યાં. વિશ્વહિતમાં તેનાં અત્યંત પ્રભાવકારી પરિણામ બતાવવાની સાથોસાથ સાધના માટે આવશ્યક સાવધાની પણ ગણાવવામાં આવી. એમ પણ કહેવામાં આવ્યું કે સાધનાકાળમાં આસુરી શક્તિઓ જાતજાતના ઉપદ્રવ મચાવવામાં, તમામ પ્રકારનાં વિઘ્ન પહોંચાડવામાં કોઈ કસર બાકી રાખશે નહિ. આ વિઘ્ન અને ઉપદ્રવો સિવાય પોતાની સૂક્ષ્મ ચેતનાને પાંચ સમર્થ સ્વરૂપ પ્રદાન કરવાની આ પ્રક્રિયામાં અસ્તિત્વમાં એટલી જાતના શક્તિ વિસ્ફોટ થશે કે ગમે ત્યારે સ્થૂળ દેહ છૂટવાનું જોખમ ઊભું રહેશે. આવી સ્થિતિમાં સ્થૂળ દેહની સુરક્ષા અને સંરક્ષણ માટે કોઈ સમર્થ શક્તિનું સ્થૂળ રૂપે દિવ્ય સંરક્ષણ જરૂરી છે. આ કાર્ય કેવળ અને કેવળ માતાજી જ કરી શકે છે. શક્તિસ્વરૂપા માતાજી પરમ સમર્થ અને સૌના માટે, એટલે સુધી કે અમે સૌ હિમાલયવાસી ઋષિગણો માટે પણ પરમ વંદનીય છે. એમના જ સંરક્ષણમાં આ સાધના સફળ થઈ શકે છે.

માર્ગદર્શક સત્તા અને હિમાલયવાસી ઋષિસત્તાઓના સંમિલિત આદેશ અનુસાર પરમપૂજ્ય ગુરુદેવે પોતાની સૂક્ષ્મીકરણ સાધનાનો કાર્યક્રમ બનાવ્યો. પરમ વંદનીય માતાજી પર બેવડી જવાબદારી આવી પડી. રાત્રિના વખતે ગુરુદેવની સાધનામાં સમર્થ સહયોગ આપતાં આપતાં, આખો દિવસ તેમણે મિશનનાં તમામ કામકાજની દેખભાળ કરવાની હતી, બધા પ્રકારની વ્યવસ્થા માટે માર્ગદર્શન આપવાનું હતું. નાના-મોટાં સૌની દરેક વાત સાંભળીને નિર્ણય આપવાનો હતો. ક્ષેત્રમાં કાર્યરત કાર્યકર્તાઓની સમસ્યાનો ઉકેલ લાવવાનો હતો. આ બધાં કામોની સાથે કષ્ટ અને પીડામાં પડેલાં પોતાનાં એ બાળકોનું ધ્યાન પણ રાખવાનું હતું, જેઓ પોતાની પ્રિય મા સિવાય બીજું કાંઈ જાણતાં જ નથી, જયારે-ત્યારે કોઈ પણ નાની મોટી મુસીબત આવતાં મા-મા પોકારવા લાગે છે. તેમણે એવા લોકોની દેખભાળ પણ કરવાની હતી, જેઓ ગુરુદેવ પાસે ભાતભાતની આશા રાખતા રહે છે. આ નાદાનોને તો એ પણ ખબર નથી કે ગુરુદેવ અત્યારે ગહન સાધનામાં છે અને અત્યારે એમની એકાગ્રતામાં ખલેલ પહોંચાડવી કોઈ પણ રીતે યોગ્ય નથી.

પરમ સમર્થ અને પરમ વંદનીય માતાજીએ એકસાથે આ તમામ જવાબદારીઓ નિભાવી, ખૂબ સુંદર રીતે નિભાવી. સદા એકાંતમાં રહેનાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માતાજીને લોકોએ ૧૯૮૪માં જ્યારે પહેલી વાર ટોળીઓના વિદાય પ્રસંગે પ્રવચન મંચ પર બોલતાં સાંભળ્યાં તો તેઓ હતપ્રભ બની ગયા. અવિરલ પ્રવાહિત થઈ રહેલ વાણી તથા અદ્‌ભુત અને ભાવપૂર્ણ શબ્દ સંયોજનથી અભિવ્યક્ત થતી એમની શક્તિધારાએ સૌને વિસ્મય-વિમુગ્ધ અને ઉલ્લાસથી તરબોળ કરી દીધા. સૌનાં મન પરમ વંદનીય માતાજીનો જયઘોષ કરતાં નાચી ઊઠ્યાં. આ વખતે બીજી પણ એક સચ્ચાઈ પ્રગટ થઈ. ક્ષેત્રમાંથી આવનાર કાર્યકર્તાઓ જ્યારે આ દરમિયાન માતાજીને મળ્યા તો અંતર્યામી માએ ખુલ્લા દિલે તેમને પોતાની યોગશક્તિનો પરિચય આપ્યો. પહેલાં તેઓ સદાય પોતાને ગુપ્ત રાખતાં હતાં. કોઈ વ્યક્તિ કોઈ સમસ્યા જણાવે તો ઘણુંખરું તેઓ કહેતાં કે બેટા તું ગુરુદેવને મળી લે. એમને તારી બધી વાત જણાવી દે, હું પણ એમને તારી વાત કહી દઈશ.

પરંતુ આ વખતે તો સૌને સ્થિતિ બદલાયેલી લાગી. મળનારી પ્રત્યેક વ્યક્તિએ અનુભવ્યું કે તેમની પોતાની માએ સમગ્ર સૂત્રસંચાલન પોતાના હાથમાં લઈ લીધું છે અને મા જ્યારે સૂત્રસંચાલિકા હોય છે તો તે કોઈ વહીવટદાર કે વ્યવસ્થાપક નથી હોતી. તે તો વ્યવસ્થા અને વહીવટના માધ્યમથી પણ બન્ને હાથે પોતાના માતૃત્વને, પોતાના વાત્સલ્યને લુંટાવે છે. પરમ વંદનીય માતાજી તો મિશનની વ્યવસ્થા અને વહીવટની સામાન્ય લૌકિક શક્તિઓની સાથે પોતાની ઉચ્ચસ્તરીય આધ્યાત્મિક શક્તિઓ પણ લુંટાવવા માંડ્યાં હતાં. સૌ પર એમના આશિષ વરસવા લાગ્યા હતા. સર્વેશ્વરી પોતાનાં તમામ સંતાનો પર અતિશય કૃપાળુ બની ગઈ હતી. સમસ્ત સૂત્ર સંચાલનમાં એમનું માતૃત્વ છવાઈ ગયું હતું. તેઓ પોતાના પાલવથી આશિષની વૃષ્ટિ કરી રહ્યાં હતાં.

* * *

***પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં અનેક ભક્તોની લાંબી લાઈન લાગી હતી. લોકો સ્તુતિ કરતા અને ભેટ ચઢાવીને ચાલ્યા જતા હતા. લક્ષ્મીજીએ ભગવાનને કહ્યું કે આટલા બધા ભક્તો આવ-જા કરી રહ્યા છે છતાં આપ નીચી દૃષ્ટિ રાખીને ઉદાસ કેમ ઊભા છો ?***

***ભગવાને કહ્યું, ''દેવી ! મેં અંત સુધી નજર નાખીને જોઈ લીધું. સૌ પોતપોતાના સ્વાર્થ માટે આવ્યા છે. મારા માટે એક પણ આવ્યો નથી. મારા માટે જે કોઈ આવે છે તેને જોઈને મારી આંખો દ્રવિત થઈ જાય છે. હૃદય પુલકિત થઈ ઊઠે છે.''***

***લક્ષ્મીજી ઉદાસ થતાં બોલ્યાં. ''શું એવું કોઈ પણ નથી જે આપણા માટે આપણી પાસે આવે?'' ભગવાને કહ્યું એક તુકારામ છે, પણ તે બીમાર પડ્યો છે. ચાલીને અહીં આવી પણ શકતો નથી. ખાટલામાં દર્શન માટે વ્યાકુળ પડ્યો છે. લક્ષ્મીજીની ઉદાસીનતા ગાયબ થઈ. તેઓ બોલ્યાં, ''પ્રભુ! તો ચાલોને, આપણે જ એને દર્શન આપી આવીએ.''***

***મંદિરમાં મૂર્તિ સમક્ષ દર્શનાર્થીઓની ભીડ જામેલી હતી. પડાપડી થતી હતી. જ્યારે ભગવાન તો સાચા દર્શનાર્થીની શોધમાં તુકારામના પલંગની સામે ઊભા હતા.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરદેશી પરિજનો પામ્યા ભાવભર્યા લાડપ્યાર

વિશ્વમાતા વિશ્વભરમાં ફેલાયેલાં તેનાં બાળકોને લાડપ્યાર આપવાની તૈયારી કરવા લાગ્યાં. આમ તો એકલું વિશ્વ જ નહિ અનંત-અનંત બ્રહ્માંડ એમનું જાણીતું હતું. સૂક્ષ્મ શરીરથી એમણે અનેક રહસ્યમય યાત્રાઓ કરી હતી. બાળકોનો પ્રેમભર્યો પોકાર સાંભળી દુનિયાના કોઈપણ ખૂણામાં પહોંચવું એ એમનો સ્વભાવ હતો. ક્યારેક સ્વપ્નોના માધ્યમથી તો ક્યારેક ધ્યાનની ભાવદશામાં તેઓ પોતાના સંતાનોના હૃદયને અનોખી તૃપ્તિ પ્રદાન કરતાં હતાં. જો કે આ બધું તેઓ સૂક્ષ્મ શરીરથી કરતાં હતાં. સ્થૂળ દેહથી તો તેમણે ક્યારેય કોઈ વિદેશ યાત્રા કરી ન હતી. આવી યાત્રા કરવાની તેમની કોઈ ઈચ્છા પણ ન હતી. પરદેશી પરિજનોની અનહદ જિદ પછી તેઓ આ વિશ્વયાત્રા માટે તૈયાર થયાં હતાં. આ યાત્રા બાબતે સ્વીકૃતિ આપતાં તેમણે કહ્યું, ''મારું મન તો નથી, પણ બાળકો ખૂબ પરેશાન છે. એટલે વિચારું છું કે એક વાર જઈને તેમને મળું. એમનું મન રહેશે.''

એમણે આ રીતે હા કહ્યા પછી પાસપોર્ટ-વિસા વગેરેની વિવિધ સરકારી ઔપચારિકતાઓ પૂરી થઈ. વિદેશોમાં કાર્યક્રમની તારીખો નક્કી થઈ. આ શૃંખલામાં પહેલો અશ્વમેધ મહાયજ્ઞ ઈંગ્લેન્ડના લેસ્ટર નામના સ્થળે ૮ થી ૧૧ જુલાઈ, ૧૯૯૩માં આયોજિત કરવામાં આવ્યો. ૩ થી ૬ મે, ૧૯૯૩માં ભુવનેશ્વરમાં અશ્વમેધ યજ્ઞનો કાર્યક્રમ હતો. આ પછી એક-દોઢ મહિનો માતાજી શાંતિકુંજમાં રહ્યાં. ત્યારબાદ નિર્ધારિત તારીખે તેમણે ઈંગ્લેન્ડ જવા પ્રસ્થાન કર્યું. ઈંગ્લેન્ડના પરિજનો માટે તો માતાજીનું આગમન સ્વપ્ન સાચું પડ્યા સમું હતું. એમની ઉપાસનાની અનુભૂતિ પ્રત્યક્ષ થઈ રહી હતી. વિશાળ જનમેદની તેમને લેવા માટે વિમાનમથકે પહોંચી. વંદનીય માતાજીનો જયઘોષ અને પરિજનોનાં શ્રદ્ધાથી ભીનાં નેત્રોએ વિમાનમથકના કર્મચારીઓને પણ શ્રદ્ધાથી ભીંજવી દીધા.

અનેક સાધુ-સંતો ભારતથી ઈંગ્લેન્ડ ગયા હતા. એમનું ભરપૂર સમ્માન પણ થયું હતું. એમના પર ફૂલમાળાની ઝડીઓ વરસતી અને જયજયકારનો ગુંજારવ પણ ખૂબ જોયો હતો. પરંતુ કોઈના માટે પ્યારનાં ઘનઘોર વાદળો આટલી તીવ્રતાથી ઊમટયાં ન હતાં. કોઈના માટે આટલી આંખો ભીની થઈ ન હતી. વિમાન મથકના કર્મચારીઓએ આ ફરક બહુ સ્પષ્ટપણે અનુભવ્યો. એમણે પરિજનોને જિજ્ઞાસાથી પૂછ્યું- આ કોણ છે ? એમને ઉત્તર મળ્યો - અમારા સૌની મા આવી છે. ખબર નહીં આ ઉત્તરથી કોને કેટલું સમજાયું હોય ! પરંતુ એમનામાંના અનેકે 'શી ઈઝ ડિવાઈન મધર' કહી માતાજીના ચરણસ્પર્શ કર્યા. માતાજીએ પણ એમને દિલથી આશિષ આપ્યા. અમના માટે તો સૌ એમનાં બાળકો હતાં. જે કોઈ મા-મા કરતું એમની પાસે દોડી જતું તે તેમનું સૌથી વધુ લાડીલું હતું.

લેસ્ટરનો કાર્યક્રમ નિર્ધારિત સમયે વિશિષ્ટ વિધિવિધાનથી શરૂ થયો. શ્રી કીશ્વાજ, લોર્ડ મેયર અને શ્રી જાન મૂડી વગેરે આ કાર્યક્રમના અતિથિવિશેષ બન્યા. ત્યાંની સરકાર અને સમાજમાં ઉચ્ચ પ્રતિષ્ઠાપ્રાપ્ત આ વિશિષ્ટજન માતાજીની મમતાનો સ્પર્શ પામી આભારી બન્યા. ઈંગ્લેન્ડમાં ભારતના તત્કાલીન ઉચ્ચાયુક્ત શ્રી લક્ષ્મીમલ સિંઘવી પણ પત્ની સાથે આ કાર્યક્રમમાં સામેલ થયા. અશ્વમેધ મહાયજ્ઞ માટે નિશ્ચિત કરવામાં આવેલ વિધિવિધાનની સાથે જ માતાજીએ ત્યાંના લોકોને દીક્ષા આપી. આ દીક્ષા કાર્યક્રમ અનેક રીતે અનોખો હતો. એમાં ભાગ લેનારનાં મન - પ્રાણ અનેક વિલક્ષણ અનુભૂતિઓથી ભરાઈ ગયાં. એમાંના ઘણાએ મંત્રાક્ષરોને સોનેરી અક્ષરોમાં પોતાની ભીતર અવતરિત થતા જોયા. કેટલાકે ગાયત્રી માતાની એક ઝલક મેળવી. કેટલાય લોકોના વર્ષોજૂના અસાધ્ય રોગ દીક્ષા લેતાં જ જડમૂળથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નાશ પામ્યા. એમણે એ સત્ય અનુભવ્યું કે વિશ્વમાતાએ એમનાં સમસ્ત પાપ-તાપને હરી લીધાં છે.

શૈલદીદી અને ડૉ. પ્રણવ પંડ્યા આ કાર્યક્રમમાં માતાજીની સાથે જ હતાં. તેઓએ જ્યારે દીક્ષા લેનાર પરિજનોની આ વિલક્ષણ અનુભૂતિઓની ચર્ચા કરી તો માતાજી પહેલાં તો થોડીવાર મૌન રહ્યાં. પછી કહેવા લાગ્યાં આ બાળકો મારાથી દૂર રહે છે. જલદી જલદી દોડીને શાંતિકુંજ પણ પહોંચી શકતાં નથી, એટલે એમનું વિશેષ ધ્યાન તો રાખવું જ પડશે. હવે, જ્યારે હું ખુદ સામે ચાલીને એમની પાસે આવી છું, તો એમને ખાલી હાથે થોડું રહેવા દઈશ ? આ સૌને કષ્ટ-કઠણાઈઓથી છુટકારો મેળવતાં, હસતાં-ખેલતાં જોઈને મને લાગી રહ્યું છે કે મારી યાત્રા સફળ થઈ ગઈ.

ઈંગ્લેન્ડની આ અનોખી અનુભૂતિઓ સાંભળીને ટોરન્ટો (કેનેડા)ના પરિજનો પણ ઉત્સાહિત થઈ ઊઠ્યા. એમણે પહેલેથી જ ૨૩ થી ૨૫ જુલાઈ, ૧૯૯૩ની તારીખો પોતાને ત્યાં કાર્યક્રમ માટે નિશ્ચિત કરી દીધી હતી. વંદનીય માતાજી શૈલદીદી અને ડોક્ટર સાહેબ સાથે સમયસર પહોંચી ગયાં. આ લોકોના પહોંચવાના થોડા દિવસ અગાઉથી ત્યાં ભારે વરસાદ વરસી રહ્યો હતો. આયોજકોની સાથે સૌ કાર્યકર્તાઓ પણ ગભરાયેલા હતા કે બધું કેવી રીતે સંપન્ન અને સફળ થશે ? પોતાની ગભરામણમાં એમણે શાંતિકુંજ કેટલાય ફોન પણ કર્યા હતા. ફોન પર થતી વાતચીતમાં માતાજીએ એમને આશ્વાસન આપ્યું હતું, તમે લોકો ગભરાવ નહિ. હું આવી રહી છું. ત્યાં આવતાં જ બધું બરાબર થઈ રહેશે. ખરેખર એવું જ બન્યું. સતત કેટલાય દિવસોથી પડતો ભારે વરસાદ બિલકુલ બંધ થઈ ગયો. આ કાર્યક્રમમાં ઓંટેરિયો કેનેડાના તત્કાલીન પ્રધાનમંત્રી કૈમ્પબેલ અને તેમના મંત્રીમંડળના સાથીઓએ ખૂબ સહકાર આપ્યો. આયોજનમાં, સક્રિય ગાયત્રી પરિજનોની સાથે અન્ય સંગઠનોના લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ભાગ લેનાર આ સૌ માતાજીની તપશક્તિના અનેક ચમત્કારોની પોતાના જીવનમાં પ્રત્યક્ષ અનુભૂતિ પામ્યા.

કેનેડાથી પાછા ફર્યા બાદ વંદનીય માતાજીએ ૧૯મીથી ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૩માં અમેરિકામાં લોસ એન્જેલ્સ શહેરમાં યોજાનાર અશ્વમેધ યજ્ઞ માટે પ્રસ્થાન કર્યું. ડૉ. પ્રણવ પંડ્યા તથા શૈલદીદી સાથે થયેલી એમની આ યાત્રા અન્ય વિદેશ યાત્રાઓની સરખામણીમાં વધુ ઉત્સાહવર્ધક રહી. પશ્ચિમ તટીય અમેરીકાનાં પરિજનો માતાજીને પોતાની વચ્ચે જોવા માટે અતિ ઉત્સાહિત હતાં. તેમણે પૂરી શક્તિથી આ ૧૦૦૮ કુંડીય મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. એ દિવસોમાં અમેરિકાનાં કોઈ શહેરમાં આટલું મોટું યજ્ઞ-આયોજન કરવું સરળ ન હતું. કાલીચરણ શર્માના નેતૃત્વ હેઠળ ગયેલા જૂથે આમ તો ખૂબ પુરુષાર્થ કર્યો હતો, પરંતુ સૌનાં મન પોતાની મા પ્રત્યે એટલી ગાઢ શ્રદ્ધાથી ભરેલાં હતાં કે આ આયોજનનાં મુશ્કેલ કામ પણ સૌને માટે સરળ બનતાં ગયાં. માતાજી ત્યાં પહોંચતાં જ ત્યાંના સમગ્ર વાતાવરણમાં દિવ્યતા છવાઈ ગઈ. તમામ કાર્યક્રમો તેમના દૈવી સંરક્ષણમાં સારી રીતે સંપન્ન થતા ગયા.

યજ્ઞ સ્થળે દીક્ષા માટે લગભગ ૩૦,૦૦૦ લોકો હાજર હતા. સૌએ સાંભળ્યું હતું કે દીક્ષા આપતી વખતે માતાજી પોતાનાં સંતાનોની તમામ કષ્ટ-કઠણાઈઓ હરી લે છે, સાથે જ તેમને અનેક જાતની આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રદાન કરે છે. એ દિવસે આ બધી સાંભળેલી વાત સત્ય થઈ. અનેક લોકોએ અનેક રીતે માતાજીનાં વરદાન-અનુદાન મેળવ્યાં. માતાજીના મુખે ઉચ્ચારાયેલ ગાયત્રી મંત્રએ ખરેખર જ તેમના પ્રાણોને ત્રાણ આપવાનું કાર્ય કર્યું. અમેરિકાના અનેક મૂળ નિવાસીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો. હિન્દી ભાષાથી અજાણ હોવા છતાં તેમણે પોતાના હૃદયમાં માતાજીના ભાવભર્યા ઉદ્‌બોધનને આત્મસાત્ કર્યું. આ તમામ કાર્યક્રમોમાં અનેક અનુદાન વરસાવનાર મા સતત પોતાનાં સંતાનોની પીડાનું વિષપાન કરતાં રહ્યાં હતાં.

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહામિલન માટે મહાપ્રયાણની વેળા

વંદનીય માતાજીના મનમાં પોતાનાં અસંખ્ય સંતાનો પ્રત્યે ઊંડી આકુળતા હતી. તેઓ જાણતાં હતાં કે તેમના આ રીતે ચાલ્યા જવાથી એમનાં બાળકો વિલાપ કરશે, પણ શું થાય ? દેહ છોડવાનું પણ અનિવાર્ય હતું. પરમપૂજ્ય ગુરુદેવના સંકેતો એમને વારંવાર મળી રહ્યા હતા. આ સંકેતોમાં એક જ સ્વર છુપાયેલો હતો, ''બધા પુત્રો હવે પરિપક્વ થઈ ગયા છે, તેમને હવે પોતાના પગ પર ઊભા રહેવા દેવા જોઈએ. હવે આપે સ્થૂળ કલેવર છોડીને અહીં સૂક્ષ્મ જગતમાં આવીને તપ કરવું જોઈએ. વિશ્વ કલ્યાણ માટે આ વધુ અનિવાર્ય છે.'' ગુરુદેવના આ સાંકેતિક સ્વરો માતાજી પાછલા કેટલાય મહિનાઓથી સતત અનુભવી રહ્યાં હતાં. એમનું પોતાનું મન અંતઃકરણ પણ પૂજ્ય ગુરુદેવ માટે હંમેશાં વ્યાકુળ રહેતું હતું, પરંતુ તેમની આ અંગત વ્યાકુળતા સદાય એમના સહજ માતૃત્વથી ઢંકાઈ જતી હતી. એમનો માતૃભાવ અન્ય તમામ ભાવો પર છવાઈ જતો હતો.

આ પંક્તિઓ લખતી વખતે એ સારી રીતે યાદ આવે છે કે શ્રદ્ધાંજલિ સમારંભ પછી ૧૯૯૧ના મે મહિનામાં માતાજી બ્રહ્મવર્ચસ્ આવ્યાં હતાં. બપોર પછીનો સમય હતો. બ્રહ્મવર્ચસ્‌માં બનાવેલ યજ્ઞશાળાની સામે છાંયો આવી ગયો હતો. ત્યાં જ ખુરસી મુકાવીને તેઓ બેઠાં. અહીં રહેતા તમામ કાર્યકર્તા ભાઈબહેનો એમની આસપાસ ઊભાં રહી ગયાં. એમણે એક એક કરીને સૌનાં ખબરઅંતર પૂછયા. પછી વાતવાતમાં તેઓ બોલ્યાં, મેં તો શ્રદ્ધાંજલિ સમારંભ પછી જ ચાલ્યા જવાનો વિચાર કર્યો હતો. મેં વિચાર્યું હતું કે જેમને પોતાના પ્રત્યેક શ્વાસ અર્પણ કર્યા, એમના ચાલ્યા ગયા પછી મારું એક જ કર્ત્તવ્ય બાકી બચે છે કે એમને મારા તરફથી, તમારા સૌના તરફથી શ્રદ્ધાંજલિ આપી દઉં. તે પછી ત્યાં જ જતી રહું, જયાં તેઓ પોતે છે. પરંતુ પ્રણવ માન્ય નહિ. કહેવા લાગ્યા, માતાજી ! હજી તો અમે લોકો ગુરુદેવ ચાલ્યા ગયાની પીડામાંથી જ બહાર આવ્યા નથી, આપ પણ ચાલ્યાં જશો તો અમારા સૌનું શું થશે ? મને લાગ્યું કે એ સાચું કહે છે. એટલે વિચાર્યું કે તમારા સૌ માટે હજી હું ત્રણ-સવાત્રણ વર્ષ વધારે રહીશ.

સંતાનોની જે ચિંતાને કારણે એમણે આટલાં વર્ષ દેહ ટકાવી રાખ્યો તે ચિંતા તેમને દેહ છોડ્યા પહેલાં પણ હતી. એમની સામે ક્યારેય એ સવાલ ઊભો ન હતો થયો કે મિશન કેવી રીતે ચાલશે ? કારણ કે એ સચ્ચાઈ તેઓ સારી રીતે જાણતાં હતાં અને સૌને તે વાત અવારનવાર જણાવ્યા કરતાં હતાં કે આ મિશન ચલાવનાર ભગવાન છે. એ ભગવાનના સંકલ્પ અનુસાર પોતાની મેળે ચાલતું રહેશે. અને બરાબર ચાલતું રહેશે. તેઓ કહ્યા કરતાં હતાં કે બેટા ! આના મૂળમાં ગુરુદેવની એટલી બધી તપ-ઊર્જા સીંચાયેલી છે કે તે ક્યારેય કોઈપણ પરિસ્થિતિમાં બગડશે નહિ. હા, એને થોડુંકેય બગાડવાની કોશિશ કરનાર જરૂર બગડી જશે. તેઓ ઇચ્છતાં હતાં કે જે પ્રેમની દોરીથી એમણે જીવનભર સમગ્ર ગાયત્રી પરિવારને બાંધીને રાખ્યો એ દોરી એવી જ મજબૂત બની રહે.

આ કારણે એમણે મહાપ્રયાણના થોડાક દિવસ પહેલાં શાંતિકુંજના તમામ વરિષ્ઠ કાર્યકર્તાઓને એક એક કરીને બોલાવ્યા. એમની અંગત જિંદગીની વાતો પૂછી, એમને સાંત્વના આપી અને પછી એ કર્તવ્યની યાદ અપાવી કે જુઓ, તમે લોકો મોટા છો. તમારાં નાનાં ભાઈબહેન કાંઈ ભૂલ કરે તો એમને સમજાવો. થોડોઘણો ઠપકો પણ આપો, પરંતુ એમને હૈયે લગાવીને રાખો. એમને કોઈપણ રીતે પ્રેમની ઊણપ ન અનુભવવા દો. કોઈને એમ ન લાગે કે અમે અમારાં માબાપને છોડીને, અમારાં ઘરબાર છોડીને આવી ગયાં. હવે અહીં અમારું કોઈ નથી.

આમ સૌને સમજાવીને એમણે એક વાત પોતાના વિશે કહી. તેઓ બોલ્યાં, ''મેં મનુષ્ય દેહ જરૂર ધારણ કર્યો છે, પરંતુ તમે લોકો મને કેવળ મનુષ્ય સમજશો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નહિ. જુઓ, ગંગાજીના પાણીમાં ચંદ્રનો પડછાયો જોઈને નાની નાની માછલીઓ આનંદથી તેની આસપાસ ઉછળકૂદ કરતી ખેલે છે. વિચારે છે, આ તો આપણામાંનો જ એક છે. પરંતુ સવારે જ્યારે ચંદ્ર આથમી જાય છે તો એમની હાલત પહેલાંના જેવી જ થઈ જાય છે. ઊછળકૂદ કર્યા પછી શિથિલતા આવી જાય છે. એ બધી માછલીઓ કાંઈપણ સમજી શકતી નથી.'' આ શબ્દોથી માતાજીએ સંકેતરૂપે સૌને પોતાના સ્વરૂપનો બોધ કરાવ્યો. જેથી જે લોકો લાંબા સમય સુધી તેમની સાથે રહ્યા તેઓ સમજી શકે કે તે કોણ છે ? સૌને આમ સમજાવીને તેઓ મૌન થઈ ગયાં. સાથોસાથ એમણે કેટલીક વિશિષ્ટ યૌગિક ક્રિયાઓ દ્વારા પોતાની આત્મચેતનાને દેહથી દૂર કરવાનું શરૂ કરી દીધું. આ સાથે ક્રમિક રૂપે એમનો દેહ બોધશૂન્ય થવા લાગ્યો.

વીતી જતી પળોની સાથે એ ઘડી આવી પહોંચી, જે તેમણે પોતાના પ્રભુ સાથે મહામિલન માટે નિશ્ચિત કરી હતી. ભાદરવા સુદ પૂનમ, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ સવારે સૌને તેમના મુખમંડલ પર એક અનોખું ભાવાંતર નજરે પડ્યું. જે ખંડમાં તેઓ સૂતા હતાં, ત્યાંનું વાતાવરણ અન્ય દિવસોની *સરખામણીમાં એકદમ બદલાયેલું દેખાયું. દિવ્ય સૂક્ષ્મ* સ્પંદન ત્યાં સઘન થઈ ઊઠ્યાં. એવું લાગવા માંડ્યું કે સર્વ દેવશક્તિઓ એમની આસપાસ ઉપસ્થિત થઈ ગઈ છે. કોઈ પણ જાતના કૃત્રિમ સાધન વિના ત્યાં એક દિવ્ય સુરભિ ફેલાઈ ગઈ. ઉપસ્થિત સૌએ એનો અનુભવ કર્યો. પોતાના ગહન મૌનમાં લીન માતાજી પ્રાતઃકાળથી જ ધ્યાનસ્થ હતાં. મુખમંડલ પર પ્રદીપ્ત આભાથી કેટલાકને એવું પણ લાગી રહ્યું હતું કે માતાજી આજે પહેલાં કરતાંય ક્યાંય વધારે સ્વસ્થ છે. એક અર્થમાં આમ વિચારવું બરાબર પણ હતું. કારણ કે અન્ય દિવસોની સરખામણીમાં તેઓ આજે પહેલાં કરતાં વધારે પોતાના સ્વમાં સ્થિત થઈ ગયાં હતાં.

વાતાવરણમાં ચારે બાજુ એક ગહન નીરવતા હિલોળા લઈ રહી હતી. સૌ યંત્રવત્ કામકાજ કરી રહ્યાં હતાં. કોઈને કાંઈ સૂઝ પડતી નહતી. ધ્યાનસ્થ માતાજી મૂર્તિમયી પ્રશાંતિના રૂપમાં વિરાજી રહ્યાં હતાં. તેમનાં મુખમંડલ પર એક અનિર્વચનીય શાંતિ અને આનંદની દીપ્તિ ઝલકી રહી હતી. મહાકાળી જાણે કે મહાકાળના ધ્યાનમાં મગ્ન થઈ રહી હતી. આ પ્રસંગના સાક્ષી બનેલા લોકો અપૂર્વ સદ્ભાગી હતા. સૌભાગ્યનો થોડો અંશ એવા લોકોને પણ મળ્યો હતો, જેઓ પાછલા થોડા મહિનાઓથી દરરોજ પોતાની આત્મચેતનાને એકાગ્ર કરીને પોતાની પ્યારી માને ભક્તિપૂર્ણ પ્રણામ નિવેદિત કરતા હતા. માના ચાલ્યા જવાનો અહેસાસ અનુભવીને જેમનાં ડૂસકાં શમતાં ન હતાં. આ ક્ષણે પણ એમની ધ્યાનસ્થ ચેતના માનાં ચરણોમાં પોતાની ભાવાંજલિ અર્પી રહી હતી.

પૂર્વાહ્ન ૧૧-૪૦ વાગે ધ્યાનસ્થ જનોના ધ્યાનમાં એક દૃશ્ય ખૂબ સ્પષ્ટ રીતે ઊપસ્યું. આ અદ્ભુત અનુભૂતિમાં એમણે અનુભવ્યું કે પરમપૂજ્ય ગુરુદેવ પોતાની લીલાસંગિનીને અમરધામ લઈ જવા માટે આવ્યા છે. અસંખ્ય દેવશક્તિઓ, સૂક્ષ્મલોકના ઋષિગણો એમને ઘેરી વળેલા છે. સૌની નજર માતાજી પર મંડાયેલી છે. ક્ષણ વીતી, ૧૧-૫૦ વાગે માતાજીનો સ્થૂળ દેહ જરાક કંપ્યો અને માતા આદિશક્તિ પોતાના પરમપુરુષ પુરુષોત્તમ સાથે *વિરાજમાન થઈ ગઈ. હૃદય-હૃદયમાં વેદનાની* રાગિણી બજી ઊઠી. સમગ્ર ખંડમાં નિષ્કંપ સ્તબ્ધતા ઊતરી આવી. આ સ્તબ્ધતાએ પણ ખૂબ અનોખી રીતે એ સત્ય જાહેર કરી દીધું કે માતા ભગવતી મહાકાળી ભગવાન મહાકાળ સાથે મહામિલન માટે મહાપ્રયાણ કરી ચૂકી છે. એમના તપઃપૂત દેહનાં અંતિમ દર્શન માટે શિષ્યો-ભક્તો અને સંતાનોની ભીડ જામી ગઈ. લગભગ ૨૪ કલાક સુધી અંતિમ દર્શનનો દોર ચાલતો રહ્યો. બીજા દિવસે એટલે કે ૨૦ સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ મહાશક્તિનો આવાસ બનેલ એમનો સ્થૂળ દેહ ચિતા-અગ્નિનાં તેજમાં વિલીન થઈ ગયો. દરરોજ પોતાનાં બાળકોને દર્શન આપનાર માતા હવે ધ્યાનગમ્ય બની ગઈ. હા, બાળકોને આપેલ આશ્વાસનના સ્વરો હજી પણ ગુંજતા હતા.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાનનો મહિમા

યુગગીતા-૩૫

# કર્મસંન્યાસ અને કર્મયોગમાં કયો શ્રેષ્ઠ છે

(કર્મસંન્યાસ યોગ નામે ગીતાના પાંચમા અધ્યાયનો પહેલો ભાગ)

આ અંકથી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો કર્મસંન્યાસયોગ નામનો પાંચમો અધ્યાય આરંભ કરીએ છીએ. યુગગીતાનો આ ભાવપ્રવાહ દ્વાપરમાં કહેવાયેલી ગીતા અને પ્રજ્ઞાવતારની સત્તાના લીલાસંદોહ પર આધારિત છે. નવયુગ આગમનની વેળાએ આ યુગગીતાની વ્યાખ્યા-વિવેચનમાં એ બધું જ છે, જે આજે એક સાધકરૂપે આપણને સહુને અભીષ્ટ છે, કરવા યોગ્ય એક કર્તવ્ય છે, યુગધર્મ છે. શ્રી ગીતાજીના પ્રથમ છ અધ્યાય કર્મયોગ પ્રધાન છે. જો કે ઠેકઠેકાણે તેમાં ભક્તિયોગ-જ્ઞાનયોગ ગૂંથાયેલ છે. મોહગ્રસ્ત પરંતુ જિજ્ઞાસુ, શિષ્યભાવમાં સ્થિત અર્જુનના પ્રશ્નોત્તરોના માધ્યમથી કેટલાક એવા પ્રસંગો આવ્યા છે, જે આજની યુગપરિવર્તનની સંક્રમણ વેળામાં બધાંને પ્રેરણા આપે છે. ચોથો અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગ પર હતો, જેની વ્યાખ્યામાં 'યુગગીતા' પુસ્તકનો બીજો ભાગ અને તેના સોળ લેખનો સમાવેશ થયો. પ્રસ્તુત અધ્યાય 'કર્મસંન્યાસયોગ' પ્રકરણ પર છે. અર્જુને જ્ઞાનનું મહત્ત્વ જાણી લીધું, પરંતુ હજુ પણ કર્મયોગના વિષયમાં તેના મનમાં કંઈક સંદેહ છે. તે શરૂઆતમાં જ કહે તો છે, પણ શ્રીકૃષ્ણ મંદ-મંદ સ્મિત સાથે તેની માનસિકતાનું અધ્યયન કરી રહ્યા છે તથા તેનો પ્રશ્ન સમાપ્ત થતાં જ કર્મોમાંથી સંન્યાસ અને કર્મયોગ તથા સંન્યાસયોગ અર્થાત્ સાંખ્યયોગની મહત્તા સમજાવવા લાગે છે. જ્ઞાનમાં કર્મોનો સંન્યાસ (જ્ઞાનકર્મસંન્યાસયોગ) ચોથા અધ્યાયનું પ્રકરણ હતું, જેમાં 'ઊઠો ભારત, અજ્ઞાનમાંથી જન્મેલ સંશયોમાંથી મુક્ત થઈને વિવેક-જ્ઞાનને જીવનમાં ઉતારી સમત્વરૂપી યોગમાં સ્થિર થઈ જા', એ સંદેશ સાથે યોગેશ્વર સદ્‌ગુરુ દ્વારા સમાપ્ત કરવામાં આવ્યું હતું.

## લોકસેવકો માટે માર્ગદર્શિકા

હવે એક રીતે ફરી આ જ વિષય ગહન સંશોધન સાથે, પી.એચ.ડી. સ્તરના ગહન અધ્યયનની તૈયારી સાથે શ્રીકૃષ્ણ પ્રસ્તુત કરવા માંગે છે. આ વિષય દરેક કાર્યકર્તા માટે, સ્વયંસેવક માટે, એક આદર્શ રાષ્ટ્રનિષ્ઠ લોકસેવક માટે સમજવો ખૂબ જરૂરી છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જ્ઞાનને સર્વોપરિ માનીને તેને જ આધારે પોતાના વ્યક્તિગત અહમ્‌નો બલિ આપવો જોઈએ. અહંકારનું સમર્પણ થાય તથા વ્યક્તિ નિષ્કામ કર્મ તરફ વળે, ભલે કેટલીય મુશ્કેલીઓ કેમ ન આવે. હવે આ અહમ્‌થી મુક્તિ કેવી રીતે મેળવી શકાય ? આ અહંકાર છે શું ? આ મદને કેવી રીતે ઓળખી શકાય ? ગમે તે રીતે આપણે તેનું સ્વરૂપ જાણી લઈએ અને શુદ્ધ અહમ્‌ના ગરિમામય રૂપને જાણીને તેમાં પ્રતિષ્ઠિત થવાનું વિચારીએ તો કેટલું મોટું પરિવર્તન આવી શકે ? બધા જ કાર્યકર્તાઓની આચારસંહિતાનું આ પ્રકરણ આ અધ્યાયમાં છે, જે તેને સાધનાની ધરી પર જીવનકલાને સજાવવાની વાત પણ સમજાવે છે. સમાજમાં સંન્યાસવેશધારીઓ તો લાખોની સંખ્યામાં છે, પરંતુ શું તેઓ પોતાનો 'અહમ્' છોડી શક્યા છે ? વાસ્તવિક સંન્યાસ શું છે તથા કર્મયોગ અને સંન્યાસનો પરસ્પર સમન્વય કેવી રીતે કરી શકાય, તેની વિશિષ્ટ સમજણ શ્રીકૃષ્ણ આ અધ્યાયમાં આપે છે. અહંકારનો નાશ કરવાની વિધિનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે તેથી આ અધ્યાયનું નામ 'કર્મસંન્યાસયોગ' છે.

આ અધ્યાયના ૨૯ શ્લોકોમાં બધા કર્મ સિદ્ધાંતો ખૂબ જ સરળ રીતે સમજાવવાનો પ્રયાસ યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવ્યો છે. આ અધ્યાયમાં ઠેકઠેકાણે કર્મસંન્યાસની વ્યાખ્યા તથા કર્મયોગની મહત્તા જણાવતાં ભગવાન શ્રીકૃષ્ણ અહંકારરહિત હોવું એક મોટી સિદ્ધિ છે તથા એટલું જ માત્ર થઈ જવાથી મનુષ્ય કેવી રીતે સામાન્યમાંથી અસામાન્ય થઈ જાય છે, એ વાંચીને વાચકના મનમાં પણ અભીપ્સા જન્મે છે. આ અધ્યાયમાં ઠેકઠેકાણે આસક્તિ છોડીને કર્મ કરવાની મહત્તા પ્રતિપાદિત કરવામાં આવી છે, પરંતુ એટલા માત્રથી જ અર્જુન કદાચ પ્રભાવિત થયો નથી. તેની આશંકાઓ હજુ પણ યથાવત્ છે કારણ કે તે વ્યાવહારિકતાની ભૂમિ પર માર્ગદર્શન ઈચ્છે છે. પાછલા બે અધ્યાયોની ચરમસીમા પર આ પાંચમો અધ્યાય પહોંચાડે છે, જ્યાં છેલ્લા શ્લોકોમાં ધ્યાનની વિધિ પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યોગેશ્વર દ્વારા જણાવવામાં આવી છે, જીવન કેવી રીતે જીવવામાં આવે, કર્મોને દિવ્ય કેવી રીતે બનાવવામાં આવે, બીજાઓ કરતાં વધુ ઉચ્ચ જીવન કેવી રીતે જીવવામાં આવે, વિચારો તથા ભાવનાઓનો સુવ્યવસ્થિત વિકાસ કેવી રીતે શક્ય બને, તે શ્રી ગીતાજીના કાવ્યની વિશેષતા છે. શ્રીકૃષ્ણ કહે છે કે જો જીવનને એક રમત માનીને સારી રીતે જીવી લેવાય, તો આપણું જીવન સુસંસ્કૃત તથા ચરિત્રનિષ્ઠાથી ભર્યુંભર્યું થતું જાય છે. જીવન સંપૂર્ણ રીતે રૂપાંતરિત થવા માંડે છે. સદાચારી જીવન જીવતાં જીવતાં મનુષ્ય ક્રમશઃ ઉન્નતિ તરફ આગળ વધવા માંડે છે - આધ્યાત્મિક પણ તથા ભૌતિક પણ. તેની અંદરનો દાનવ નાશ પામતો જાય છે અને દેવત્વ જાગવા માંડે છે. છઠ્ઠા અધ્યાયમાં આત્મસંયમનો યોગ સમજાવતાં પહેલાં શ્રીકૃષ્ણ અર્જુનમાં જિજ્ઞાસા જગાડીને આ પાંચમા મહત્ત્વપૂર્ણ અધ્યાયમાં કર્મયોગની પરાકાષ્ઠા સુધી પહોંચાડી દે છે. પાંચમા અધ્યાયમાં પ્રવેશની આ જ ભૂમિકા છે.

## ક્યો માર્ગ શ્રેષ્ઠ છે ?

પાંચમો અધ્યાય અર્જુનની એક જિજ્ઞાસાથી શરૂ થાય છે. તેણે હમણાં જ સાંભળ્યું છે, 'યોગમાતિષ્ઠોતિષ્ઠ ભારત' હે ભારત, ઊઠ અને યોગનો આશ્રય લે. પોતાની અહંકેન્દ્રિત કામનાઓનો ત્યાગ કર. વાસ્તવમાં આ જ સાચો સંન્યાસ છે.

તુરંત એ પોતાની જિજ્ઞાસા શ્રીકૃષ્ણ સામે પ્રગટ કરે છે, અર્જુન ઉવાચ -

સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ ।
યચ્છ્રેય અંતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ॥
-૫/૧

અર્જુને કહ્યું, "હે કૃષ્ણ, આપ કર્મોનો ત્યાગ કરવા પર (કર્મણાં સંન્યાસં) તથા તેને કરતા રહેવા પર (કર્મયોગ) ભાર આપો છો, તેની પ્રશંસા કરો છો. આ બંને માર્ગોમાંથી ક્યો એક મારા માટે સારી રીતે નિશ્ચિત, કલ્યાણકારી અને શ્રેષ્ઠ છે, તે આપ મને કહો."

અહીં અર્જુન સંપૂર્ણપણે ભ્રમિત છે. તેને બંને માર્ગ પરસ્પર વિરોધી જણાઈ રહ્યા છે. પહેલા માર્ગ અનુસાર એ તો સ્પષ્ટ થાય છે કે તમામ કર્મોનો ત્યાગ કરવો જોઈએ (સંન્યાસ) તથા બીજો માર્ગ આપણને સામાજિક અને વ્યક્તિગતરૂપે જીવનમાં રુચિ લેવાનું - કર્મયોગમાં વ્યસ્ત રહેવાનું જણાવે છે. અર્જુનની સમજણમાં અહીં એ ગંભીર ભાવ નથી આવી શકતો, જે બંને માર્ગોના તત્ત્વોની જાણકારી આપી શકે.

ભગવાન શ્રી અહીં જે કહેવા માંગે છે તે અનુસાર કર્મોમાં અહંકારનો ત્યાગ જ કર્મણાં સંન્યાસં છે, કર્મોનો ત્યાગ છે તથા કર્મફળ ઉપભોગ પ્રત્યે આપણી ઈચ્છાના ત્યાગને કર્મયોગ કહેવામાં આવ્યો છે. કેટલું ઝીણવટથી પ્રસ્તુત કરેલું આ દર્શન છે, પણ એ ત્યારે જ સમજાઈ શકે જ્યારે આપણે તેનો મર્મ સમજી શકીએ. જેવો એ સમજાઈ જાય કે આપણે સમષ્ટિમાં વ્યાપેલ પરમાત્મસત્તાને પણ જાણી લઈશું. બાધક માત્ર અહંકાર છે, તેના ઉદ્વેગ છે. કર્તાનો ભાવ તથા ભોક્તાનો ભાવ જો નીકળી જાય, તો આપણે આપણા દિવ્ય સ્વરૂપને જાણી શકીએ છીએ, માનવી ગરિમાને અનુરૂપ જીવન જીવવાની સ્થિતિમાં પ્રતિષ્ઠિત થઈ શકીએ છીએ. પછી આપણે તે ગ્રંથિઓમાં ફસાવાથી બચી શકીએ છીએ, જે આપણને દેવતાના રાજમાર્ગથી દૂર કરીને ઈન્દ્રિયભોગ તરફ, અહમ્‌ની પૂર્તિ તરફ, સ્વાર્થની પૂર્તિ તરફ લઈ જાય છે.

## કર્તાભાવનો ત્યાગ જ કર્મસંન્યાસ

જે જવાબ મળવાનો છે, તેની ભૂમિકા આપણે સમજી લઈએ, તો આપણને અર્જુનનો પ્રશ્ન સારી રીતે સમજાઈ જશે. કર્તાભાવના ત્યાગની વિધિ કર્મોનો સંન્યાસ છે અને ભોક્તાભાવથી ઊંચે ઊઠવાની વિધિ કર્મયોગ છે. અહંકારનો ત્યાગ કરી લોકસેવા કરવી એ 'સંન્યાસ' છે અને કર્મફળની લાલસા પર નિયંત્રણ રાખી લોકસેવા કરવી એ 'કર્મયોગ' છે. શાસ્ત્રોમાં વર્ણવેલ આ બે શબ્દો સમજી લીધા પછી આ અધ્યાયનો તથા કર્મયોગનો મર્મ સમજાઈ જાય છે, પરંતુ અર્જુન ઈચ્છે છે કે તેના ગુરુ શ્રીકૃષ્ણ તેને એક જ નિશ્ચિત માર્ગ, પૂર્ણ સંન્યાસ અથવા પૂર્ણ કર્મયોગ (સંન્યાસ તથા યોગ)ના વિષયમાં માર્ગદર્શન આપે.

તેની ભૂલ પણ નથી. અર્જુને પહેલાં જ્ઞાનયોગનો મહિમા સાંભળ્યો, સાંભળ્યું કે જ્ઞાનથી અધિક પવિત્ર ધરતી પર કંઈ જ નથી તથા તેણે તેના માટે શ્રદ્ધાવાન બનવું પડશે, પછી ચોથા અધ્યાયમાં તેણે સાંભળ્યું કે કર્મયોગી બનવું જોઈએ, દિવ્યકર્મી બનવું જોઈએ. અર્જુન કોઈ વચલા માર્ગની, કોઈ શોર્ટકટની, બાયપાસ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માર્ગની શોધમાં છે. યુદ્ધમાં જોડાવાનું તેનું મન નથી, કર્મયોગી તે હમણાં બનવા નથી માંગતો કારણ કે તેમાં વારંવાર યુદ્ધ કરવાની વાત કહેવાઈ રહી છે. હા, જો કોઈક રીતે સંન્યાસ મળી જાય તો જાન બચી શકે છે. સંન્યાસ લઈ લઈશું તો કર્મમાંથી બચી જઈશું. એક પાવન આશ્રમ પરંપરાની દુર્ગતિ અનાદિકાળથી થતી આવી છે. સંન્યાસ એટલે કર્મોથી પલાયન. ભગવાન તેને દ્વિધામાંથી બહાર કાઢે છે અને કહે છે-

શ્રી ભગવાનુવાચ -

સન્ન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।
તયોસ્તુ કર્મસન્ન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે ॥
-૫/૨

શ્રી ભગવાન બોલ્યા, "કર્મસંન્યાસ (કર્મોનો ત્યાગ) અને કર્મયોગ (કર્મોનું સંપાદન) બંને આપણને મોક્ષ તરફ લઈ જાય છે, પરંતુ આ બંનેમાંથી કર્મોના ત્યાગ કરતાં કર્મયોગ સાધના સુગમ હોવાથી વધુ શ્રેષ્ઠ છે."

### માર્ગ બંને શ્રેષ્ઠ, પરંતુ....

બંને પરમકલ્યાણકારી છે, બંનેથી મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ તેમાંથી કર્મયોગ જેમાં કર્મોનું સંપાદન કરતાં કરતાં સફળતા તરફ આગળ વધી શકાય છે તે વધુ શ્રેષ્ઠ છે, આ શ્રી ભગવાનનો સ્પષ્ટ મત છે. આ એક પ્રારંભિક સાધક માટે, યુદ્ધભૂમિમાં ઊભેલા યોદ્ધા માટે, મોહગ્રસ્ત અર્જુન માટે અપાયેલ માર્ગદર્શન છે. એક સ્પષ્ટ ઘોષણા આચાર્ય દ્વારા કરવામાં આવે છે કે કર્મસંન્યાસ કરતાં કર્મોનું સંપાદન કરતાં કરતાં જીવવું જ સર્વશ્રેષ્ઠ છે (તયો અસ્તુ કર્મસન્ન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે). રજોગુણ પાર કર્યા વિના જે સીધો સતોગુણ મેળવવા ચાહતા હોય તેણે જાણી લેવું જોઈએ કે રાજમાર્ગ માત્ર એક જ છે. હર કોઈ તમોગુણીની (મોહની, અહંતાની) સ્થિતિમાં પલાયનવાદી બનીને હિમાલય જવાની વાત કરે છે કારણ કે તે માર્ગ સીધો-સાચો જણાય છે, પણ એ છેતરામણું છે. એવા લોકો પાછા તમસ તરફ વળે છે અને જો જીવનમાં સાચું માર્ગદર્શન ન મળ્યું તો જન્મજન્માંતરો સુધી ભટકતા રહે છે.

ભગવાન એક જ વાત કહે છે, "તારે માટે કર્મયોગ જ શ્રેષ્ઠ છે. આ જ યુગધર્મ છે અને તેમાં તારે જ નહીં, કોઈ પણ કાળના માનવે પહેલાં પોતાની જાતને નિયોજિત કરવી જોઈએ." આ આખો અધ્યાય યુગધર્મની જ વાત કરે છે અને આપણને જણાવે છે કે આપણાં કર્મોને કઈ દિશામાં નિયોજિત કરવાં જોઈએ. આજના યુગમાં ચારેકોર ગરબડ-ગોટાળો મચ્યો છે. મનુષ્ય દૂષિત થઈ રહ્યો છે, તેનાં કર્મો દૂષિત થઈ રહ્યાં છે. એવી સ્થિતિમાં એવા યુગધર્મની જરૂર છે, જે આપણને જણાવી શકે કે આપણાં કર્મો અનુકરણીય બની શકે છે, આપણે બીજાંને આપણાં કર્મોથી શિક્ષણ આપી શકીએ છીએ. આજની પરિસ્થિતિમાં ભગવાં કપડાં પહેરીને વૈરાગ્યનું જીવન જીવવું સંભવ નથી. ક્યારેક સંન્યાસ ધર્મ પ્રતિષ્ઠિત રહ્યો હશે, પરંતુ આજે તો યુગધર્મનું પાલન કરનાર વાનપ્રસ્થ, પરિવ્રાજકવર્ગના કર્મયોગીઓની સર્વાધિક આવશ્યકતા છે.

યુગધર્મની વ્યાખ્યા પરમપૂજ્ય ગુરુદેવના એક લેખના માધ્યમથી સમજીએ. આ લેખ 'અખંડ જ્યોતિ' માસિક એપ્રિલ ૧૯૮૩ માટે લખાયો હતો, શીર્ષક હતું, 'જાગ્રત આત્માઓ યુગધર્મનો નિર્વાહ કરે' (પાનું ૫૧) પૂજ્યવર લખે છે, "આપત્તિકાળની પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે સમર્થ ભાવનાશીલોએ આગળ આવવું પડે છે. અગ્નિકાંડ, ભૂકંપ, પૂર, દુષ્કાળ, રોગચાળો જેવાં સંકટો આવી પડે ત્યારે ઉદાર ચેતના ધરાવનાર પોતાના કામ-ધંધામાં વિક્ષેપ પાડીને પણ દોડી આવે છે અને અસરગ્રસ્ત જનસમુદાયને મદદ કરવામાં પાછું વાળીને જોતા નથી. સ્થાનિક ચિકિત્સકોની જવાબદારી એથીયે વધુ છે. એવા સમયમાં તેઓની લાયકાત ખાસ રીતે જરૂરી બને છે. જો તેઓ ઈલાજ માટે આવવાની ના કહે કે આનાકાની કરે તો એ તાત્કાલિક સંકટથી દૂર ખસી જવું અંતે હાનિકારક સાબિત થશે. આ નિષ્ઠુરતા માટે તેઓને દોષિત હોવાની લાગણી તથા લોક-તિરસ્કાર બંને સહન કરવાં પડશે."

યુગધર્મની અતિ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા આપ્યા બાદ પૂજ્યવર આગળ લખે છે, "પ્રજ્ઞા પરિજનોની ભૂમિકા સુયોગ્ય ચિકિત્સકો જેવી છે અને સમયની વિષમતા ભયાનક દુર્ઘટના જેવી. આજના સમયમાં આસ્થા સંકટનાં કાળાં ડિબાંગ વાદળો છવાયેલાં છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધનસંપન્ન પરિસ્થિતિઓમાં પણ મનુષ્યને દિન-પ્રતિદિન વધુ ને વધુ કષ્ટદાયક હાલતમાં ફસાવું પડે છે. આજની સ્થિતિ પરથી જો કોઈ પરદો ઉપાડી જુએ તો જણાશે કે બહાર દેખાતી ચમક-દમકની પાછળ કેટલી બધી પીડા, ગુસ્સો, નિરાશા વ્યાપેલ છે. વ્યક્તિની જેમ જ સમાજ પણ અંદરખાને બળી રહ્યો છે. લોકો એવા વાતાવરણમાં જીવી રહ્યા છે, જેમાં આતંક, અનાચાર અને પ્રપંચ-પાખંડ સિવાય કાંઈ બચ્યું નથી. કહેવું નહીં પડે કે સમયને જે પ્રકારની ઉદ્ધારક્ષમતાની જરૂર છે, તેની યોગ્ય માત્રા પ્રજ્ઞા પરિજનો સિવાય બીજે કદાચ જ જોવા મળે.''

## કર્મયોગી બનીએ, યુગધર્મ નિભાવીએ

આ આખો લેખ વાંચવાલાયક છે, પરંતુ તેનો જે ભાગ અહીં પ્રસ્તુત છે, તે આપણા બધાંને માટે છે, દરેક દેવમાનવ માટે છે, જેના મનમાં સમાજ પ્રત્યે થોડીક પણ હમદર્દી છે, તેના માટે છે. આ લેખ ૧૯૮૩માં લખાયેલ હતો, પણ આજે વીસ વર્ષ પછી પણ એટલો જ સમયોચિત છે. જે વિવરણ ઉપર આપેલું છે, તે આજના સમાજની જન્મકુંડળી છે, સંપૂર્ણ વાસ્તવિક સાર છે. એવામાં આપણને એક લાયક ચિકિત્સકની ભૂમિકા નિભાવવાનું કહેવામાં આવ્યું છે. આપણે એટલે કે 'અખંડ જ્યોતિ'ના વાચકો, સંવેદનાની ધરી પર મિશનના ઉદ્દેશ્ય સાથે જોડાયેલ પરિજનો, લોકસેવકો, કર્મયોગમાં પ્રવૃત્ત હર કોઈ સામાન્યજન. પરમપૂજ્ય ગુરુદેવ કહે છે કે આપણે કર્મસંન્યાસ અને કર્મયોગ બંનેમાંથી પસંદગી કરવી પડે, તો યુગધર્મની છબિમાંથી ચિકિત્સકનો, લોકશિક્ષકનો કર્મયોગનો માર્ગ પસંદ કરવો જોઈએ. ક્યારેક ક્યારેક સંન્યાસી બનવાનો આવેગ ઊઠે છે. લાગે છે કે સંન્યાસ લઈ લીધો હોત, તો વધુ શ્રેષ્ઠ ગણાત. આનંદમય જીવન હોત. આજે જે સંન્યાસી સમુદાય છે, તેમના જેવું ભોગનું જીવન જીવત. સન્ ૧૯૮૦-૮૧ની વાત છે. પરમપૂજ્ય ગુરુદેવના આદેશથી અમને એક આશ્રમમાં ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામનું મશીન લઈને જવાનો મોકો મળ્યો. એક આશ્રમમાં એક સ્વામીજીને હાર્ટએટેક આવ્યો હતો. જે ખંડમાંથી અમે પસાર થયા ત્યાં કેટલાય સંન્યાસીઓ ભોજન કરી રહ્યા હતા. વધુ પડતું કેલરીયુક્ત અને મેવાપ્રધાન ભોજન. આજના જમાનાની દૃષ્ટિએ હાઈકોલેસ્ટ્રોલ ફૂડ. અંદર ઈ.સી.જી. લીધો. તાત્કાલિક ઉપચાર કર્યો, હાર્ટએટેક હતો. લોહીમાં ચરબીનું પ્રમાણ ચેક કરવા માટે સેંપલ મોકલ્યું. તે જ ખંડમાંથી પસાર થવાનું થયું. એમ થયું કે જો બધા સંન્યાસીઓ, જે મોટા મોટા આશ્રમોમાં રહે છે, તેઓ આવું જ ભોજન કરતા હશે તો હાર્ટએટેક નહીં થાય તો બીજું શું થશે ? એમ કહેવાનો આશય નથી કે બધા જ સંન્યાસીઓ આવા હોય છે, પરંતુ આજકાલ સંન્યાસ-આશ્રમની જે પરિસ્થિતિ થઈ ગઈ છે, ધર્મની જે દુર્ગતિ થઈ ગઈ છે, તેમાં કર્મયોગથી દૂર થઈને પલાયનવાદી બનીને જીવનારા વધારે છે તથા તેઓની સંખ્યા દરેક કુંભમેળામાં વધતી જાય છે. બહાર તો ભગવો રંગ છે, પણ અંદર શું છે તે કોઈને દેખાતું નથી. ખુલ્લા પગે ચાલે છે, કેટલાંક તપ તિતિક્ષાનાં વ્રત ધારણ કરેલ છે, મૌન રહે છે, પરંતુ જીવન એવું ને એવું જ છે, કારણ કે તમસ્‌માંથી બહાર આવી શકતા નથી. જો અંદર-બહાર બંને બાજુ કર્મણાં ન્યાસં, સાચા અર્થમાં કર્મસંન્યાસ સ્થાપિત થઈ જાય, તો તે સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદની જેમ, આદ્ય શંકરાચાર્યની જેમ લાખો લોકોના પથદર્શક બની જાય છે.

યુગધર્મની વાતમાંથી ઉપરના પ્રસંગો યાદ આવ્યા. યુગધર્મનું પાલન જ કર્મયોગ જીવનમાં ઉતારવો એ છે. જે ત્યાગ, તપ, બલિદાન અને ઉલ્લાસનાં પ્રતીક છે એવાં પીળાં વસ્ત્રો પહેરેલ ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓ ઠેકઠેકાણે સાતેય આંદોલનમાં પ્રવૃત્ત જોવા મળે છે. ગુરુવર્ય ઈચ્છત તો તેઓ પણ બધાંને ભગવાં કપડાં પહેરાવી દેત, પણ તેમણે કહ્યું, ''આપને અમે પીળાં વસ્ત્રો પહેરાવીએ છીએ. આપને લોકો ગાળો દેશે, અપમાનિત કરશે કારણ કે ધર્મતંત્ર ખરાબ રીતે કચડાઈ ગયું છે, અપમાનિત થયું છે. આપે જીવનવિદ્યાની પુનઃસ્થાપના કરવાની છે તેથી આપને પીળાં કપડાં પહેરાવ્યાં છે, જેથી આપ ધર્મતંત્રને પુનર્જીવિત કરી શકો. કર્મયોગી બનીને જ અર્જુનની જેમ આપણે પણ મોહ, અહંના ભવબંધન પાર કરી શકીએ છીએ. આ અને આગળના ત્રીજા શ્લોકની વ્યાખ્યા હવે પછીના અંકમાં.''

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીરામલીલામૃતમ્-૭

# ચેતનાની શિખરયાત્રા

## ભાગવત ભૂમિનું સેવન

સન્ ૧૯૨૪નો પહેલો કે બીજો મહિનો હતો. શ્રીરામ તેમના પિતાની સાથે મોસાળ ગયા. ત્યાં બાગવત સપ્તાહનું આયોજન હતું. પારાયણ કરનાર વિદ્વાન બીજા જ હતા, પંડિત રૂપકિશોરજીને જમાઈને નાતે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તાઈજી ત્યાં પહેલાંથી જ પહોંચી ગયાં હતાં. પિતા-પુત્ર કથાના આરંભને આગલે દિવસે આંવલખેડાથી નીકળ્યા અને સમયસર પહોંચી ગયા. રસ્તામાં પુત્રએ પિતા પાસે કેટલીક જિજ્ઞાસાઓ પ્રગટ કરી અથવા એમ કહી શકાય કે છપકો પ્રસંગે મનમાં ઊઠેલા સવાલો પૂછયા. એક સવાલ એ હતો કે આપ ભાગવતનો ઉપદેશ આપો છો. એ અધિકારથી પણ છપકોની સેવાને યોગ્ય ઠરાવી શકતા હતા, તો પણ કલ્યાણ પંડિતને ગાયત્રી ઉપાસનાનું કારણ કેમ જણાવ્યું.

પિતાશ્રીએ સમજાવ્યું, એટલા માટે કે ભાગવત શાસ્ત્ર ગાયત્રી મંત્રની જ વ્યાખ્યા છે. ભાગવત જ નહીં, બધાં શાસ્ત્રો તેનો જ વિસ્તાર છે. તે બીજરૂપ છે. શ્રીરામે તે સાંભળીને કહ્યું, પરંતુ અમે પણ આપની કથા સાંભળી છે, તેમાં ગાયત્રી મંત્રનો આવો મહિમા ક્યાંય નથી લખ્યો. પિતાએ ઉત્તર આપ્યો જેમાં દિશાસૂચન પણ હતું. તેમણે કહ્યું, તે મહિમાનું અનુસંધાન તારે કરવાનું છે. તું હમણાં શાસ્ત્રીય પક્ષ જ સમજી લે. શાસ્ત્રીય પક્ષ એ છે કે ભાગવતનો પ્રારંભ ગાયત્રીમંત્રથી જ થાય છે. ભાગવત પુરાણનો પહેલો શ્લોક ગાયત્રી મંત્રની વ્યાખ્યા જ છે. તેમાં ગાયત્રીનાં કેટલાંય પદો અને અર્થ રહેલા છે.

શ્લોકનો અર્થ છે, ''જેનાથી આ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય છે, કારણ કે જે આકાશ વગેરે પદાર્થોમાં વ્યાપ્ત પણ છે અને જેમાં તેનો અભાવ પણ છે, જે સર્વજ્ઞ છે, સર્વશક્તિમાન છે અને પ્રકાશ સ્વરૂપ છે, જેમણે સંકલ્પમાત્રથી બ્રહ્માજીને વેદનો ઉપદેશ આપ્યો છે, જેમનાથી મોટા મોટા વિદ્વાનો પણ મોહિત થઈ જાય છે. મરુમરીચિકા સમાન મિથ્યા જગત પણ જેના આધારે સત્ય ભાસે છે, તે સ્વયં પ્રકાશજ્યોતિથી સર્વદા અને સર્વથા માયાવાન અને માયાતીત રહેનારા સત્યરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.''

પ્રારંભનો શ્લોક સંભળાવી પિતાશ્રીએ કહ્યું, આ પદમાં 'જન્માદ્યસ્ય યતઃ' પદથી 'સવિતુઃ' શબ્દનો અર્થબોધ થાય છે. 'સ્વરાટ્' શબ્દ 'દેવસ્ય'નો બોધ કરાવે છે. એજ રીતે 'ધામ્ના સ્વેન સદા નિરસ્ત કુહકં' પદથી 'વરેણ્ય ભર્ગ' અને 'તેને બ્રહ્મહૃદા ચ આદિકવયે' પદ ગાયત્રીમાં રહેલ સ્વરાટ્ કે ત્રિભુવનને સંચાલિત કરનારી પરમશક્તિનું ઉદ્‌બોધન કરે છે. 'સત્યં પરં ધીમહિ' ગાયત્રી મંત્રની મૂળ પ્રેરણાને સ્વયં વ્યક્ત કરે છે. એટલું જ નહીં, ભાગવત શાસ્ત્રનો ઉપસંહાર પણ 'સત્યં પરં ધીમહિ'થી થાય છે. બારમા સ્કંધના તેરમા અધ્યાયનો ઓગણીસમો શ્લોક પરમ શુદ્ધ, માયા-મલથી રહિત અને પરમાત્માના સત્યને પોતાની ભીતર ધારણ કરવાની પ્રાર્થનાથી સંપન્ન થાય છે. અર્થ અને શબ્દ બંને પ્રકારે ભાગવત શાસ્ત્ર ગાયત્રીનો જ વ્યાખ્યા વિસ્તાર છે.

મત્સ્ય અને વામન પુરાણના સંદર્ભમાં પણ પંડિતજીએ સમજાવ્યું કે ભાગવત શાસ્ત્રને ગાયત્રીએ જ અધિકૃત કર્યું છે. તેનો આરંભ ગાયત્રીથી થયો છે, તેથી જ તે ભાગવત છે. મોસાળ સુધીનો રસ્તો એ વિષય પરની ચર્ચામાં કપાઈ ગયો કે ગાયત્રી બધાં શાસ્ત્રોનો, આ યુગના પ્રતિનિધિ ગ્રંથ ભાગવતનો આધાર છે, કારણ કે તે સનાતન ધર્મનો પણ આધાર છે. તેમણે સમજાવ્યું, વાલ્મીકિએ ગાયત્રીના ચોવીસ અક્ષરોને આધારે ચોવીસ હજાર શ્લોકોમાં રામકથા લખી હતી. રામાયણની જે નકલો અત્યારે મળે છે, તેમાં આખા રામાયણમાં એક નિશ્ચિત અંતરે એક શ્લોક ગાયત્રીના એક અક્ષરથી શરૂ થાય છે. એટલા જ અંતર પછી એક શ્લોક આગળનો અક્ષર બતાવે છે.

કેટલીક સદીઓ પહેલાં ગોસ્વામી તુલસીદાસે લોકભાષામાં રામકથા ગાવા ઈચ્છયું. સનાતન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધર્મનું સ્વરૂપ તે સમયને અનુરૂપ સમજાવવા ઈચ્છયું, તો રામાયણ અને ભાગવત બંનેનો આશ્રય લીધો. રામાયણમાંથી તેમણે ભગવાનનું ચરિત્ર લીધું અને ભાગવતમાંથી ભક્તિ. બંનેનો સમન્વય કરીને તેમણે રામચરિત માનસ લખ્યું. જાણો છો ગોસ્વામીજીને આ ગ્રંથ રચવાની પ્રેરણા કેવી રીતે મળી હતી ? બાબા વેણીમાધવે ગોસાંઈ ચરિતમાં ગાયું છે કે સંધ્યા ગાયત્રી કરી લીધા પછી શિવ-પાર્વતીએ જ તેમને રામચરિત લખવાનો આદેશ આપ્યો હતો. સંવત ૧૬૩૧ની રામનવમીના દિવસે પ્રાતઃસંધ્યા પછી તેમણે ગ્રંથની રચનાનો આરંભ કર્યો હતો. સાધક કોઈને પણ પોતાનું ઈષ્ટ બનાવે, તેણે ગાયત્રી જપથી જ આરંભ કરવો પડે છે.

## શ્રીકૃષ્ણના આંગણામાં

થોડીવાર રોકાઈને એમણે કહ્યું, એમ સમજો કે ગાયત્રી મંત્ર ચાવી છે અને બધી સાધનાઓ કોષભંડાર. આ ચાવી વિના ભક્તિ, જ્ઞાન અને યોગનો ભંડાર સુલભ થતો નથી. સપ્તાહ પારાયણ દરમિયાન પિતાશ્રી ગાયત્રી મહિમાની સાથે ભાગવત શાસ્ત્ર અને ધર્મની વાતો જણાવતા રહ્યા. આ વાતો શ્રીરામને ખૂબ ગમતી હતી. કથાની પૂર્ણાહુતિને દિવસે પિતા-પુત્ર જવાની તૈયારી કરવા લાગ્યા. તાઈજીએ પણ સાથે આવવા વિચાર્યું. પછીથી કોઈને મૂકવા આવવું પડે એના કરતાં સાથે જ નીકળી જાય એ જ સારું. સાથે આવવાનું નક્કી થઈ ગયું એટલે તાઈજીએ કહ્યું, અહીં સુધી આવ્યા છીએ, મથુરાજી પાસે જ છે. આપને તકલીફ ન પડે તો દ્વારકાધીશનાં દર્શન કરતાં જઈએ. નવા કાર્યક્રમમાં કેટલો સમય લાગશે એ વિશે પંડિતજી વિચારવા લાગ્યા. તાઈજીએ પોતાની વાત પર થોડો વધુ ભાર મૂક્યો, શ્રીરામ પણ સાથે છે, તેણે પણ દ્વારકાધીશનાં દર્શન કર્યાં નથી. યમુનાજીનાં પણ દર્શન થઈ જશે. તાઈજીના આગ્રહથી પંડિતજી હસ્યા. તેમણે મથુરા થઈને આંવલખેડા જવાનો કાર્યક્રમ બનાવી નાંખ્યો. એ રીતે યાત્રામાં વધુ બે દિવસ થઈ જાય એમ હતું.

વ્રજમંડળમાં ઘટાદાર-છાયાદાર વૃક્ષોનો અભાવ રહે છે. રેતી અને ધૂળ-માટીથી ખરડાયેલા રસ્તાને કારણે યાત્રીઓને મુશ્કેલી પડે છે, પરંતુ જે દિવસોમાં આ પરિવારે મથુરાનો રસ્તો પકડ્યો, એ દિવસો શિયાળાના હતા. ઊતરતા મહા મહિનાના દિવસોમાં કડકડતી ઠંડી પડતી હતી એટલે સહપણીથી મથુરા આવવામાં મુશ્કેલી ન પડી. હુંફાળા તડકાએ શિયાળાને ભગાડી દીધો અને સાંજ ઢળતાં પહેલાં જ મથુરા પાસે આવી ગયાં. મથુરાથી લગભગ બે-અઢી કિલોમીટરનું અંતર બાકી હશે ત્યાં એક ટેકરી દેખાઈ. ઉપર મંદિર હતું. ઘંટારવ સંભળાઈ રહ્યો હતો, તેનાથી જણાતું હતું કે લોકો ત્યાં આવતા-જતા હશે.

શ્રીરામે પિતાશ્રીને પૂછ્યું, આ કોનું મંદિર છે ? શહેરની બહાર હોવાથી અનુમાન કર્યું કે ગ્રામદેવતાનું મંદિર હશે. શહેર કે વસ્તીની સીમા શરૂ થતાં પહેલાં દરેક જગ્યાએ આ પ્રકારનાં સ્થાનકો હોય છે. પુત્રએ ત્યાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. તાઈજી અને સાથે આવેલા લોકો બધાં ટેકરી પર ચડી ગયાં. મંદિરમાં ગોવિંદજીની મૂર્તિનું સ્થાપન હતું. તેનાં દર્શન કરીને થોડીવાર આરામ કરવા માંડ્યાં. ગર્ભગૃહની બહાર બનેલા ચબૂતરાની નીચે થોડી વાર થઈ હતી કે બુલંદ અવાજ આવ્યો, ‘જય જય રાધે’. પંડિતજીએ જોયું, એક સાધુ તેઓની તરફ જોતો જોતો આવી રહ્યો છે. લાંબી દાઢી અને માથાના ખરી પડેલા વાળવાળા આ સંન્યાસીની ઉંમર સાઠ-પાંસઠની આસપાસ હશે.

પંડિતજીએ એમને પ્રણામ કર્યા. સાધુએ જવાબમાં પૂછ્યું, કંઈ આહાર વધ્યો છે, ભગત? તાઈજીએ પોતાની પોટલીમાંથી ચાર પૂરીઓ કાઢી અને તેના પર અથાણું મૂકીને પંડિતજીને આપ્યું. પંડિતજીએ તે ભોજન આદરપૂર્વક સાધુને આપ્યું. જીવતા રહેવાના આશીર્વાદ આપતો સાધુ જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં જવા લાગ્યો. તાઈજી પાસે ચૂપચાપ બેઠેલા શ્રીરામ આ બધું જોઈ રહ્યા હતા. સાધુને જતા જોઈને તરત જ તેમણે કહ્યું, બાબાજી ! આપે ભગવાનને જોયા છે ? સાધુ બાળકના અવાજથી ચમક્યો અને પછી સ્વસ્થ થતાં બોલ્યો, ના, પરંતુ જોવા માંગું છું. તેને મેળવવા માટે જ તેમની ભૂમિમાં ભટકી રહ્યો છું. (ક્રમશઃ)

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્મરણશક્તિ વધારવાના અને બુદ્ધિ સતેજ કરવાના ઉપાય

માનવ શરીર અનંત રહસ્યોનો ભંડાર છે. મનુષ્યનું મગજ ઈશ્વરે આપેલ મહત્ત્વનું અંગ અને અમૂલ્ય મૂડી છે. એ સુપર કોમ્પ્યુટર છે. જે સમગ્ર શરીરની સૂક્ષ્માતિસૂક્ષ્મ નાડીઓને વ્યવસ્થિત રીતે સંચાલિત કરે છે. તેની કાર્યશીલતા પર જ સફળતા અને નિષ્ફળતા આધારિત છે. સામાન્ય રીતે મગજનો ફક્ત ૩ થી ૭ ટકા ભાગ જ સક્રિય થઈ શકે છે. બાકીનો ભાગ સુપ્ત રહે છે. જેમાં અનંત જ્ઞાન છુપાયેલું રહે છે. એવી વિલક્ષણ શક્તિને જાગ્રત કરવાના કેટલાક ઉપાય અહીં રજૂ કરવામાં આવી રહ્યા છે.

(૧) બન્ને કાનની નીચેના ભાગને અંગૂઠા અને આંગળીથી દબાવી નીચે તરફ ખેંચો. આખા કાનને ઉપરથી નીચે તરફ મરોડો. સવારે ૪-૫ મિનિટ અને દિવસમાં જયારે સમય મળે ત્યારે કાનના નીચેના ભાગને ખેંચો.

(૨) માથું અને ગળાની પાછળ વચમાં મધ્ય નાડી હોય છે. તેના પર આંગળીથી ૩-૪ મિનિટ માલિશ કરો. આનાથી એકાગ્રતા વધે છે અને વાંચેલું યાદ રહે છે.

(૩) જ્ઞાન મુદ્રા :- સવારે ઊઠીને પદ્માસન કે સુખાસનમાં બેસો. બન્ને હાથની તર્જનીની ટોચને અંગૂઠાની ટોચને અડાડી રાખવાથી જ્ઞાનમુદ્રા બને છે. બાકીની આંગળીઓ સાહજિક રીતે સીધી રાખવી. આંખો બંધ, કમર અને કરોડ સીધી રાખવી. આ અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્રા છે. આનો હિતકારી પ્રભાવ સમસ્ત વાયુમંડળ અને મગજ પર પડે છે. જ્ઞાનમુદ્રા સંપૂર્ણ સ્નાયુમંડળને સશક્ત બનાવે છે. ખાસ કરીને માનસિક તાણથી થનારા દુષ્પ્રભાવોને દૂર કરીને મગજનાં જ્ઞાનતંતુઓને સબળ બનાવે છે. જ્ઞાનમુદ્રાના નિરંતર અભ્યાસથી મગજની તમામ વિકૃતિઓ અને રોગો દૂર થાય છે. જેમકે ગાંડપણ, ઉન્માદ, વ્યગ્રતા, ચીડિયાપણું, અસ્થિરતા, અનિશ્ચિતતા, ક્રોધ, આળસ, ગભરામણ, અન્યમનસ્કતા, વ્યાકુળતા, ભય વગેરે. મન શાંત થઈ જાય છે અને ચહેરા પર પ્રસન્નતા છલકાય છે. જ્ઞાનમુદ્રા વિદ્યાર્થીઓ માટે વરદાનરૂપ છે. આ મુદ્રાના અભ્યાસથી સ્મરણશક્તિ વધે છે અને બુદ્ધિ તીક્ષ્ણ થાય છે.

(૪) અકારણ આંગળીના ટાચકા ફોડવા, પંજા મસળવા અને આંગળીઓને ખોટી રીતે મરોડવી વગેરે આદતો મગજ અને સ્નાયુમંડળ પર ખરાબ પ્રભાવ પાડે છે. આનાથી પ્રાણશક્તિ ક્ષીણ થાય છે અને સ્મરણશક્તિ નબળી પડે છે. આથી આ બધાથી બચવું જોઈએ.

(૫) કપાળમાં બે ભ્રમરની વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે. તેનો સંબંધ બ્રહ્મ શરીર સાથે છે. જે વ્યક્તિનું આજ્ઞાચક્ર જાગી જાય છે, તે જ વિશુદ્ધ બ્રહ્મચારી હોઈ શકે છે. તેને માટે કાંઈ પણ અસંભવ નથી રહેતું. આજ્ઞાચક્ર પર ધ્યાન કરવાથી તે જાગ્રત થાય છે. સફેદ રંગની પ્રાણઊર્જા અહીંથી નીકળે છે. આથી સફેદ રંગનું ધ્યાન કરવાથી આજ્ઞાચક્રના જાગરણમાં મદદ મળે છે.

(૬) દેશી ગાયના શુદ્ધ ઘીમાં એક બદામ પીસીને નાંખી દો. એ ઘીને ગરમ કરીને ઠંડુ પાડી દો. ત્યારબાદ તે ગાળીને ભરી લો. રાત્રે સૂતી વખતે આ ઘીનાં બે-બે ટીપાં બન્ને નાસિકાનાં છિદ્રોમાં ડ્રોપરથી નાંખવાં. ડ્રોપરની શીશી ગરમ પાણીમાં રાખવી. આ ઘીનાં ૪-૫ ટીપાં ડૂંટીમાં નાંખી પહેલાં ઘડિયાળની દિશામાં અને પછી ઘડિયાળની વિપરીત દિશામાં ૪-૫ વખત હલાવવું, તેના પર પહેલાં ભીના કપડાંનો ટુકડો અને પછી કોરા કપડાંનો ટુકડો મૂકવો. આવું લગભગ ૧૦-૧૫ મિનિટ કરવું. દક્ષિણ દિશામાં માથું રાખીને સૂવો. સૂતી વખતે બન્ને પગનાં તળિયાંમાં પોતાના હાથે આ ઘીથી માલિશ કરો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આનાથી નીંદર સારી આવે છે, મગજમાં શાંતિ, પ્રસન્નતા અને સક્રિયતા આવે છે, મનોબળ વધે છે.

(૭) ૪ થી ૫ બદામ પીસીને ગાયના દૂધ અને સાકર ભેળવીને પીવાથી માનસિક શક્તિ વધે છે. આયુર્વેદ અનુસાર બ્રાહ્મી, શંખપુષ્પી, વચ, અશ્વગંધા, જટામાંસી, તુલસી સમાન ભાગે લઈ ચૂર્ણ બનાવી રોજ દૂધમાં નાખી પીવાથી માનસિક શક્તિ, સ્મરણશક્તિમાં વધારો થાય છે.

(૮) ઉત્તર દિશામાં મોં રાખીને પિરામીડના આકારની ટોપી પહેરીને ભણવાથી કે વાંચવાથી વાંચેલું-ભણેલું ખૂબ જલદી યાદ રહી જાય છે. ટોપી જાડા કાગળની કે જાડા કપડાંની બનાવી શકાય છે.

(૯) દેશી ગાયનું શુદ્ધ ઘી, દૂધ, દહીં, ગોમૂત્ર અને ગોબરનો રસ સરખી માત્રામાં ગરમ કરો. ઘી બાકી રહે ત્યારે ઉતારી, ઠંડું કરીને ગાળી લો. આ ઘી પંચગવ્ય ઘૃત કહેવાય છે. સવારે અને રાત્રે સૂતી વખતે દેશી ગાયના દૂધમાં ૨-૨ ચમચી પીગળેલું પંચગવ્ય ઘૃત સાકર, કેસર, ઈલાયચી,હળદર, જાયફળ ભેળવીને પીવો. આનાથી બળ, બુદ્ધિ, સાહસ, પરાક્રમ, ઉમંગ અને ઉત્સાહ વધે છે. પ્રત્યેક કામ, પૂરેપૂરી ક્ષમતાથી કરવાનું મન થાય છે અને મનોવાંછિત ફળ મળે છે.

(૧૦) અભ્યાસમાં સફળતા મેળવવા માટે મન દઈને ભણવું, રુચિપૂર્વક ભણવું અત્યંત આવશ્યક છે. અસફળતાનો અર્થ એ છે કે સફળતાનો પ્રયાસ મનથી કરવામાં આવ્યો નથી.

(૧૧) રાત્રે સૂતી વખતે પોતાના દિવસભરનાં કાર્યોનું ચિંતન-મનન કરવું. તેની સમીક્ષા કરવી, ભૂલો પ્રત્યે દુઃખ વ્યક્ત કરવું અને તે ભૂલો ફરી ન કરવાનો સંકલ્પ કરવો જોઈએ. સવારે ઊઠતી વખતે નવો જન્મ આપવા બદલ ઈશ્વરને ધન્યવાદ આપવા જોઈએ અને આખો દિવસ સારાં કાર્યોમાં વિતાવવાનો સંકલ્પ લઈને આખા દિવસની યોજના બનાવીને પથારી છોડવી જોઈએ.

(૧૨) પોતાની પ્રતિભા જગાવવા અને પોતાની ક્ષમતાને વધારવામાં સ્વ-સંકેત સાધના અત્યંત સહાયક છે. આ અંકમાં આ સાધના આપવામાં આવી છે. તેનો અભ્યાસ સુનિશ્ચિત ફળ આપે છે.

✿ ✿ ✿

***ભગવાનના બે ભક્ત હતા. એક ખૂબ ઈમાનદાર, બીજો બેઈમાન. પહેલો દિનભર મહેનતથી કામ કરતો. ન કાંઈ ચોરતો, ન વ્યર્થ સમય બરબાદ કરતો, પરંતુ સાંજે જ્યારે ભગવાન પાસે જતો તો અનેક ઈચ્છાઓ કરતો, ‘‘મારે ઘર જોઈએ, પત્ની જોઈએ, પુત્ર જોઈએ અને વિપુલ ધનસંપત્તિ જોઈએ, જેથી હું સુખ-સગવડથી રહી શકું.’’***

***બીજી વ્યક્તિ દિનભર આમતેમ ફરતી, જ્યાં તક મળતી ચૂપચાપ કંઈ ને કંઈ પોતાના ખિસ્સામાં નાંખતી. જે કાંઈ મળતું તેમાંથી પોતાના માટે વધુ રાખતી અને બીજાને ઓછું આપતી. સાંજે ભગવાન પાસે જઈ પ્રેમ અને શ્રદ્ધાથી માથું નમાવતી અને ચૂપચાપ પોતાને ઘરે પાછી ફરતી.***

***બેઈમાનની ઉન્નતિ થતી ગઈ. આ જોઈ ઈમાનદારને ઈર્ષ્યા થઈ. ભગવાનને ફરિયાદ કરી, ‘‘હે પ્રભુ ! મેં સચ્ચાઈ અને ઈમાનદારીથી આપની ભક્તિ કરી પણ આપે બધું જ આપ્યું બેઈમાનને.’’***

***ભગવાન હસ્યા અને બોલ્યા, ‘‘વત્સ ! વારંવાર માગીને પરેશાન કરવા કરતાં તો તેં, પણ એવું કર્યું હોત તો શું ખોટું હતું ? પોતે જે કાંઈ કર્યું તેનું ભરપૂર ઈનામ માગતા રહેવાથી તારી સેવા-સાધનાનું શું મહત્ત્વ બાકી રહે છે ? આત્મસંતોષ રૂપે અમારો સ્નેહ અને આશીર્વાદ તને મળે છે. તેનાથી સંતુષ્ટ નથી રહી શકતો ?’’***

***ભક્તનું સમાધાન થઈ ગયું. તેણે અનુભવ્યું કે એક સજ્જન માટે આત્મસુખ અને આત્મશક્તિ રૂપી ઈશ્વરકૃપા આગળ ધન વૈભવનું કોઈ મૂલ્ય નથી.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વાધ્યાય - એક અનિવાર્ય દૈનિક કૃત્ય

પ્રત્યેક વ્યક્તિએ દરરોજ એક કલાકનો સમય સ્વાધ્યાય માટે અવશ્ય કાઢવો જોઈએ. કારણ કે-

❖ યુગ સાહિત્યના સ્વાધ્યાયમાં જ માનવમાં દેવત્વનો ઉદય, ધરતી પર સ્વર્ગનું અવતરણ અને યુગ નિર્માણ સત્સંકલ્પ પૂર્ણ કરવાની શક્તિ છે. યુગનિર્માણ મિશનનો ઉદ્દેશ પણ એ જ છે. આથી ઉદ્દેશની પૂર્તિ માટે સ્વાધ્યાય અનિવાર્ય છે.

❖ ઉત્તમ ગ્રંથોનું અધ્યયન કરીને મનુષ્ય મહાપુરુષ, મહાત્મા, ઋષિ અને દેવતા બની શકે છે.

❖ સ્વર્ગનું દેખીતું અસ્તિત્વ ક્યાંય નથી. ઉત્તમ પુસ્તકોનું સાંનિધ્ય મનુષ્યને જ્યાં પણ મળે, ત્યાં તેને સ્વર્ગની અનુભૂતિ થવા માંડે છે.

❖ સારાં પુસ્તકો જાગૃત દેવતા છે. અધ્યયન, મનન અને ચિંતન દ્વારા તેની પૂજા કરવાથી તરત વરદાન મેળવી શકાય છે.

❖ સંસારના ભીષણ ભવસાગરમાં ડૂબતાં-ઉપર આવતાં તમામ મનુષ્યો માટે ઉત્તમ પુસ્તકો, સમુદ્રમાં તરતાં જહાજો માટે દીવાદાંડીની જેમ પ્રકાશસ્તંભ સમા સહાયક બને છે. ઉત્તમ પુસ્તકોના સહારે મનુષ્ય ભવસાગરનાં ભયંકર મોજાંને પણ સરળતાપૂર્વક પાર કરી શકે છે.

❖ જીવનનું ચરમ અને પરમ લક્ષ્ય વિદ્યાવિસ્તાર છે. જેનાથી સુખ, શાંતિ અને સંતોષ મળે છે અથવા એમ કહીએ કે દુઃખમાંથી મુક્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે.

❖ ધન-ધાન્ય સહિત સમગ્ર પૃથ્વીનું દાન આપવાથી જે પુણ્ય મળે છે તેનાથી ત્રણ ગણું કે તેથીય વધુ પુણ્ય સ્વાધ્યાય કરનારને મળે છે.

❖ ઉપાસના, પૂજા, અર્ચના, તપ, વ્રત, દાન વગેરેની સમકક્ષ સ્વાધ્યાયને પણ પુણ્ય પ્રયોજનમાં અતિ આદરપૂર્વક સમાવવામાં આવ્યો છે.

❖ તમારી જાતનું સમગ્ર રૂપાંતર ઈચ્છતા હો, તો સદ્‌વિચારોને વાંચો, જાણો અને સમજવાનો પ્રયત્ન કરો.

❖ આત્મશોધન અને આત્મનિર્માણની સૌથી મુખ્ય વિધિ સ્વાધ્યાયને જ માનવામાં આવી છે.

❖ શ્રેષ્ઠ સજ્જનો ઉત્તમ સાહિત્ય દ્વારા ખૂબ સરળતાથી વાર્તા કરી શકે છે. સ્વાધ્યાયના માધ્યમથી આ સુવિધા પ્રત્યેક પળે મળી શકે છે. પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય જે જેટલો સમય વાંચે છે તે તેટલો સમય ગુરુદેવનું સાંનિધ્ય પામી શકે છે. કારણ કે ગુરુદેવ એક વ્યક્તિ નહિ, વિચાર છે.

❖ સદ્‌ગ્રંથોમાં સમાયેલ સાધુ-વાણિયાની વાતનું નિરંતર અધ્યયન-મનન કરતા રહેવાથી મન પર સુસંસ્કારોની સ્થાપના થાય છે, જેનાથી ચિત્ત પોતે જ દુષ્કૃત્યો તરફથી ફરી જાય છે.

❖ સરસ્વતી સ્વાધ્યાયનું અનુસરણ કરે છે. વિદ્યા અધ્યયન સર્વોત્તમ મનોરંજન છે. ચારિત્રિક ઉજ્જવળતા એ સ્વાધ્યાયનું સાધારણ અને મનોવૈજ્ઞાનિક ફળ છે. સ્વાધ્યાયી બુદ્ધિમાન હોય છે.

❖ "સ્વાધ્યાય યોગ સાધ્યયા પરમાત્મા પ્રકાશતે" અર્થાત્ સ્વાધ્યાયયુક્ત સાધનોથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

❖ મરણ પછી મનુષ્યનું જ્ઞાન જ સાથે જાય છે. જ્યાં સુધી મનુષ્ય પહોંચી રહે છે, પછી તેનો આગામી જન્મ તેની આગળથી શરૂ થાય છે.

❖ તત્ત્વજ્ઞાનીની વાણી કામધેનુ છે, તે શ્રોતાઓને પ્રગતિ પ્રદાન કરે છે, સમસ્યાઓને ઉકેલે છે, શત્રુતાને મિત્રતામાં ફેરવે છે.

❖ જ્ઞાનને જ પારસમણિ કહેવામાં આવ્યું છે. લોઢું પારસને સ્પર્શીને સોનું બની જાય છે કે નહિ? પારસ ક્યાંય છે કે નહિ એ સંદિગ્ધ છે. પરંતુ જ્ઞાનરૂપી પારસને સ્પર્શીને તુચ્છ કોટિની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિ પણ ઊંચા સ્થાન પર પહોંચે છે તે નિર્વિવાદ સત્ય છે.

❖ મનોવિકારથી દુઃખી, ચિંતિત મનુષ્ય માટે તેના દુઃખ-દર્દના સમયે ઉત્તમ પુસ્તકો અમૃત સમાન છે. સ્વાધ્યાય નિઃસંદેહ એક એવું અમૃત છે જે મનમાં પ્રવેશીને મનુષ્યની પાશવિક વૃત્તિનો નાશ કરે છે. એટલા માટે જ્ઞાનદાનને સૌથી મોટું દાન અને વિદ્યા વિસ્તારને યુગની સૌથી મોટી સેવા કહેવામાં આવી છે.

❖ સ્વાધ્યાયથી વધીને સંસારમાં બીજો કોઈ આનંદ નથી. પુસ્તકોના અધ્યયનમાં એવી તલ્લીનતા આવે છે જે લાંબી યોગસાધનાઓથી પણ મળતી હોતી નથી.

❖ જેણે વાંચવાનું મહત્ત્વ જાણી લીધું તેણે સૌભાગ્યનું દ્વાર મેળવી લીધું. તે માતાપિતા ધન્ય છે, જેઓ પોતાનાં સંતાન માટે ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ છોડી જાય છે. એકમાત્ર સાચું જ્ઞાન જ લોક પરલોકનું અક્ષય તત્ત્વ અને સાચો સાથી છે, બાકી બધું જ નશ્વર છે, મિથ્યા છે.

❖ ''સ્વાધ્યાયાન્મા પ્રમદઃ'' અર્થાત્ સ્વાધ્યાયમાં ક્યારેય આળસ ન કરવું જોઈએ.

❖ ''અહરહ સ્વાધ્યાય મેધે તન્મ'' અર્થાત્ દિનરાત સ્વાધ્યાયમાં રત રહો.

❖ ''ભજન વિના ભોજન નહિ, ને સ્વાધ્યાય વિના શયન નહિ''નું સૂત્ર અપનાવવાથી નિરંતર સ્વાધ્યાય થતો રહે છે.

❖ સ્વાધ્યાય કરવો એ સૌથી ઉપયોગી, સરળ, સસ્તું, સુગમ, સુલભ અને સૌથી ઉત્તમ ધર્મકર્તવ્ય છે.

જેવી રીતે ઘરની સફાઈ રોજ કરવી પડે છે, કપડાં અને શરીર રોજ ધોવાં પડે છે એવી રીતે મન અને અંતઃકરણની સફાઈ માટે સ્વાધ્યાય અનિવાર્ય છે.

ગુરુવાણી અને ઉપર્યુક્ત શાસ્ત્રોક્ત સૂત્રોના આધારે અમે એ દઢતાપૂર્વક કહી શકીએ છીએ કે દરેક માણસે ઓછામાં ઓછા એક કલાકનો સમય યુગ સાહિત્યના સ્વાધ્યાય માટે અવશ્ય ફાળવવો જોઈએ. જે વાચકમિત્રો આ લેખ વાંચીને દરરોજ સ્વાધ્યાય કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે તેઓ પોસ્ટ કાર્ડ પર નીચેની વિગતો લખીને યુગનિર્માણ યોજના, મથુરા-૩ના સરનામે મોકલવા કૃપા કરે.

યુગ શક્તિ ગાયત્રી માસિકના લેખ 'સ્વાધ્યાય એક અનિવાર્ય દૈનિક કૃત્ય'માં આપવામાં આવેલ સૂત્રોમાં અમને પૂર્ણ વિશ્વાસ અને આસ્થા છે. આથી હું સંકલ્પ કરું છું કે હું દરરોજ ઓછામાં ઓછો એક કલાક નિયમિતપણે યુગસાહિત્યનો સ્વાધ્યાય કરીશ.

સહી.......................

નામ..................................................

પૂરું સરનામું .....................................

શિક્ષણ...............વ્યવસાય...................

ઉંમર ...........................

❋ ❋ ❋

*એક ગુરુના બે શિષ્ય હતા. બન્ને ખેડૂત હતા. ભગવાનનું ભજન, પૂજન પણ બન્ને કરતા હતા. સ્વચ્છતા અને સફાઈ પર પણ બન્નેને આસ્થા હતી, પરંતુ એક ખૂબ સુખી હતો, બીજો ખૂબ દુઃખી.*

*ગુરુનું અવસાન પહેલાં થયું. પછીથી બન્ને શિષ્યોનું પણ અવસાન થયું. દૈવયોગે સ્વર્ગલોકમાં પણ ત્રણેય એક જ સ્થાન પર મળ્યા. અહીં પણ સ્થિતિ પહેલાં જેવી જ હતી. જે પૃથ્વી પર સુખી હતો તે અહીં પણ પ્રસન્નતા અનુભવી રહ્યો હતો અને જે અવારનવાર કલેશ-કંકાસને કારણે પૃથ્વી પર અશાંત રહેતો હતો, તે અહીં પણ અશાંત જોવા મળ્યો.*

*દુઃખી શિષ્યએ ગુરુની પાસે જઈને કહ્યું, ''ભગવાન ! લોકો કહે છે ઈશ્વરભક્તિથી સ્વર્ગમાં સુખ મળે છે, પણ હું તો અહીં પણ દુઃખી છું.''*

*ગુરુએ ગંભીર થઈને કહ્યું, ''વત્સ ! ઈશ્વરભક્તિથી સ્વર્ગ તો મળી શકે છે, પણ સુખ અને દુઃખ મનની દેન છે. મન શુદ્ધ હોય તો નરકમાં પણ સુખ જ છે અને મન શુદ્ધ ન હોય તો સ્વર્ગમાં પણ કોઈ સુખ નથી.''*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# હાલના દિવસોમાં આ કરો

પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૮૮માં લખ્યું હતું- "કુસમયનો અંત થતાં-થતાં પ્રકોપ વરસશે. ભગવાન કરે તે પ્રકોપ વરસવાની વેળાએ અમારી સાધના એક સુરક્ષા કવચના રૂપમાં, બ્રહ્માસ્ત્રના રૂપમાં આપણા સૌની ઢાલ બની જાય તથા આપણે સૌ ૨૧મી સદીનાં વધતા બ્રહ્મબળ સાથે પ્રવેશ કરીએ, કોઈ પણ આ કાફલાથી છૂટા (વિખૂટા) ન પડી જાય."

ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જ્યંતી વર્ષમાં થઈ રહેલ ગાયત્રી મંત્રલેખન મહાપુરશ્ચરણ એક મહત્ત્વપૂર્ણ સામૂહિક સાધનાનો પ્રયાસ છે. તમારે એ સારી રીતે સમજવું જોઈએ કે મંત્રલેખન આ યુગનો મહાન પ્રયત્ન છે. પૂ. ગુરુદેવે લખ્યું છે-"ગાયત્રી ઉપાસના દ્વારા જ અમે ચમત્કાર મેળવ્યો છે. અમે જોવા માંગીએ છીએ કે તમે લોકો આમાં કેટલી શ્રધ્ધા-નિષ્ઠા સાથે કામ કરો છો. અમને વિશ્વાસ છે કે આ કાર્ય બહુ વ્યાપક સ્તરે વધનારું છે. અનેક કાર્યક્રમ થશે, જેનાથી વાતાવરણમાં અચાનક ફેરફાર થશે. નવી પેઢીઓ બદલાતી જશે. નવ નિર્માણના આ કાર્યના અનુસંધાનમાં જે આગળ રહેશે તથા પોતાની ભાગીદારી આપશે, તેમને માન, સન્માન તથા સહયોગ વધુમાં વધુ મળશે. તમારો જે શ્રમ, ભાવના, ધન આમાં લાગેલા છે, તે હજારગણા થઈ પાછા મળશે અને તમે ધન્ય થઈ જશો."

અત્યારે મંત્રલેખન મહાપુરશ્ચરણ ચાલી રહ્યું છે, તે ન કેવળ ભારત માટે પરંતુ પૂરા વિશ્વ માટે, મનુષ્ય જાતિ માટે બહુ જ મહત્ત્વપૂર્ણ હશે. આગળના દિવસોમાં યુગ સર્જન માટે ગાયત્રી મહાવિદ્યાને યુગ શક્તિના રૂપમાં અવતરિત થવાનું છે. ભવિષ્યમાં તેને વિશ્વદર્શનનું, અધ્યાત્મનું કેંદ્ર બિંદુ બનવાનો અવસર મળશે તેથી તમે બધા જો આ કાર્યમાં સહયોગ આપશો, તો અમને ખૂબ પ્રસન્નતા થશે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તમારા ઘર-પરિવારમાં સુખ-શાંતિ આવે, તમારી વધુને વધુ પ્રગતિ થાય તથા તમારું ભવિષ્ય ઉજ્જ્વળ થાય.

સાધના તથા સંગઠન સશક્તીકરણ વર્ષમાં યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના જૂન, જુલાઈ અને ઓગષ્ટના અંકોમાં સુવર્ણ જયંતી ગાયત્રી મહામંત્રલેખન અભિયાન, ભારત ભૂમિને તપોભૂમિ બનાવવાની વેળા આવી ગઈ, તપોભૂમિના સુવર્ણ જયંતી વર્ષમાં ગુરુસત્તાની મૂર્તિ સ્થાપના વગેરે લેખ પ્રકાશિત કરવામાં આવ્યા છે. એને સર્વે પરિજન બરોબર વાંચી પોતાને ત્યાં નજીકની શાખાઓ, પ્રજ્ઞાપીઠોમાં વિચાર ગોષ્ઠી લઈ બધાને વાંચવાનો અને સંભળાવવાનો પ્રયાસ કરશો. બધા સશક્ત પરિવ્રાજક સમયદાની, પ્રજ્ઞાપુત્ર, વંદનીયા માતાજી તથા ગુરુદેવની આકાંક્ષાનુસાર પોતાને યોગ્ય બનાવી એક કરોડ નવા સાધકોથી મહામંત્રલેખન અભિયાન ચલાવવાનો પ્રયાસ કરશો. ૧૦ હજાર સશક્ત પરિજન વર્તમાન ગાયત્રી સાધકોમાંથી ૧૦-૧૦ને ગાયત્રી પ્રચારક બનાવી તેમના માધ્યમથી ૧૦૦-૧૦૦ ગાયત્રી મંત્રલેખન સાધક તૈયાર કરી આ લક્ષ્ય પૂરું કરી શકે છે સાથે સાથે ત્યાં પ્રજ્ઞામંડળ બનાવી મિશનના બધા કાર્યક્રમ ચલાવી શકે છે. પત્રિકાના વિસ્તાર આદિ સર્વે કાર્યને સારી રીતે સંચાલિત કરી શકે છે. આ રીતે પ્રથમ ચરણમાં એક લાખ પ્રચારકોના માધ્યમથી એક કરોડ નવા સાધક સહેલાઈથી બનાવી શકાય છે. આ મહિનામાં માતાજીનો મહાપ્રયાણ દિવસ પણ છે. ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૨ ભાદરવા સુદ પૂર્ણિમાથી વિજયા દશમી સુધી શક્તિ પર્વ રૂપે મનાવવું જોઈએ. એ ચોવીસ દિવસોમાં કોઈ પણ શ્રેષ્ઠ સંકલ્પ મનમાં ઉદ્ભવે તેને સાકાર કરવા માટે ખાતર-પાણી આપી મજબૂત બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. ત્યારે જ અમે માત્ર કર્મકાંડ સ્તરે જ નહીં, પરંતુ પોતાના ગુરુ સત્તાની ગરિમાને અનુરૂપ આ શક્તિ દિવસ ચિરસ્મરણીય બનાવી શકીશું. તમે સક્રિય સમયદાની, સક્રિય પરિજન વાનપ્રસ્થી, પ્રજ્ઞાપુત્ર બબ્બે-બબ્બેની ટોળી બનાવીને નજીકના પ્રજ્ઞામંડળો, શાખાઓ, શક્તિપીઠો વગેરેમાં ૨૪ દિવસની યાત્રા કરી વિચાર ગોષ્ઠી લઈ દસ હજાર મજબૂત હીરાઓની શોધ કરો, જે એક-એક હજાર મંત્રલેખન બુકો મંગાવી પોતાના નજીકના ક્ષેત્રમાં દસ-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દસ પ્રચારક તૈયાર કરે. એ પ્રચારકો સો-સો નવા સાધકોના માધ્યમથી વિશ્વ શાંતિ માટે મંત્રલેખન અનુષ્ઠાન કરાવવાનું અભિયાન પ્રારંભ કરી દે. મંત્રલેખનનું કાર્ય પૂર્ણ થતાં દીપયજ્ઞના માધ્યમથી પૂર્ણાહુતિ કરાવશો અને પ્રજ્ઞામંડળ બનાવી મિશનના બધા કાર્યક્રમ પ્રારંભ કરાવવાનો પ્રયાસ કરશો. મંત્રલેખન બુકો મંગાવવા માટે અંદરોઅંદર રકમ ભેગી કરી એમાંથી પાંચ હજાર રૂપિયા એકત્ર કરી એક હજાર મંત્રલેખન મંગાવવા માટે ઓર્ડર મોકલશો. ગુરુસત્તા મૂર્તિ સ્થાપના સમારોહમાં મથુરા આવતી વખતે વધુમાં વધુ પ્રચારક બનાવી રકમનો ડ્રાફ્ટ લઈ અહીંયા પોતાનો ઓર્ડર નોંધ કરાવી શકો છો. સમર્થ પરિજન પોતાના જિલ્લામાં પાછા આપવાની શરતે પચાસ હજાર રૂપિયાની પૂંજી એકત્ર કરી દસ હજાર મંત્રલેખન બુકો મંગાવી લેશો. બુકો વિતરણ થતા પોત-પોતાના પૈસા પાછા લઈ લે. પ્રચારક સાધકો પાસેથી પાંચ-પાંચ રૂપિયા લઈ બુકો આપતા રહે. દાનવીર ભામાશાહ અનુદાન આપી મંત્રલેખન બુકો વિના મૂલ્યે સાધકોને આપી પુણ્યના ભાગીદાર થઈ શકે છે. આશા છે મિશનના છ કરોડ સહયોગીઓમાંથી એક લાખ પ્રચારક અવશ્ય આગળ આવશે, જે સો-સો નવા સાધક બનાવી એક કરોડ સાધકોથી વિશ્વ શાંતિ માટે પોતાના તપ અંશ ચોવીસ સો મંત્રલેખન કરી આપવાનો પ્રયાસ કરશે.

પાછલા કેટલાક મહિનાઓથી ક્ષેત્રના અનેક ભાઈઓની કંઈક જીજ્ઞાસાઓ અમને મળતી રહે છે. એના સમાધાન માટે બધા પરિજનોને વિનંતી છે કે મિશનના પાંચ સંસ્થાન ગુરૂદેવના અભિન્ન અંગ છે. બધી સંસ્થાઓ સદા પરસ્પર સહયોગથી કાર્યનું સંચાલન કરતી રહી છે અને કરતી રહેશે. શરદ પૂર્ણિમાના કાર્યક્રમમાં આદરણીયા શૈલ દીદી, શ્રધ્ધેય ડૉ. પ્રણવ પંડયાજી સહિત શાંતિકુંજના બધા વરિષ્ઠ કાર્યકર્ત્તા ભાઈ-બહેનો આ સમારોહમાં સક્રિય ભાગીદારી નિભાવશે. આ કાર્યક્રમમાં ક્ષેત્રના બધા સશક્ત સક્રિય કાર્યકર્ત્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. ગાયત્રી તપોભૂમિની વ્યવસ્થા શ્રી દ્વારિકા પ્રસાદ ચૈતન્ય તથા શ્રી મૃત્યુંજય શર્મા મળી ટ્રસ્ટીઓ અને કાર્યકર્ત્તાના સહયોગ તથા સમજૂતીથી ચલાવતા રહેશે. યુગ નિર્માણ યોજના માસિક પત્રિકાના સંપાદક શ્રી દ્વારિકા પ્રસાદ ચૈતન્ય રહેશે તથા યુગ શક્તિ ગાયત્રી ગુજરાતીના સંપાદક ડૉ. પ્રણવ પંડયા રહેશે.

કેટલાક પરિજન એ જીજ્ઞાસા રાખે છે કે શરદ પૂર્ણિમાના આયોજનમાં જે ખર્ચ થશે, તેના માટે અનુદાન સંગ્રહની શું યોજના છે ? એના સંદર્ભમાં વિનંતી છે કે પરમ પૂજ્ય ગુરૂદેવે સન્ ૧૯૫૮ના યજ્ઞ પહેલા લખ્યું હતું-"આટલા મોટા કાર્ય માટે કેટલા બધા ધનની જરૂર પડશે, તેનો હિસાબ જોડનારા લોકો ચોંકી ઉઠતા, જ્યારે તેમને એ બતાવવામાં આવ્યું કે હજી સુધી એક પૈસાનો પ્રબંધ નથી અને ભવિષ્યમાં પણ કોઈ વ્યક્તિથી માંગવાની, સાર્વજનિક અપીલ કરવાની, પૈસા માંગવાની યોજના નથી અને ન કોઈ ધની-મોભાશાળી વ્યક્તિનો અમારી પીઠ પર કોઈ હાથ છે. આર્થિક પ્રબંધના પ્રશ્નને અમે ઈશ્વરીય પ્રેરણાના પ્રમાણને પોતાના વિનમ્ર સંકલ્પ બળને અને પોતાના સ્વજનોની અંતઃશ્રધ્ધાને કસોટી બનાવી છે. આ ત્રણેયની વાસ્તવિકતા અવાસ્તવિકતાની અગ્નિ પરીક્ષા માટે હજારો કુંડોની એ ભઠ્ઠી બનાવી છે. ત્રણેય પક્ષોના સાચા-ખોટા થવાની ઓળખ આ આયોજનમાં સારી રીતે થઈ જશે. અમારો વિશ્વાસ છે કે ત્રણેય પક્ષ કસોટીમાંથી પાર ઉતરશે."

પરમ પૂજ્ય ગુરૂદેવ સન્ ૧૯૭૧માં વિદાય સમયે પૂજ્ય પંડિતજીને કહી ગયા હતા કે ગાયત્રી તપોભૂમિના બધા કાર્ય ગાયત્રી માતા-દિવ્ય સત્તા ચલાવી રહી છે એ માનીને હંમેશા કાર્ય કરવું. તપોભૂમિને સાધનોની કમી નહીં રહે. જો એ માનશો કે અમે કરી રહ્યા છીએ, તો કમી પડશે. એ આજ્ઞાને શિરોધાર્ય કરી ૧૯૭૧થી આજ સુધી બધા કાર્ય ગાયત્રી માતાની પ્રેરણાથી, આપ સૌ સશક્ત ભાઈ-બહેનોના સહયોગથી સારી રીતે ચાલી રહ્યા છે. આ કાર્યક્રમની અર્થ વ્યવસ્થા પણ ગાયત્રી માતા આપ સૌના સહયોગથી બનાવશે. ધનની કમી નહીં રહે. અમને પૂજ્ય ગુરુદેવ અને દિવ્ય સત્તા પર પૂરો વિશ્વાસ છે. હરિદ્વારમા મહામહિમ રાજ્યપાલ શ્રી જી. ડી. નપાસેએ આ જ પ્રશ્ન પૂજ્ય ગુરુદેવને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્યો હતો કે સરકાર પાસેથી પૈસા જોઈતા નથી, ધનપતિઓથી તમે માંગતા નથી. તો પછી તમારી આવકનું સાધન શું છે ? ગુરુદેવે કહ્યું કે મેં એક જીન્નને સિધ્ધ કરી રાખ્યું છે. તે બહુ કરામતી જીન્ન છે. મારા કાર્યક્રમોને તે જ પૂરા કરે છે. એ સાંભળી રાજ્યપાલ તેમની તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા. ગુરુદેવ હસતા-હસતા બોલ્યા-ચલો તમે તો અમારા જ છો, તમને બતાવી દઉં છું તેનું નામ. મારું જીન્ન છે-આ ભારત તથા વિશ્વની જનતા. જનતા પર તેમનો અખંડ વિશ્વાસ જોઈને રાજ્યપાલે કહ્યું હતું-આપ સાચા લોકનાયક છો. પૂજ્ય ગુરુદેવની આજ્ઞાનુસાર મહાકાળના બધા કાર્યક્રમોની વ્યવસ્થા તે જ જુએ છે. તેમની પ્રેરણાથી શ્રધ્ધા-નિષ્ઠાથી આપણે બધા પોતાના ધન, સમય, બુધ્ધિ મોટા-મોટા કાર્યક્રમોમાં લગાવતા રહ્યા છીએ. આ કાર્યક્રમ પણ સફળ થશે, એવો વિશ્વાસ બધાએ મહાકાળની સત્તા પર કરવો જોઈએ.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે-"અમે દરરોજ દરેક ભણેલા-ગણેલાને નિયમિત રૂપે યુગ સાહિત્ય વંચાવવાની યોજના બનાવી છે. તમે ભણેલા-ગણેલા લોકો સુધી અમારી વાત પહોંચાડો. અમારી બળતરાને, અમારી ચિનગારીઓને પહોંચાડો. તમારા નજીક જેટલા માણસ છે તેમનામાં અમારા વિચારો ફેલાવો. અમારી પૂરી શક્તિ અમારા વિચારોમાં બંધાયેલી છે. દુનિયાને ફેરવવાનો જે દાવો કરે છે, તે સિધ્ધિઓથી નહીં પોતાના સશક્ત વિચારોથી કરે છે." ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી વર્ષમાં નવીન પુસ્તકમાલા સુવર્ણ જયંતી પુસ્તકમાલાના નામથી ૫૦ પૈસા કિંમતનાં પુસ્તકોનું પ્રકાશન પ્રારંભ થઈ રહ્યું છે. આ સાહિત્ય એક કરોડ સાધકો પાસે પહોંચાડવા માટે શ્રવણકુમારોની જરૂર છે. અત્યારથી જ વધુમાં વધુ પુસ્તકો મંગાવવા માટે પ્રચારક બનાવી ધન સંગ્રહ પ્રારંભ કરી દેશો. બધા યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર અગાઉથી રકમ સાથે ઓર્ડર મોકલશો જેથી તેમને સાહિત્ય તૈયાર કરી મોકલી શકાય.

પૂજ્ય ગુરુદેવે કહ્યું છે-"આ આપત્તિકાળ છે. રાહત કાર્યોમાં લાગવું પડશે, જ્યાં પીડા હોય, ત્યાં તમે સહાય કરી શકો છો, એમાં તમારી આત્મ પરીક્ષા છે અને વર્ચસ્વનું અનુદાન છે. શું તમે મુસીબતમાં પણ હૃદયહીન થઈને જ્યાંના ત્યાં બેસી રહેશો ? મદદ નહીં કરો. જાગૃત આત્માઓને આપત્તિકાળમાં પોકારવામાં આવ્યા છે કે તમે રાહત કાર્યો માટે મદદ કરો. રાહત કાર્ય માત્ર પૂર અને ભૂકંપ માટે જ નથી હોતું, પીડા અને પતન આ જમાનામાં હજી વધુ ફેલાશે. ગાંધીજીએ કયારેક સમય માંગ્યો હતો, રામ અને કૃષ્ણએ પણ સમય માંગ્યો હતો, અમે પણ તમારી પાસે સમય માંગીએ છીએ. સમયની કોઈની પાસે કમી નથી. કેવળ દિલદારી અને સાહસની ખામી છે. જો તમે તમારી અંદર દિલદારી અને ઉદારતા પેદા કરી શકો તો અમારું કામ બની જાય. તમને કોઈ જાગૃત આત્મા દેખાય તો તેમને કહેજો કે મહાકાળે એક જ નિમંત્રણ મોકલ્યું છે-સમયની માંગનું નિમંત્રણ. જ્યાં પણ તમે જાવ, તમે એક જ વાત કોઈ પણ વ્યક્તિને કરશો, જે કોઈ પણ તમને ભજન કરતા, પૂજન કરતા દેખાય તેમને એ જ કહેવાનું કે જો તમે ભગવાનની કૃપા મેળવવા માંગતા હોવ, ભગવાનની સહાય કરવા ઈચ્છતા હોવ, તો ગુરુજીએ, મહાકાળે તથા યુગ દેવતાએ પાલવ પાથરીને દરેક વ્યક્તિ પાસેથી સમયદાન માંગ્યું છે. તમારી પાસે સમય હોય તો અમને આપશો. નવ યુગના નિર્માણ માટે, રાહત કાર્યો માટે, પીડા અને પતન સામે ઝઝૂમવા માટે, સત્પ્રવૃત્તિઓના સંવર્ધનમાં યોગદાન દેવા માટે અને દુષ્પ્રવૃત્તિઓ સામે સંઘર્ષ કરવા માટે સમય આપવો કેવળ તેમના માટે સંભવી શકે છે, જે પોતાની ભૌતિક મહત્ત્વાકાંક્ષાઓ પર નિયંત્રણ લગાવી શકે છે. એના સિવાય સમય ન આપી શકાય. જો તમે તમારી મહત્વાકાંક્ષાઓ ઓછી કરી આધ્યાત્મિક મહત્વાકાંક્ષાઓમાં પોતાનું મન લગાવી શકો તો તમને શક્તિ પણ મળશે, સમય પણ બચશે, પૈસા પણ બચશે, બુધ્ધિ પણ બચશે, શ્રમ પણ બચશે. એટલો બધો સામાન બચશે કે તમે કહેશો કે અમે તો પોતાને અભાવગ્રસ્ત સમજતા હતા, પણ અમારી પાસેથી એટલી બધી દોલત નીકળી કે અમે દુનિયાને ન્યાલ કરી શકીએ છીએ."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પુણ્ય-સ્મૃતિ-૧

# જગ જનનીની આજ્ઞા શિરોધાર્ય કરો

વંદનીયા માતાજીએ બધાને જે માર્ગદર્શન આપ્યું છે, તે મિશન માટે, શિષ્યો માટે અને ઋષિ સત્તાના અભિન્ન અંગો માટે ચિંતનીય, મનનીય તથા આચરણમાં લેવા જેવું છે, ત્યારે જ આપણે યુગ નિર્માણ આંદોલનમાં સાચા રૂપે સહયોગી બનવામાં સફળ થઈ શકીશું. વિશ્વના વર્તમાન હાલચાલ જોઈ કયારેક-કયારેક આપણે ભટકી જઈ શંકાશીલ થઈ જઈએ છીએ. આશ્વાસન આપતાં-આપતાં વંદનીયા માતાજીએ લખ્યું છે-"આ મિશનનું ભવિષ્ય ચોક્કસપણે ઉજજવળ છે. તેણે તેં ભાગીરથ પુરૂષાર્થ કરવાનો છે, જેણે સાંઈઠ હજાર સગર પુત્રોને શાપ મુક્ત કર્યા હતા. હવે આ સંખ્યા છસો કરોડથી ઉપર પહોંચી ગઈ છે. આપણે ગાયત્રી પરિજન હજી માત્ર છ કરોડ છીએ. સો ગણા થવા માટે માનવીય પુરૂષાર્થ પૂરતો નથી. તેને અતિ માનવીય સ્તરે પૂરો કરવો પડશે."

આપણે બધું કાર્ય તેમની પ્રેરણાથી કરી રહ્યા છીએ. આપણે પોતાની જાતને અહંથી ઘેરી ના લઈએ. આપણા અહંને દૂર કરતા વંદનીયા માતાજીએ લખ્યું છે-"પ્રત્યક્ષ રીતે એ કાર્ય કરતું કોઈ પણ દેખાય પણ શક્તિનો પ્રવાહ સૂક્ષ્મ જગતથી જ ચાલશે. હવે આપણી ભૂમિકા પરોક્ષ જગતમાં વધુ સક્રિયતાવાળી હશે. ગુરુસત્તાનું આમંત્રણ તીવ્રથી તીવ્ર થતું જાય છે અને એક જ સ્વર દરેક શ્વાસ સાથે પ્રકટ થતો જાય છે. યુગ પરિવર્તન માટે વધુ સમર્પણ અને શક્તિનો પ્રવાહ કદી અવરોધક નહીં બને. આ તથ્યને જાણનારા કદીએ લૌકિક સ્તરે ચિંતન કરશે નહીં તથા પોતાના પુરૂષાર્થમાં સાધના અને પરાક્રમમાં કોઈ ખામી આવવા નહીં દે, એવો અમારો દૃઢ વિશ્વાસ છે."

માતૃ સત્તાનો ઉક્ત સંદેશ બધાને માટે ચિંતનીય, મનનીય તથા આચરણમાં લેવા યોગ્ય છે. આચરણમાં લીધા વિના આપણું સમર્પણ અધૂરું જ રહેશે. વંદનીયા માતાજીએ કહ્યું છે-"તમને ધ્યાનમાં હોવું જોઈએ આ મિશન કેટલી ગતિથી વધી રહ્યું છે, એમાં તમારા લોકોનું શું યોગદાન હોવું જોઈએ- તે છે હિંમતનું અને સાહસનું કમજોર, રોતા અને બૂમબરાડાવાળા ન હોવા જોઈએ. ભાવના અને ભાવુકતામાં ફેર હોય છે. ભાવુકતા આપણને કમજોરી શીખવાડે છે. કાયરતા શીખવાડે છે અને ભાવના આપણને એ શીખવાડે છે કે પોતાના ઈષ્ટ પ્રત્યે આપણું જે સમર્પણ છે, તેના માટે આપણે શું કરવું જોઈએ. જ્યારે મિશનમાં સામેલ થયા ત્યારે એ ભાવના હતી કે અમે ગુરુજી માટે, તેમના કાર્યો માટે, મિશન માટે, સમાજ સેવા માટે તથા રાષ્ટ્ર ઉત્થાન માટે એ સંકલ્પ લઈએ છીએ કે અમે આજીવન આ કાર્ય કરતા રહીશું. પહેલાં તમારી જે ભાવનાઓ હતી. તે આજે પણ હાજર રહેવી જોઈએ.

જ્યારે આપણે તેમનામાં મળી ગયા તે આપણામાં મળી ગયા તો એકાકાર થઈ ગયા. હવે અલગ કયાંથી રહ્યા ? સમય-સમયે આપણી અંદરના કુસંસ્કાર ઉદય થતા રહે છે, તે કુસંસ્કારોને આપણે દૂર કરવા જોઈએ અને સુસંસ્કારોનો ઉદય થવો જોઈએ. અમારા દરેક કાર્યકર્તા શક્તિશાળી દેખાવા જોઈએ. હનુમાન જેવા, અર્જુન જેવા, એકલવ્ય જેવા, શિવાજી જેવા. તેમના ચિંતન અને ચરિત્ર બંનેય ઉચ્ચસ્તરના હોવા જોઈએ, જે ચિંતનમાં હોય છે તે જ ચરિત્રમાં પણ હોય છે અને જે ચરિત્રમાં હોય છે તે વ્યવહારમાં પણ હોય છે. જે વ્યવહારમાં હોય છે લગભગ તે પ્રકારનું વાતાવરણ બનાવી દેવાય છે."

**ગુરૂજી જેવા બનો :** "ગુરુજીએ બાળપણથી જ પોતાના ચિંતનને એવી રીતે ઢાળ્યું કે એક સ્વયંસેવકની મનોવૃત્તિ તેમની અંદર હંમેશા હાજર રહી. જ્યાં ક્યાંય પણ, જે પણ કાર્ય તેમણે કર્યું લોકો તેમને વખાણતા રહ્યા. તેમનામાં સ્વયંસેવી વૃત્તિ હતી. તે જ વૃત્તિ ચાલતી આવી. તેમના જીવનમાં શરૂથી જ કરૂણા, ત્યાગ અને સંવેદના હાજર રહ્યા જ્યારે વ્યક્તિમાં કરૂણા આવે છે, આખા વિશ્વ કલ્યાણ માટે તો તે થોડું-થોડું પોતાને સમર્પિત કરતો જાય છે. જેણે પોતાની જાતને સમર્પિત કરી દીધી, તેમને શ્રધ્ધા તો મળવાની જ છે. બનાવટીપણાની પોલ થોડા જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિવસમાં ખુલી જાય છે. બનાવટીપણું જો નથી તો પછી તમને સહયોગ મળવો જ જોઈએ, જન-શ્રધ્ધા અને મદદ મળવી જ જોઈએ.

અમારા નાના-નાના બાળકો, અણસમજુ બાળકો જ્યારે બહાર જાય છે, તો જે સત્કાર તેમનો થાય છે, તે કોનો હોય છે ? તે તમારો, તમારો નથી થતો. એ માનીને ચાલશો. જેની અંદર આ અહંકાર હોય કે આ અમારો પુરૂષાર્થ છે. એ આપણો નહીં તે મહાપુરુષનો છે, જેમણે આખું જીવન લોકમંગળ માટે, રાષ્ટ્રના ઉત્થાન માટે લગાવી દીધું. અંતિમ ક્ષણોમાં પણ તેમણે એક જ વાત કહી કે આપણે પૂરા વિશ્વમાં વિચારક્રાંતિનો વિસ્તાર કરવાનો છે."

**સંકલ્પ પૂરો થશે, તેમના નિમિત્તે જીવીને :**

જે સંકલ્પ લેવાયા છે, તે અધૂરા નથી રહેતા કેમકે જે રગે-રગમાં સમાયેલ છે, કામ તો તે ઈષ્ટદેવનું જ છે ને. કામ તેમનું છે, પણ કાયા આપણી છે. એમાં કોઈ શક નથી કે શરીર પોતાનું અને બળ તેમનું છે. જ્યારે આપણી અંદર આ હિંમત આવી જશે અને એ સાહસ આવી જશે કે આપનાર તો બીજા છે, કરનારા આપણે છીએ, પછી તો કોઈ પણ કામ અધૂરું નહીં રહે.

**યુગ ઋષિનું આશ્વાસન તથા ચેતવણી :**

ગુરુદેવ કહી ગયા છે કે અમે જે વૃક્ષ લગાવ્યું છે, કયાંક એવું ન થાય કે સૂકાઈ જાય. હિંમત તેમજ દિલદારી સાથે આંસુ પીવાના છે અને આગળ વધવાનું છે. દરેક બાળકે આગળ વધવાનું છે. બેટા ! તમારું કોઈ દુ:ખ મુશ્કેલી હશે, તેને અમે જીવ જાનથી દૂર કરીશું. આધ્યાત્મિક દૃષ્ટિએ શક્તિથી અને ઔપચારિક દૃષ્ટિએ પણ નિવારણ કરીશું. તમે અમારા બાળકો છો, અમે તમારે માટે જાન પર ખેલીશું એમાં કોઈ શંકા નહીં. ગુરુવરે કહી દીધું છે કે હું તમારી અંદર સમાયેલો છું. જ્યારે તે મારી અંદર સમાયેલા છે, તો બેટા ! હું માતાજીનો અને ગુરુજીનો બંનેનો રોલ અદા કરીશ. ગરબડીનું બીજ જ્યાં કયાંય પણ મને દેખાશે ત્યાં તે બીજને હું કોઈ પણ મોહ વગર નાબૂદ કરી દઈશ, પછી ભલેને ગમે તે હોય ?"

આપણે સાવધાન અને સતર્ક રહેવાનું છે કે માના પ્રકોપના ભાગીદાર આપણે બનવું ના પડે અને શ્રેય-સૌભાગ્યથી વંચિત ન રહીએ નહીં તો ભયંકર પશ્ચાત્તાપ રહેશે.

**પોતાની ક્ષતિઓ કાઢો, પૂર્ણ બનો :**

વંદનીયા માતાજીએ કહ્યું-"માની લો કે અત્યાર સુધી તમારામાં કંઈક ખામીઓ હતી, પરંતુ હવે આવી રહેલ સમયમાં ન હોવી જોઈએ. આગળ બહુ જવાબદારીઓ સંભાળવાની છે. અમારી મમતા તમને મળતી રહેશે, પણ ગરબડી ફેલાવશો તો અમને નારાજગી પણ થશે. પોતાની વાણી મીઠી રાખશો. જ્યારે આવો છો ત્યારે પોતાનો અહંકાર દેખાડો છો, બધાને બોસપણું બતાવો છો. કોઈ બોસપણું નહીં બતાવે. અહીં નમ્રતા જોઈએ નમ્રતા બહુ મોટી ચીજ છે. ગુરુજીની અંદર નમ્રતા હતી, જે ગુરુજીને સાંભળશે, સમજશે તે નમ્ર હશે અને બધામાં હળીમળી જશે. આ અનુકરણ તેમણે કરવું જોઈએ, જેમણે હજી સુધી નથી કર્યું. જેમણે કર્યું છે તે પ્રશંસનીય છે, તેમના માટે ઢગલો આશીર્વાદ છે."

**ભીખારી ના બનશો, દેવતા બનો :**

બેટા ! અમારા એક પણ કાર્યકર્ત્તા ભીખારી નથી ફરીથી સાંભળી લો, અમારા કાર્યકર્ત્તા ત્યાગી અને તપસ્વીની લાઈનમાં આવે છે. અમને એ લોકોથી નફરત છે, જે અમારા બાળકોને ભીખારીના રૂપમાં જુવે અથવા અમારા બાળકોની મનોભૂમિમાં એવી વાત પેદા થાય, જો કે નાની-નાની ભેટોથી તેમનું મનોબળ ઘટાડી દે. ધિક્કાર છે એવા લોકોને અને ધિક્કાર છે એવી મનોભૂમિને થોડાં દિવસ પહેલા લંડનની એક મહિલા મારી પાસે આવી અને બોલી-માતાજી ! હું ઈચ્છું છું કે અહીંયા બધાને અમુક ચીજ વહેંચી દઉં. મેં કહ્યું-દેવી ! નમસ્કાર છે તારે માટે. તુ અમારા બાળકોનું મનોબળ ના તોડીશ. જે આપવાનું હશે અમારા બાળકોને તે અમે આપીશું. અમે તેમને સાદગી શીખવાડી છે. અમારા બાળકો ભિખારી નથી. અમારી પાસે હશે તો આપીશું નહીં તો રોટલી, મીઠું ખવડાવીશું. અમારે ન જોઈએ તારા મેવા, મીઠાઈ,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તુ લઈ જા અને ત્યાં કયાંક આપીને આવ. જ્યાં કોઢી બેઠા હોય તેને, ભીખારીઓને વહેંચી આવ.

**આપણે લાલચમાં ના ફસાઈએ :**

બીજા આશ્રમોમાં તો એ થાય છે કે ત્યાં જે શેઠજી આવે છે તે કંઈકને કંઈક વહેંચે છે. તેમની પાછળ-પાછળ લોકો લાગેલા રહે છે. જેમ મીઠાઈ જોઈને કૂતરાની માફક પાછળ ફરતા રહે છે. તેમના જય-જયકાર બોલે છે. ના બેટી ! તુ ત્યાં કોઈકને આપી આવ, આશ્રમોમાં જઈને. અહીંયા તુ મારા બાળકોને બગાડવા ન આવીશ. મારા બાળકોનું મનોબળ ના ઘટાડીશ.

હું તમને પણ નિવેદન કરું છું કે તમે કદી સ્વાર્થ, લાલચમાં ના ફસાતા બેટા ! કેટલીયવાર આપણી મનોભૂમિ વિચલિત થઈ જાય છે, પણ સંભાળો, તેને વિચલિત ના થવા દો. કોઈ વાર કંઈક એવી ચીજો જોઈ મન લોભી બને છે તમે એવું ના થવા દેશો. નહીંતર આપણે બીજાની સામે તુચ્છ ગણાઈશું ભગવાને આપણને જે આપ્યું છે તેમાં આપણે પોતાનો સંતોષ વ્યક્ત કરીશું. બેટા ! તમે આ રીતે રહેશો.

**સાધનાનો સ્તર વધારો :**

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે-"સાધનાનો સ્તર વધાર્યા વગર, પ્રખરતાનું ઉપાર્જન કર્યા વગર, તે મહાયુધ્ધની તૈયારી નથી થઈ શકતી. જેમાં આગામી વર્ષોમાં આપણે સૌએ ભાગીદારી કરવાની છે. સાધનાનો અર્થ છે-સમર્પણ, અહંનું વિસર્જન-વિલય, સમર્પણ જેટલું વધુ હશે. ગુરુ સત્તાની ચેતના, સિધ્ધિઓ તથા શક્તિઓને આપણે એટલા જ વ્યાપક રૂપે ધારણ કરી શકીશું જીવન એટલી જ ઝડપથી પરિવર્તિત થવા લાગશે." પૂજ્ય ગુરુદેવના જીવનનો સાર જોઈએ તો આપણે તેમના જીવનને સાધનામય બનાવી જીવન જીવનાર એક સદ્‌ગૃહસ્થના રૂપમાં મેળવીશું. જે લાખો લોકોના હૃદયો પર અધિકાર કરી તેમના આધ્યાત્મિક સંરક્ષક બનતા ગયા. તેમણે જે પ્રચંડ સાધનાત્મક પુરૂષાર્થ જાતે કર્યો તથા લાખો સામાન્ય લાગતા વ્યક્તિઓથી જીવન સાધના કરાવીને બતાવી તે અતુલનીય છે. ગુરુદેવે લખ્યું છે-"અમારી તપશ્ચર્યાનો ઉદ્દેશ એ છે કે સંસારના દરેક દેશમાં જન-જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અનેક ભાગીદારોનું સૃજન કરવાનું છે. નવ નિર્માણના ઉદયવાળા નેતૃત્વ માટે પડદા પાછળ આપણે જરૂરી શક્તિ તથા પરિસ્થિતિઓ ઉત્પન્ન કરીશું. આપણે આગળના દિવસોમાં જે અગ્નિમાં તપીશું તેની ગરમીનો અસંખ્ય જાગૃત આત્માઓ અનુભવ કરશે. લોકસેવીઓની એક એવી ઊચ્ચ ચતુરંગિણી સેના ઊભી કરવાની છે, જે અસંભવને સંભવ બનાવી દે. નરકને સ્વર્ગમાં ફેરવી દે. આ આપણા જ્વલંત જીવન ક્રમનો અંતિમ ચમત્કાર હશે."

ઉપરોક્ત વિચારોથી જે આગ નીકળતી દેખાય છે, તેના તાપનો આપણે સૌ અનુભવ કરી શકીએ છીએ. આપણને જો તેમના શિષ્ય થવાની, જાગૃત આત્માના રૂપમાં અનુભૂતિ થાય છે તો આપણે પણ પોતાને તે ચતુરંગિણી સેનાનું એક અંગ માની સાધકના રૂપમાં તૈયારી પ્રસ્તુત કરી આ સુવર્ણ જયંતી વર્ષથી પોતાની સાધના વધુ ઊચ્ચ સ્તરે આરંભ કરી દેવી જોઈએ. આપણે ભાવુક તો છીએ, પણ ભાવનાશીલ નહીં. સમર્પણમાં કયાંક ખોટ છે. આપણે તેમનાથી જોડાયા તો છીએ, પણ તેમણે બતાવેલ રાજમાર્ગ પર ચાલવાના બદલે કયારેક-કયારેક ડગમગ થઈ જઈએ છીએ. પરમ વંદનીયા માતાજીનો પ્યાર તો મેળવ્યો છે, પણ આપણે તેનું નિત્ય સ્મરણ નથી કરી શકતા. જો મહાપ્રયાણના દિવસે આપણે પોતાની સંકલ્પ શક્તિને પ્રચંડ ગતિ આપી શકીએ તો પોતાને એક વિનમ્ર સાધકના રૂપમાં સમજવા જોઈએ. આપણા અને ગુરુ સત્તાના વચ્ચે આદાન-પ્રદાનના ક્રમમાં કયાંક થોડા પ્રવાહમાં અવરોધ થયો હતો તે હવે ઠીક થઈ જીવનક્રમ સાચી દિશામાં ચાલ્યો. આ સંદેશ આપણા માટે છે. દરેક કાર્યકર્ત્તા માટે, દરેક પરિજન માટે, અનુદાન પામેલ દરેક વ્યક્તિ માટે, માતાજીના વાત્સલ્ય ભાવનું પયપાન કરી તેમની શક્તિને ગ્રહણ કરનારાને આજનો શક્તિ દિવસ, સંકલ્પ સાધના દિવસ એ જ એક પ્રેરણા આપી રહ્યો છે કે આપણે ગુરુસત્તા પ્રત્યે, આદર્શો પ્રત્યે પોતાના સમર્પણને વધુ પ્રગાઢ બનાવીએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનો સે અપની બાત

# ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી વર્ષની એક મહત્ત્વપૂર્ણ સ્થાપના

ગાયત્રી તપોભૂમિ મથુરાનું અખિલ વિશ્વ ગાયત્રી પરિવારરૂપી વિરાટ શરીરમાં તે જ સ્થાન છે, જેમ હૃદયનું હોય છે. પરમ પૂજ્ય ગુરૂદેવ ૧૯૪૧માં મથુરા આવ્યા, ૧૯૫૨માં ચોવીસ મહાપુરશ્ચરણોની સમાપ્તિ વેળાએ પોતાની સાધના સ્થળીની પસંદગી આ સ્થાનના રૂપમાં ગીતા જયંતી વખતે કરી. ૧૯૫૩ની ગાયત્રી જયંતી વખતે ગાયત્રી તપોભૂમિના નાના વિસ્તારમાં ગાયત્રી મહાશક્તિના વિગ્રહની સ્થાપના થઈ. એની સાથે જ અહીંયા એક ૧૦૮ કુંડીય યજ્ઞ પણ થયો, જેમાં પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના આરાધ્ય ગુરુ શ્રી સર્વેશ્વરાનંદજી મહારાજના નિર્દેશાનુસાર ચોવીસ મહાપુરશ્ચરણોની (દરેક ચોવીસ લાખના) પૂર્ણાહુતિ કરી. ત્રણ વર્ષ પછી નરમેધ યજ્ઞ થયો તથા ૧૯૫૮માં ૧૦૦૮ કુંડી વાજપેય સ્તરનો ગાયત્રી મહાયજ્ઞ થવા સાથે ગાયત્રી પરિવારનું એક વિરાટ સંગઠન સાધનાની ધરી પર બનીને ઉભું થયું.

કાર્યક્રમ) નો પ્રચાર-પ્રસાર પૂજ્યવરના હિમાલયથી પાછા આવ્યા પછી કરવામાં આવ્યો. ગાયત્રી મંદિરની સામે આવેલ યજ્ઞશાળા સાક્ષી છે અખંડ અગ્નિમાં ભારત તથા વિદેશના અનેક સાધકોના સંકલ્પોની ભાવપૂર્ણ આહુતિઓ અપાઈ. આ અખંડ અગ્નિ ત્રિયુગી નારાયણ (કેદાર ક્ષેત્ર હિમાલય) થી લાવ્યા હતા. શિવ-પાર્વતી વિવાહ સમયથી સતત પ્રજ્વલિત આ દિવ્ય અગ્નિનું કેટલું મહત્વ છે. એ શબ્દોમાં નથી લખી શકાતું.

૧૯૪૧ થી ૧૯૭૧ સુધી હિમાલય માટે વિદાય લેતા પહેલાં ત્રીસ વર્ષ સુધીનો એક લાંબો સમય પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા પાવન તીર્થનગરી મથુરામાં એક કર્મભૂમિના રૂપમાં પસાર થયો. એમાં પણ ૧૯૫૨થી ૧૯૭૧ સુધીનો વીસ વર્ષોના સમયનો દરેક શ્વાસ, ગાયત્રી તપોભૂમિ માટે વીતાવ્યો. લગભગ આટલો જ સમય (૧૯૭૧ થી ૧૯૯૦) તે શાંતિકુંજ હરિદ્વારમાં પણ રહ્યા. આ રીતે તેમની જીવન યાત્રા એક સુનિયોજિત ક્રમમાં વહેંચાયેલી નજરમાં આવે છે.

## પૂરું ભારત જ તપોભૂમિ બને, આ જ એક સંકલ્પ છે.

**તપઃસ્થળીનું વિશેષ સ્થાન :** પરમ વંદનીયા માતાજીએ આ સ્થાનની એક સાધિકા, સર્વપ્રથમ શિષ્યાના રૂપમાં આ સંગઠનનાં પ્રથમ સદસ્ય બનવાનું સૌભાગ્ય મેળવ્યું તથા બાદમાં તેમણે અખંડ જ્યોતિ સંસ્થાનમાં 'અખંડ જ્યોતિ' પત્રિકાના સંપાદનની સાથે-સાથે આ વિરાટ પરિવારના સહસંરક્ષકની ભૂમિકા પણ નિભાવી. આમ તો ઋષિયુગ્મનું નિવાસ અખંડ જ્યોતિ સંસ્થાન ઘીયામંડી, મથુરા (૧૯૪૧થી અત્યાર સુધી આ પત્રિકાનું પ્રકાશન કેન્દ્ર) જ હતું, પણ હંમેશા બંને ગાયત્રી તપોભૂમિ આવતા હતા તથા નિયમિત ચાલનારા સત્રોમાં સાધકોનું માર્ગદર્શન કરતા હતા. આ રીતે ગુરુસત્તાની ચરણરજથી આ આખું ક્ષેત્ર, તેનો કણે-કણ ઊર્જાવાન બન્યો છે.

ગાયત્રી મહાવિજ્ઞાનથી લઈને વેદ-પુરાણ-ઉપનિષદ-સ્મૃતિ-યોગવસિષ્ઠ-તંત્ર મહાવિજ્ઞાન આદિ ગ્રંથોના ભાષ્ય-લેખન-મુદ્રણ અહીંયા થયા છે. તે આ પાવન ભૂમિ છે, જ્યાં યુગ નિર્માણ યોજનાના શતસૂત્રી કાર્યક્રમો તથા નવયુગના જાહેર પત્રના રૂપમાં સત્સંકલ્પ (૧૮ સૂત્રી કાર્યક્રમ) ...

**સ્થાપનાની સુવર્ણ જયંતીનું વર્ષ :** હવે આ પ્રાણવાન સ્થાપનાને, ગાયત્રી તપોભૂમિના નિર્માણને પચાસ વર્ષ આ વર્ષે પૂરા થશે. આ એક મહત્ત્વપૂર્ણ સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ છે, જે ગાયત્રી જયંતી ૨૦૦૨થી ગાયત્રી જયંતી ૨૦૦૩ (૧૦ જૂન) સુધી આખા ભારતમાં ઉલ્લાસ સાથે મનાવાઈ રહ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવ તથા પરમ વંદનીયા માતાજી પછી જે વિશેષ તપસ્વીઓ દ્વારા આ પાવન તપોભૂમિને વિસ્તાર આપવામાં યોગદાન રહ્યું છે, એમાં શ્રધ્ધેય પં. લીલાપત શર્માનું નામ હંમેશા યાદ કરાશે. ૧૯૧૨માં ભરતપુર જિલ્લામાં જન્મેલ પંડિતજી પૂર્ણરૂપે ૧૯૬૭ માં મથુરા આવી ગયા હતા તથા તેમને ત્યાંનો વ્યવસ્થાપકનો કાર્યભાર પૂજ્યવર દ્વારા સોંપાયો હતો. ૧૯૭૧માં ઋષિયુગ્મ પરમ પૂજ્ય ગુરુદેવ તથા પરમ વંદનીયા માતાજીના હરિદ્વાર આગમન સાથે જ પંડિતજીએ ગુરુસત્તાની પાદુકાઓ ગાયત્રી માતાના મંદિરની બંને બાજુએ રાખી. તેમના ચિત્ર સ્થાપિત કરી આ પાછલા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૩૨ વર્ષોમાં જે રૂપ તથા આકાર તપોભૂમિને આપ્યો છે તે બધા જાણે છે. જેવી કે ભગવત્ સત્તાની ઈચ્છા હતી, ૨૦૦૨ ના મે સુધી ૯૦ વર્ષની એક પુણ્ય-પરમાર્થ ભરી જિંદગી જીવી પંડિતજીને ૧૪ મે ના સવારે ગુરુસત્તાએ પોતાની પાસે બોલાવી લીધા.

શ્વાસે-શ્વાસે ગુરુસત્તા સાથે જીવનાર પંડિતજીનું જીવન ભાઈ હનુમાનપ્રસાદ પોદ્દારની જેમ એક સમર્પિત પ્રભુ ભક્તનું રહ્યું. તેમની જ ઈચ્છાનુસાર ગાયત્રી તપોભૂમિમાં ગાયત્રી મંદિરની બંને બાજુ તેમની આરાધ્ય સત્તાની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી રહી છે. પોતાના નવેમ્બર ૨૦૦૧ના ગુજરાત પ્રવાસના પહેલાં તે સ્વયં, સતીશજી (શ્રી મૃત્યુંજય શર્મા) ને લઈ જયપુર બે વાર ગયા તથા મૂર્તિઓના નિર્માણનું માર્ગદર્શન કરી આવ્યા. સમય-સમયે પ્રતિનિધિગણ કાર્યની પ્રગતિ જોતાં રહ્યા. હવે તે મૂર્તિઓ બનીને તૈયાર છે તથા જેવી કે શ્રધ્ધેય પંડિતજીની હાર્દિક ઈચ્છા હતી, તેમની સ્થાપના આ સુવર્ણ જયંતી વર્ષમાં ગાયત્રી તપોભૂમિમાં કરવામાં આવી રહી છે. પરમપૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યજીની સાડા ત્રણ ફૂટ ઊંચી બેઠકવાળી પ્રતિમા આદ્યશક્તિ ગાયત્રીની જમણી બાજુ તથા પરમ વંદનીયા માતા ભગવતી દેવીની ત્રણ ફૂટ બેઠકવાળી પ્રતિમા ડાબી બાજુ પ્રતિષ્ઠિત થશે. એક નાના સમારોહ તથા કર્મકાંડ સાથે આ સ્થાપના શરદ પૂર્ણિમા ૨૧ ઓકટોબરના સવારે કરવામાં આવશે. કેમકે સૂક્ષ્મ તથા કારણમાં સ્થિત, મા ગાયત્રીમાં વિલીન તથા અખિલ બ્રહ્માંડમાં વ્યાપેલ ગુરુસત્તા આપણી આસપાસમાં વિદ્યમાન છે, તેથી પ્રાણ પ્રતિષ્ઠા જેવું કોઈ કર્મકાંડ કરવામાં આવી રહ્યું નથી.

**ભૂમિ સ્થાપના કાર્યક્રમ તથા મહત્ત્વપૂર્ણ નિર્દેશ :**

પરમ પૂજ્ય ગુરુદેવનો હંમેશા એ નિર્દેશ રહ્યો છે કે તેમની સત્તા સજલ-શ્રધ્ધા પ્રખર-પ્રજ્ઞાના રૂપમાં દેવાત્મા હિમાલય તથા સ્મૃતિ ઉપવનના રૂપમાં, અખંડ દીપકની દિવ્ય જ્યોતિના રૂપમાં તથા તેમના દ્વારા લખાયેલ વિચારોના રૂપમાં , તેમના સાહિત્યમાં જ સદાય મોજૂદ રહેશે. તેથી કોઈ પણ એવું ન વિચારે કે અનુકરણ કરી અમે પણ એવી મૂર્તિઓની સ્થાપના અમારે ત્યાં કરીએ. એનાથી ગુરુસત્તાના નિર્દેશોની અવગણના થશે તથા તેમના જ્ઞાનયજ્ઞ અભિયાનમાં ખલેલ પડશે. જે કાર્ય પ્રાથમિક સ્તરે કરવાનું છે તથા યુગ પરિવર્તન માટે જેની ખૂબ જરૂર છે, તેમાં વિઘ્ન આવશે. આ સુવર્ણ જયંતી વર્ષમાં તેથી દરેક પરિજનને એ કહેવામાં આવી રહ્યું છે કે સાધકોની સંખ્યા વધારે મંત્ર લેખન અભિયાન પર ભાર આપે, પત્રિકાઓના પાઠકોની સંખ્યામાં અભિવૃધ્ધિ કરે.

**કાર્યક્રમ સંબંધી કેટલીક શરતો :**

(૧) જે ગાયત્રી મહામંત્રલેખન અભિયાનને વધુ ગતિ આપે. ઓછામાં ઓછી સો મંત્રલેખન બુકો પ્રત્યેક માસે, આ રીતે ગાયત્રી જયંતી ૨૦૦૩ સુધી એક હજાર બુકો અનેક પરિજનોથી લખાવી શકે તે વિરાટ તપમાં ભાગીદાર બનશે.

(૨) જે આપણી ચારેય પત્રિકાઓ-માસિક અખંડ જ્યોતિ (હિંદી, બંગાળી, અંગ્રેજી) યુગ નિર્માણ યોજના, યુગ શક્તિ ગાયત્રી તથા પ્રજ્ઞા અભિયાન પાક્ષિકના ઓછામાં ઓછા પચાસ ગ્રાહકો વધારી શકે. આજની સંખ્યા કરતાં વધુનો સંકલ્પ હોય.

(૩) જે સાધના, શિક્ષા, સ્વાસ્થ્ય, સ્વાવલંબન, કુરીતિ નિવારણ, નશા નિવારણ, પર્યાવરણ સંવર્ધન તથા નારી જાગરણમાંથી કોઈ પણ બે ને પૂર્ણ ગતિ આપી શકે જેથી ક્ષેત્રમાં એની ખ્યાતિ થાય.

(૪) જે ઓછામાં ઓછા ત્રણ મહિના ક્ષેત્ર કે કેન્દ્રમાં શાંતિકુંજના માર્ગદર્શન અનુસાર સમય આપી શકતા હોય, તેમનું નિયોજન શપથપૂર્વક કરી શકવાની સ્થિતિમાં હોવ.

જે પણ ઉપર્યુક્ત શરતોનું પાલન કરી શકતા હોય, એવા ખાસ-શપથ લેનારા પ્રાણવાનોને સુવર્ણ જયંતી સમારોહના મૂર્તિ સ્થાપના કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવે છે. તેમની કુલ સંખ્યા ૧૦ થી ૧૫ હજારની અંકાઈ રહી છે, કેમકે શરતો બહુ કપરી છે તથા તેનું પાલન ખૂબ જરૂરી છે. જે ન આવી શકે તે પોતાના સ્થાન પર શક્તિપીઠો-પ્રજ્ઞામંડળોમાં શરદ પૂર્ણિમાનો સંકલ્પ દીપયજ્ઞ કરશે. સુવર્ણ જયંતી વર્ષ એક વર્ષ સુધી ચાલશે. તેથી દર્શનાર્થી વર્ષમાં ગમે ત્યારે આવી દર્શન લાભ લઈ શકે છે એ ત્રણ દિવસ તો એમના માટે છે, જે શપથ લેવા આવી રહ્યા છે, આશા જ નહીં, પૂરો વિશ્વાસ છે કે આ એક વર્ષમાં અમે ગાયત્રી તપોભૂમિની તપ-ઊર્જાને સમસ્ત ભારત ભૂમિમાં વિખેરવામાં સફળ થઈ શકીશું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાત આંદોલનોની એકરૂપતા હવે જન-જન સુધી પહોંચે

ક્રાંતિઓ રેલ્વેના ડબ્બાની જેમ આગળ દિવસોમાં આવશે તથા જોત-જોતામાં જમાનાને બદલી નાંખશે, એ પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતાં. નિશ્ચિત વિચાર ક્રાંતિ અભિયાન આ યુગનો વિશેષ મહાપુરુષાર્થ છે, જે હવે આ દશકમાં પોતાની પૂર્ણતાએ પહોંચતો નજરે પડે છે. પૂજ્યવર કહેતા રહેતા કે પહેલાં ક્રાંતિ દિલોમાં, ચિંતન-ચેતનામાં આવે છે, પછી તે સમાજ પર છવાય છે. તેથી તેમણે સૌથી શ્રેષ્ઠ પ્રાથમિકતા જન-જનના ચિંતનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાને આપી, એ નિમિત્તે અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના, યુગ શક્તિ ગાયત્રી પત્રિકા તથા નાના-નાના રચના ધર્મી સાહિત્યના નિર્માણને પ્રાથમિકતા આપી. જેની સાથે તેમણે શતસૂત્રી યુગ નિર્માણ યોજનાના સશક્ત કાર્યક્રમ પણ આપ્યા. આ બધાનો સાર શાંતિકુંજ દ્વારા જાહેર સાત આંદોલનો તથા ગાયત્રી તપોભૂમિ, મથુરા દ્વારા નિર્દેશિત સપ્ત ક્રાંતિઓમાં આવી જાય છે તે પોત-પોતાની રીતે સમગ્ર છે તથા રાષ્ટ્રના પુનઃનિર્માણની એક પ્રકારે બ્લૂ પ્રીન્ટ છે.

કેટલાય પરિજનોના મનમાં એ સવાલ ઉદ્ભવી શકે છે કે સપ્ત ક્રાંતિઓ તથા આંદોલન શું અલગ-અલગ છે ? નામ અલગ-અલગ હોવાથી લાગે છે કે બંને સંસ્થાઓ દ્વારા બે અલગ-અલગ કાર્યક્રમ આપવામાં આવ્યા છે. આ તો એક ભ્રમ છે. જો તત્ત્વ દૃષ્ટિએ જોઈએ તો પણ થશે કે પૂજ્યવરના વિચાર સાતેય આંદોલનો એક રૂપતાના ભાવથી પ્રકટ થાય છે. શબ્દોની હેર-ફેર થઈ શકે છે, પણ હવે આ સુવર્ણ જયંતી વર્ષ-સંગઠન સશક્તીકરણ વર્ષમાં આપણો એ જ પ્રયાસ હોવો જોઈએ કે એમની એકરૂપતાવાળું સમગ્ર નવ નિર્માણનું અભિયાન જન-જન સુધી પહોંચે. એ આંદોલન પરિપૂર્ણ વિસ્તાર પામે તથા તેના માધ્યમથી ધર્મતંત્રની રચનાત્મક ભૂમિકા સ્પષ્ટ દૃષ્ટિગોચર થવા લાગે.

ગાયત્રી તપોભૂમિ દ્વારા જાહેર કાર્યક્રમ છે-આસ્તિકતા સંવર્ધન, સ્વાસ્થ્ય સંવર્ધન, નારી જાગરણ, વ્યસન મુક્તિ, કુરીતિનો વિરોધ, વિવાહમાં ઠાઠ-માઠનો વિરોધ તથા દુષ્પ્રવૃત્તિ દૂર કરવી, સત્પ્રવૃત્તિ સંવર્ધન. શાંતિકુંજ દ્વારા જાહેર આંદોલન (દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની ફૈકલ્ટીજ પણ.) છે.-સાધના, સ્વાસ્થ્ય, શિક્ષા, સ્વાવલંબન, પર્યાવરણ જાગૃતિ, મહિલા જાગરણ તથા વ્યસન મુક્તિ-કુરીતિનો વિરોધ. જોવામાં નામ અલગ-અલગ લાગે છે, પણ એમાં કોઈ ફરક નથી. આ બાબત દરેક પરિજન સમજી શકે છે.

વાસ્તવમાં આ બધા કાર્યક્રમ બંને કેન્દ્રો દ્વારા પત્રિકાઓના માધ્યમથી છેલ્લા પાંચ વર્ષોથી ચાલી રહ્યા હતા, પણ હવે તેની એકરૂપતા બનાવી દીધી છે. જૂન ૨૦૦૨ની યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના પેજ નં. ૭-૮માં આ અંગે બતાવ્યું હતું. સાત આંદોલનોમાં ત્રણેય જોડી લેશો-પર્યાવરણ, સ્વાવલંબન તથા શિક્ષા, પરંતુ ચલણમાં ન રહે એવા નથી. શાંતિકુંજના કુરીતિ વિરોધ કાર્યક્રમમાં જ્યાં દુષ્પ્રવૃત્તિ દૂર કરો તથા ઠાઠ-માઠી વિવાહોનો વિરોધ જેવા આંદોલન આવી જાય છે, ત્યાં તપોભૂમિના આસ્તિકતા સંવર્ધનમાં શાંતિકુંજનું સાધના આંદોલન આવી જાય છે. શિક્ષા, સ્વાવલંબન તથા પર્યાવરણ તો યુગ નિર્માણ વિદ્યાલય-પત્રાચાર પ્રશિક્ષણના રૂપમાં તપોભૂમિથી ચલાવી જ રહ્યા હતા. હવે એક સ્વરે આ આંદોલનનું સ્વરૂપ સમજી લઈશું તો ઠીક રહેશે.

**(૧) સાધના આંદોલન :** એમાં આસ્તિકતા સંવર્ધનની સાથે-સાથે બધા માટે ઉજ્જ્વળ ભવિષ્યની પ્રાર્થના, સર્વ સુલભ સાધના પધ્ધતિના વિસ્તારની વાત આવી જાય છે. ગાયત્રી મહામંત્રલેખન અભિયાન પણ આમાં આવી જાય છે. આ આંદોલનના વિષયમાં પુસ્તક છે. "સબ કે લિયે સુલભ ઉપાસના-સાધના."

**સૂચના :**

જેમની પાસે જૂનું અથવા ૩૦ વર્ષ પહેલાનું 'આયુર્વેદ અંગેનું સાહિત્ય હોય અને ધર્માર્થે તેનો સદ્ઉપયોગ કરવાની ઇચ્છા હોય તેઓ ગ્રંથના નામ પ્રકાશન તારીખ, વર્ષની વિગત સાથે કુલપતિશ્રી દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વારના સરનામે પત્રાચાર કરે.' 'સંસ્કૃતિ શોધ સંબંધી' કોઈ સાહિત્ય, પત્રિકા હોય તેનું પણ સ્વાગત છે. આવા ભાવપૂર્ણ સહયોગ માટે વિશ્વ વિદ્યાલયના ઈતિહાસમાં તેમનું નામ અંકિત રહેશે.

**(૨) સ્વાસ્થ્ય આંદોલન :** મૂળરૂપે સ્વાસ્થ્ય સંવર્ધન કાર્યક્રમ, જેમાં લાઠી વ્યાયામ, યોગનો રોજના જીવનમાં પ્રયોગ, જડી-બૂટી ચિકિત્સાના વિભિન્ન પ્રયોગ-ઉપચાર તથા ઠેર-ઠેર ચિકિત્સા કેમ્પસનું આયોજન તથા એવી બધી સંસ્થાઓથી પારસ્પરિક સંપર્ક આવી જાય છે, જે સ્વાસ્થ્ય સંવર્ધનના કાર્યમાં લાગી છે. એમાં પીડા નિવારણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સેવા પણ છે તથા રાષ્ટ્રના નાગરિકોને અશક્તિથી દૂર હટાવી સશક્ત-સ્વસ્થ બનાવવાનો સંકલ્પ પણ છે. આ વિષય પર પણ પ્રજ્ઞા અભિયાનનું યોગ વ્યાયામ તથા જડી-બૂટી સંદર્શિકા જેવી ચોપડીઓ તથા નાની-નાની પ્રેરણાપ્રદ પુસ્તિકાઓ તપોભૂમિમાં છે.

(૩) શિક્ષા આંદોલન : આ મૂળ કિંમતના આધારે શિક્ષાના વિસ્તાર પર આધારિત કાર્યક્રમ છે. બાળ સંસ્કાર શાળાઓથી લઈ વિદ્યાલયોમાં નૈતિક શિક્ષાનો પ્રવેશ, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાથી લઈ પત્રાચાર પાઠ્યક્રમ તથા કામકાજી વિદ્યાલય એની કાર્ય યોજનામાં આવી જાય છે. પાછલા દિવસોમાં હરિદ્વારમાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય આરંભ થયું છે, જે શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ, શાંતિકુંજ દ્વારા સંચાલિત છે. તેના દ્વારા પણ શિક્ષા તથા વિદ્યાના સાર્થક સમાંતર પ્રયોગોનો ક્રમ આગળના દિવસોમાં ચાલશે. નૈતિક શિક્ષા (બે ભાગમાં) સંસ્કૃતિ મંડળોની સ્થાપના, શિક્ષા સંદર્શિકા, છાત્રોમાં નૈતિક વિકાસની કાર્ય યોજના જેવી કેટલીક પુસ્તિકાઓ હાજર છે.

(૪) સ્વાવલંબન આંદોલન : આદર્શ ગામોનું-ગામ-તીર્થોનું નિર્માણ થાય, ગૌ કેન્દ્રિત અર્થ વ્યવસ્થાનો વિકાસ થાય તથા સ્વદેશી-સ્વાવલંબનના વિભિન્ન પ્રયોગ ઉપચારોનો જન-જનમાં વિસ્તાર થાય જેથી બેરોજગારી દૂર થઈ શકે, અમારી યુવા શક્તિની હતાશા દૂર થાય, એ માટે આ આંદોલન છે "ગ્રામોત્થાન કી ઓર, જયતિ જય ગૌ માતા" આદિ કેટલીક પુસ્તકો અહીંયા છે.

(૫) વ્યસન મુક્તિ-કુરીતિ વિરોધી આંદોલન : આમ તો આ બે છે પણ તેને એક સાથે પણ યુવા શક્તિ નારી શક્તિ દ્વારા ચલાવી શકાય છે. નશા નિવારણ તથા દહેજથી લઈ સામાજિક બધી દુષ્પ્રવૃત્તિઓ-કુરીતિઓ સામે મોરચો આમાં આવી જાય છે. તપોભૂમિ મથુરા દ્વારા આ ક્રમમાં કેટલીક નાની-નાની પુસ્તકો કાઢવામાં આવી છે. નશા નિવારણ રેલીથી લઈ સંઘર્ષાત્મક પ્રતિરોધના કેટલાક આંદોલન પૂરા ભારતમાં ઊભા થાય છે. એનું પરિણામ છે કે હમણાં મોટા પ્રાંતોમાં ગુટખા-તમાકુ પર નિષેધ લાગી ગયો છે. રાષ્ટ્ર વ્યસનથી બચશે, ત્યારે તો સૃજનમાં લાગશે, આ મૂળમંત્ર લઈ યુવા શક્તિને એક આદર્શ ભારત બનાવવા માટે પ્રેરિત કરવા એનો મૂળ ઉદ્દેશ્ય છે.

(૬) પર્યાવરણ આંદોલન : શહેરીકરણથી વન કપાયા છે તથા આપણા સ્થૂળ તથા સૂક્ષ્મ પર્યાવરણ પ્રદૂષિત થયા છે. ઉદ્યોગ પણ વધી રહ્યા છે, ઉપરથી બહુ પ્રજનનના કારણે બેવડો ભાર રાષ્ટ્ર પર આવી ગયો છે. બધા મળીને પર્યાવરણને ક્ષતિ પહોંચાડે છે તથા દૈવી પ્રકોપોના કારણે દુષ્કાળ, પૂર, રોગચાળો, ભૂકંપ, કરાવૃષ્ટિ જેવા સંકટોથી જન-જનને ઝઝૂમવું પડે છે. એક જ રીત છે- જગા-જગાએ સ્મૃતિ ઉપવનોની સ્થાપના, જડી-બૂટીવાળા વૃક્ષોનું આરોપણ તથા તુલસી આરોપણ એક વિશાળ આંદોલન. પર્યાવરણ વાહિની બનાવી યુવા શક્તિને આગળ વધારી શકાય છે. એના પર કેટલીક પુસ્તકો હાજર છે.

(૭) મહિલા જાગરણ : નારીને તેનો અધિકાર મળે, તેને શિક્ષા-સુરુચિ-સ્વાવલંબનનો આધાર મળે તથા અડધી જનશક્તિ પંગુતાની, પરાવલંબનની સ્થિતિથી ઉગરે, એ જ ઉદ્દેશ્ય છે. નારી જાગરણના કાર્યક્રમ શાંતિકુંજથી સંચાલિત છે તથા તેના પર કેટલીક પુસ્તકો છે. તપોભૂમિથી પ્રકાશિત 'નારિયા દેશ કી જાગ જાયે અગર............' પુસ્તક આ આંદોલનની માર્ગદર્શિકા છે.

આ રીતે કહેવાના તો સાત, આઠ તેમજ દસ પણ થઈ શકે પણ મૂળ સાત જ કાર્યક્રમ છે, જે બંને સંસ્થાઓએ મળીને નક્કી કર્યા છે. આ બધા આંદોલનોને સક્રિય કરવા માટે આખા ભારતને એક સંગઠનના સૂત્રમાં બાંધવા માટે તેને છ જોનમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પશ્ચિમમોત્તર, પૂર્વોત્તર, દક્ષિણ, મધ્ય, નેપાલ-તરાઈ તથા ગુજરાત-રાજસ્થાન. આ રીતે આ છ જોનોમાં વહેંચાયેલ ભારતના બે-બે કેન્દ્ર કુલ ૧૨ કેન્દ્ર બનાવ્યા છે, જ્યાંથી જોડાયેલ શાખાઓના કાર્યક્રમો તથા વિચાર વિમર્શનો ક્રમ આ વર્ષે શાંતિકુંજના વરિષ્ઠ કાર્યકર્તાઓ દ્વારા ચાલી રહ્યા છે. પછીથી કેન્દ્રના જ પ્રતિનિધિ આ જોનોના કેન્દ્રો પર બેસશે તથા સાહિત્ય વિસ્તાર સહિત સાતેય આંદોલનોને ગતિશીલ બનાવવાનું કાર્ય કરશે. આ પ્રક્રિયાથી આખા સંગઠનમાં એક નવો જોશ ઉભરાશે તથા આ સુવર્ણ જયંતી વર્ષમાં તપોભૂમિની ઊર્જા આખા દેશમાં પહોંચી જશે. પ્રત્યેક પરિજનો આ મહાપુરુષાર્થમાં ભાગીદારી નોંધાવી ક્રાંતિઓને વ્યક્તિ-વ્યક્તિ સુધી આત્મસાત કરાવી દેવી જોઈએ. આ જ આપણી તપોભૂમિના સંસ્થાપક ગુરુવરને શ્રેષ્ઠતમ શ્રધ્ધાંજલિ આ વર્ષ વિશેષમાં થશે.

-ડૉ. પ્રણવ પંડયા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY
REGD.No. AG/MTR-39 Licened to post without Prepayment. LICENCE-AG/MTR-01



આ મિશનના આદ્ય સંસ્થાપક
કરોડો પરિજનોનાં સંરક્ષક ઋષિયુગ્મ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.